AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
દિવાળી વેકેશન ઉમરાહ દિવસ-૧૬ સ્વાનગી ૨૬ ઓક્ટોબર ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
ઉમરાહ સ્વાનગી ૨૭ નવેમ્બર દિવસ ૧૮ રૂા.૯૦,૦૦૦ ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૭૫૩૩૩ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ-ઉમરાહ ૨૦ વર્ષના અનુભવી
દિવાળી વેકેશન સ્વાનગી : તા.૨૭,૨૮,૩૧ (20 દિવસ) ઓક્ટોબર
ડીલક્સ પેકેજ રૂા. ૯૦,૦૦૦
બદર ઝિયારત તથા તાઈફ ઝિયારત ફ્રી
બુકિંગ ચાલુ છે હજ્જ-2025
ફ્લાઈટ અહમદાબાદથી અહમદાબાદ
મૌલાના સાજીદ સિદ્ધપુર 9638929480 | ઐયુબભાઈ કરોડપોલ અહમદાબાદ 9825442205
જાલીવાલી મસ્જિદ સામે, લાલદરવાજા પાસે, અમદાવાદ-૦૧

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૬૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

લગ્ન પ્રસંગને અનુરૂપ બ્રાઈડલ - પાર્ટીવેર - ડીઝાઈનર
અનુપમ®
2000/- થી શરૂ
લાચા - શરારા - પેપલોન
ચણિયા ચોળી - ફેન્સી સાડી
ચણિયા ચોળી - શરારા માંથી ગાઉન બનાવી આપવામાં આવશે.
ગોળગલી, ઢાલગરવાડ, અમદાવાદ. 9537867979 - 6357575730

# કોલકાતા : સગીરાનો મૃતદેહ મળતાં લોકો તોફાને ચડયા : પોલીસની નિષ્ક્રિયતાની ટીકા

## તળાવમાંથી આઠ વર્ષની બાળાનો મૃતદેહ મળી આવ્યાં બાદ જોયનગર પોલીસ મથકને સેંકડો ગ્રામજનોએ ઘેરાવ કર્યો દુષ્કર્મ બાદ બાળાની હત્યા કરાયાની લોકોને શંકા

(એજન્સી) તા.૫

પશ્ચિમ બંગાળમાં મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. કોલકાતાની હોસ્પિટલમાં મહિલા ડોક્ટર સાથેની ઘટના બાદ પણ સ્થિતિમાં સુધારો થયો નથી. મહિલાઓ સાથેની ક્રૂરતાની તસવીરો દરરોજ સામે આવી રહી છે. કોલકાતાની ઘટનાના થોડા કલાકો બાદ એક મહિલાનો મૃતદેહ મળ્યો હતો અને હવે ફરી એક વખત એક બાળકીનો મૃતદેહ નહેરમાંથી મળી આવ્યો છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક બાળકીનો મૃતદેહ મળ્યા બાદ તણાવ ફેલાયો છે. બાળકીનો મૃતદેહ મળ્યા બાદ પોલીસે તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને માનવામાં આવી રહ્યું છે કે બાળકી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને બાદમાં તેની હત્યા કરીને તેને કેનાલમાં ફેંકી દેવામાં આવી હતી. આ સમાચાર આવ્યા પછી, મહિલા જે સમુદાયની હતી તેમાં વ્યાપક ગુસ્સો અને અશાંતિ ફેલાઈ ગઈ હતી. ગુસ્સે ભરાયેલા લોકો દેખાવો કરવા લાગ્યા હતા અને સ્થિતિ બેકાબૂ થતાં પોલીસ સ્ટેશનને



આગચંપી કરી દેવામાં આવી હતી. અહેવાલો અનુસાર, બાળકી ટ્યુશન ક્લાસમાંથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે તે ગુમ થઈ ગઈ હતી. તેના પરિવારજનોએ ભારે ચિંતામાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જો કે, તેણે આરોપ લગાવ્યો કે મદદ મેળવવાને બદલે તેને પોલીસ તરફથી હેરાનગતિનો સામનો કરવો પડ્યો. આજે સવારે બાળકીનો મૃતદેહ મળી આવતાં સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને ઘટના અંગે રોષ વ્યક્ત કર્યો હતો. તેણે પોલીસ પર સમયસર પગલાં લેવામાં નિષ્ફળ જવાનો આરોપ મૂક્યો, જેના કારણે તેનું દુઃખદ પરિણામ આવ્યું. કેટલાક વીડિયો ઓનલાઈન સામે આવ્યા છે જેમાં ગ્રામીણોનું એક જૂથ, જેમાં મોટાભાગની મહિલાઓ હતી, લાકડીઓ લઈને રસ્તા પર વિરોધ કરતા જોવા મળ્યા હતા અને આરોપીઓ સામે કાર્યવાહીની માગણી કરી હતી. અન્ય એક વીડિયોમાં પોલીસે સમયસર ફરિયાદ ન નોંધાવ્યા પછી સ્થાનિકો આસપાસના અને અધિકારીઓનો સામનો કરતા બતાવે છે. એક વીડિયોમાં ગ્રામજનો પોલીસ અધિકારીઓ સાથે અથડામણ કરતા, લાકડીઓ વડે પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરતા અને પથ્થરમારો કરતા જોવા મળે છે. રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ બાઈક અને અન્ય જાહેર મિલકતો પણ તોડી નાખી હતી. સમુદાય હવે કેસની સંપૂર્ણ તપાસ અને પીડિતાને ન્યાયની માંગ કરી રહ્યો છે. પોલીસને આ જઘન્ય અપરાધ માટે જવાબદારો સામે તાત્કાલિક પગલાં લેવા અને ભવિષ્યમાં આવી ગંભીર ઘટનાઓ સામે તેમની પ્રતિક્રિયા સુધારવા તાકીદ કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના કોલકાતાની આરજી કર હોસ્પિટલમાં નિર્દયતાનો શિકાર બનેલા તાલીમાર્થી ડૉક્ટરનો મામલો હજુ ઉકેલાયો નથી. આ ઘટના સામે તબીબો હજુ પણ અડગ છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણામાંથી વધુ એક ડરામણો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સગીર બાળકીનો મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં તણાવ છે. કુલતાલીના મહિષમરી હાટને અડીને આવેલા કૃપાખાલી વિસ્તારમાં, કેટલાક બદમાશોએ દસ વર્ષની સગીર બાળકી પર બળાત્કાર કર્યો અને તેને નહેરમાં ફેંકી દીધી. પરિવારનો આરોપ છે કે જ્યારે તેઓ બાળકીના ગુમ થવાની ફરિયાદ નોંધાવવા કુલતાલી સ્થિત મહિષામરી પોલીસ ચોકી પર ગયા ત્યારે પોલીસે તેમને હેરાન કર્યા. ત્યારબાદ આજે સવારે જ્યારે બાળકીનો મૃતદેહ મળ્યો ત્યારે આ ઘટનાને લઈને વિસ્તારના લોકો રોષે ભરાયા હતા. રોષે ભરાયેલા ટોળાએ પોલીસ ચોકીમાં તોડફોડ કરી હતી. લોકોના ટોળાએ આ દરમિયાન પોલીસ સ્ટેશનને આગચાંપી દીધી હતી.

## પુણેમાં વધુ એક જાતીય દુષણની ઘટના, મોટાભાઈની નજર સામે ત્રણ છોકરાઓ દ્વારા પાંચ વર્ષના બાળક સાથે દુષ્કર્મ

મહારાષ્ટ્રના પુણેમાં એક યુવતી પર ગેંગરેપ થયાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં તો આવી વધુ એક ઘટના બની છે અને આ વખતે ભોગ બનનાર માત્ર પાંચ વર્ષની વયનો એક બાળક છે. પોલીસમાં જાહેર થયા મુજબ શુક્રવારે ત્રણ છોકરાઓએ અશ્લીલ વીડિયો બતાવીને પાંચ વર્ષના એક બાળક સાથે દુષ્કર્મ કર્યું હતું. બાળક પોતાની સોસાયટીમાં રમી રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી અને તપાસમાં એવું જાહેર થયું છે કે આ બનાવ બન્યો ત્યારે બાળકનો મોટો ભાઈ પણ હાજર હતો. પોલીસે ગુનો નોંધીને ત્રણેય છોકરાની અટકાયત કરી લીધી છે.

## બંગાળમાં સ્થિતિ બગડી, બેકાબૂ ભીડે પોલીસ સ્ટેશનને બાનમાં લીધું, આગચંપી અને તોડફોડ કરી

(એજન્સી) તા.૫

પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર બબાલની સ્થિતિ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ૨૪ પરગણામાં એક સગીરની હત્યાને લઈને તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે. ગુસ્સે ભરાયેલા લોકો પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા અને માત્ર તોડફોડ જ નહીં પરંતુ આગ પણ લગાવી દીધી. આ મામલો સગીર બાળકી સાથે સામૂહિક બળાત્કાર સાથે સંબંધિત છે. પોલીસ ફરિયાદ ન નોંધવાથી લોકો નારાજ છે, જેના કારણે તેઓ પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા હતા. કુલતલી પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના ક્રિપાખલી વિસ્તારમાં ધોરણ ૪માં અભ્યાસ કરતી એક સગીર છોકરીનું ટ્યુશનથી પરત ફરતી વખતે અપહરણ કરવામાં આવ્યું હતું. સમાચાર મુજબ ગેંગરેપ બાદ તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. ગામલોકોને બાળકીની લાશ નદી કિનારે મળી હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે પોલીસ દ્વારા કોઈ ફરિયાદ નોંધવામાં આવી નથી. આથી તે ગુસ્સામાં છે અને પોલીસ સ્ટેશનમાં ઘુસી ગયો હતો અને તોડફોડ અને આગચંપી કરી હતી. સાઉથ ચોવીસ પરગણામાં તમામ સ્ત્રી-પુરૂષો બાળકી પર ગેંગરેપ અને હત્યાને કારણે ખૂબ જ ગુસ્સે છે. જ્યારે પોલીસે ફરિયાદ નોંધી ન હતી, ત્યારે તેઓએ પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરી હતી.

### ક્યા બાત હૈ ?!

નિર્દોષ છૂટેલો આરોપી પોતાના વિરૂધ્ધના પુરાવા રફેદફે કરવા બદલ સાહેબનો આભાર માનવા આવ્યો છે !



- જામી

જોઇએ છે રામોલના
નસીમ ગ્રીન્સ બંગ્લોઝ માટે
તાત્કાલીક ધોરણે ઉમેદવાર
ટેલી કોલીંગ અને માર્કેટીંગ માટે એક મહિલા
ઓફિસ કામ માટે એક પુરૂષ
યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ને આકર્ષક પગાર
વોટસએપ પર CV મોકલો અથવા સંપર્ક કરો
9979222442

કબજીયાત ?
શરીરમાં આપ મેળે પેદા થતો ઝેર...!
ઉપાય SAB Ayurved ની એરંડ ભૃષ્ટ હરડે ટેબલેટ
SHREE SHANKAR AUSHADH BHANDAR
Aerandbhrust Harde Tablet (A.B)
एरंड भृष्ट हरडे टैबलेट
sab AYURVED
રાત્રે ½ થી 1 ટેબલેટ, ગરમ પાણી સાથે
સારા પરિણામ માટે ઉપર મુજબની શ્રી શંકર ઔષધ ભંડાર (SAB Ayurved Brand) ની એરંડ ભૃષ્ટ હરડે ટેબલેટ નામ જોઇને જ ખરીદો
દરેક આયુર્વેદિક અને મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ
નકલથી સાવધાન ♦ No Side Effect
આજે જ વૈદ્યની સલાહ લો
સેટેલાઇટ : શ્રી શંકર ઔષધ ભંડાર
૨૩, સત્યમ મોલ, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે, કામેશ્વર સ્કુલ રોડ.
બુધવાર, 5-30 થી 7-30
ગુરૂવાર, શનિવાર 11-00 થી 7-00
9998020890, 8511020890
ન્યુ ગોતા : શ્રી શંકર ઔષધ ભંડાર
૨૧, ઉમા શરણમ્, પોદાર સ્કુલ પાસે, આર્યન સીટી ચાર રસ્તા, વંદેમાતરમ્ રોડ પાસે - 8511120890
દરરોજ સવારે 11 થી 1, સાંજે 6થી8
શુક્રવારે 11-00 થી 7-00

BAJAJ
સુવર્ણતક
THE WORLD'S FAVOURITE INDIAN
તહેવારોના શુભ અવસરે વસાવો બજાજ ની બાઇક
ઓછામાં ઓછુ ડાઉન પેમેન્ટ સાથે
4850/-* ડાઉન પેમેન્ટ | 5099/-* ડાઉન પેમેન્ટ | 7900/-* ડાઉન પેમેન્ટ | 8500/-* ડાઉન પેમેન્ટ | 9599/-* ડાઉન પેમેન્ટ
pulsar 125 | pulsar NS125 | pulsar 150SD | pulsar N150 | pulsar N160
આદિત્ય બજાજ
નરોડા શોરૂમ: નરોડા પાટીયા, એસ.બી.આઇ. બેંક સામે, નરોડા. મો.: 6357102424
ઓઢવ શોરૂમ: રાજેન્દ્ર પાર્ક, સ્વામિનારાયણ મંદિર સામે, મો.: 6356024243
મણીનગર શોરૂમ: આદર્શ એપાર્ટમેન્ટ, જીરાફ સર્કલની પાસે, કાંકરિયા. મો.: 6356024241
બાપુનગર શોરૂમ: દર્શન એસ્ટેટની સામે, ડી-માર્ટની બાજુમાં, બાપુનગર. મો.: 63560 24244

MBBS કરો વિદેશથી
સંપૂર્ણ દીની માહોલ સાથે
CENTRAL ASIAN INTERNATIONAL MEDICAL UNIVERSITY, (CAIMU) JALALABAD, KYRGYZSTAN
ફક્ત રૂા.22 લાખમાં તમામ ખર્ચ સહિત
Limited Time Offer • Limited Seats Available
JALALABAD STATE UNIVERSITY, (JASU) JALALABAD, KYRGYZSTAN
ફક્ત રૂા.27 લાખમાં તમામ ખર્ચ સહિત
Limited Time Offer
જેમાં પાંચ વર્ષની કોલેજ ફી, હોસ્ટેલ ફી, જમવાની ફી (ત્રણ ટાઇમ), મેડીકલ ઇન્સ્યોરન્સ, વિઝા એક્સ્ટેન્શન, લોન્ડ્રી સર્વિસ, અને પાંચ વર્ષમાં પાંચ વખત આવવા જવાની ટિકીટો તમામ ખર્ચ, આ સિવાય કોઇપણ જાતનો અન્ય ખર્ચ નથી.
Xpertise An ISO 9001-2015 Certified
India's Leading Education Consultancy
302, Span Trade Centre, Opp. Kocharab Ashram, Paldi, Ahmedabad-07 Gujarat, India.
M. : 9978265556
E.: xpertisevisa@gmail.com W.: www.caimu.edu.kg
દરેક જિલ્લામાં ફ્રેન્યાઇઝી આપવાની છે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા માટે અમૂલ્ય તક - 8460103497
Xpertise દ્વારા વિદેશના દેશો જેવા કે, Russia, Kyrgyzstan, Georgia, Ukraine, China, Philippines, Bangladesh, Kazakhstan, Uzbekistan માં ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જઇ ચૂક્યા છે.
વધુ માહિતી માટે અથવા એડમિશન મેળવવા માટે અમારો આજે જ સંપર્ક કરો : Xpertise એ ભારતની જૂનામાં જૂની વિદેશમાં MBBS ના અભ્યાસમાં એડમિશન અપાવતી, ૧૩ વર્ષનો બહોળો અનુભવ ધરાવતી પ્રખ્યાત અને ISO 9001: 2015 સર્ટિફાઇડ એજ્યુકેશન કન્સલ્ટન્સી છે.

ઊંચે લોગ, ઊંચી પસંદ®
RMD PAN MASALA
MRP ₹10 2g | MRP ₹15 3.5g
NO TOBACCO, NO NICOTINE
નવરાત્રિની હાર્દિક શુભકામનાઓ
વૈધાનિક ચેતવણી: પાન મસાલાનું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બાળકો માટે પ્રતિબંધિત.
NO TOBACCO, NO NICOTINE

# તેલંગાણા : ફાર્મસીની વિદ્યાર્થિની પર ગેંગરેપ કેસમાં ત્રણની ધરપકડ

**આ કેસ તરફ નોંધપાત્ર ધ્યાન ખેંચાયું છે અને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ હવે પોલીસ કસ્ટડીમાં છે**

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

વારંગલની બીજા વર્ષની બી ફાર્મસીની વિદ્યાર્થિની ૧૫ સપ્ટેમ્બરે બનેલી આઘાતજનક ગેંગ રેપની ઘટનાનો શિકાર બની છે. પીડિતા કે જે હોસ્ટેલમાં રહેતી બીજા વર્ષની વિદ્યાર્થિની હતી તેના પર કથિત રીતે ત્રણ પરિચિતોએ હુમલો કર્યો હતો.

**ઘટનાઓનો ક્રમ**

પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાનો ક્રમ ત્યારે શરૂ થયો જ્યારે પીડિતાના વતનનો એક પરિચિત તાતી શિવરાજ કુમારે વાત કરવાની જરૂર હોવાના બહાને તેનો સંપર્ક કર્યો. તેણે જ્યાં બે અન્ય પુરૂષો પહેલેથી જ હાજર હતા તેવી તેની સાથે કારમાં બેસવાની પ્રારંભિક અનિચ્છા હોવા છતાં તેને બળજબરીથી સાથે લઈ જવામાં આવી હતી. આ લોકો તેને વારંગલ શાક માર્કેટ પાસેની એક લોજમાં લઈ ગયા, જ્યાં તેઓએ પહેલા માળે એક રૂમ ભાડે રાખ્યો. ત્યાં, તેઓએ તેના પર હુમલો કરતા પહેલા તેને બળજબરીથી દારૂ પીવા દબાણ કર્યું. પીડિતાએ ડર અને આગામી કોલેજ પરીક્ષાઓના દબાણને કારણે તાત્કાલિક ઘટનાની જાણ કરી ન હતી. રજાઓ પર ઘરે પરત ફર્યા પછી જ તેણે તેની માતાને આ ભયાનક ઘટના વિશે જણાવ્યું.

**૧ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાઈ**

જેના પગલે માતા-પુત્રી બંનેએ ૧ ઓક્ટોબરે ઔપચારિક ફરિયાદ નોંધાવવા પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના જવાબમાં પોલીસે લોજમાંથી સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરવા સહિતની તપાસ શરૂ કરી છે. તેઓએ તેમની પૂછપરછ દરમિયાન ભેગા થયેલા પુરાવાના આધારે શિવરાજ અને તેના સાથી કોડા વિવેક અને કુચન મણિદીપની ધરપકડ કરી છે. સત્તાવાળાઓ અન્ય શકમંદની પણ શોધ કરી રહ્યા છે જે ફરાર છે.

# હરિયાણાની ચૂંટણીઓમાં મતદારોનો ઉત્સાહ, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ૬૧% જેટલું નોંધપાત્ર મતદાન

**મોદી એજન્ડા અને ભાજપની કસોટી, કોંગ્રેસને સારો દેખાવ કરવાની આશા**

(એજન્સી) ચંદીગઢ, તા.૫

ભાજપ અને કોંગ્રેસ માટે તથા અન્ય પ્રાદેશિક પક્ષો માટે ખરા-ખરીના ખેલ સમાન બનેલી હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓ માટે આજે મતદાન થયું છે અને મતદારોમાં જોરદાર ઉત્સાહ જોવા મળ્યો છે. પ્રાપ્ત અહેવાલો મુજબ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ૬૧ ટકા જેટલું નોંધપાત્ર મતદાન નોંધાયું હતું તેમ ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું. મતદાનનો છેલ્લો આંકડો મોડી રાતે જાહેર કરવામાં આવશે. વિધાનસભાની ચૂંટણીઓમાં જોરદાર પ્રચાર જંગ જોવા મળ્યો છે અને ભાજપ તથા કોંગ્રેસ વચ્ચે સીધી જોરદાર



ટક્કર થઈ છે. આ ચૂંટણીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાની પારાશીશી નક્કી કરશે અને ભાજપ સરકારની કામગીરી વિશે શું ફેસલો આવે છે એ નક્કી થશે. પણ કોંગ્રેસ સારો દેખાવ કરવાની આશા રાખી રહી છે કેમ કે કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ રાજ્યમાં જોરદાર પ્રચાર કર્યો હતો અને મતદાનના છેલ્લા દિવસ સુધી પણ રેલીને સંબોધન કર્યું હતું. સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં અંબાલામાં ૪૯%, ભિવાનીમાં ૫૦.૩૧%, ફરીદાબાદમાં ૪૧.૪૭ ટકા, ચરખી દાદરીમાં ૪૭%, ગુરૂગ્રામમાં ૩૮.૬૧%, હિસારમાં ૫૧.૨૫%, જિંદમાં ૫૩.૯૪%, કરનાલમાં ૪૯.૧૭ ટકા, કુરૂક્ષેત્રમાં ૫૨.૧૩ ટકા, મુસ્લિમ બહુમતીવાળા વિસ્તાર મેવાતમાં ૫૬.૫૯ ટકા, પલવલમાં ૫૬ ટકા, પંચકુલામાં ૪૨%, પાણીપતમાં ૪૯.૪૦ ટકા, રહેવાનીમાં ૫૦.૨૨%, રોહતકમાં ૫૦.૬૨ ટકા, સિરસામાં ૪૮.૭૮%, સોનીપત ૪૫.૮૬% અને યમુના નગરમાં ૫૬.૭૯ ટકા મતદાન થયાનું નોંધાયું હતું. ઓલિમ્પિક શૂટર મનુ ભાકરે પણ મતદાન કર્યું હતું. હરિયાણા આપના વડા સુશીલ ગુપ્તાએ મતદાન કર્યું હતું. પહેલવાન વિનેશ ફોગાટ તથા પહેલવાન બજરંગ પુનિયાએ પણ મતદાન કર્યું હતું. કોંગ્રેસ અને ભાજપ તથા આમ આદમી પાર્ટી સહિતના તમામ પક્ષોએ વિજયના સામસામા દાવા કર્યા હતા. મતદાન દરમિયાન નુહ વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવાર અને અપક્ષ ઉમેદવારના ટેકેદારો વચ્ચે અથડામણ થઈ હતી અને સામસામા ભારે પથ્થરમારો થયો હતો. કોંગ્રેસના ઉમેદવાર મુહમ્મદ ઈલિયાસ અને અપક્ષ ઉમેદવાર રહીશખાનના ટેકેદારો વચ્ચે પુન્હાના વિધાનસભા મતવિસ્તારના બૂથ પાસે અથડામણ થઈ હતી. બંને પક્ષોએ એક બૂથ પર બોગસ વોટીંગના આક્ષેપ કર્યા હતા અને ટેકેદારોએ સામસામે પથ્થરમારો કર્યો હતો. પોલીસનો મોટો કાફલો ધસી ગયો હતો અને સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આવી અન્ય કેટલીક ઘટનાઓ પણ બની હતી. લોકદળના ઉમેદવાર તાહિર હુસેન અને આફતાબ અહેમદના ટેકેદારો વચ્ચે પણ માથાકૂટ થઈ હતી અને પથ્થરમારો થયો હતો.

# હું જાણે ઓપન જેલમાં હોઉં એવી રીતે જીવન ગાળી રહ્યો છું, પત્રકાર સિદ્દીક કપ્પનની વ્યથા અને દુર્દશાની ગાથા

**જાન્યુઆરી ૨૦૨૩માં જેલની બહાર આવેલા પત્રકાર કહે છે કે જામીનની શરતો એટલી કડક છે કે હું પત્રકાર તરીકેની ફરજ નિભાવી શકતો નથી અને પરિવારનો નિભાવ કરવા માટે રોજી રોજગારી પણ મેળવી શકતો નથી, ફરીથી સુપ્રીમમાં કરી છે અરજી અને શરતો હટાવવા અરજ ગુજારી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લામાં એક ગામડામાં દલિત યુવતી પર ગેંગરેપ અને હત્યાની ઘટના અંગે રિપોર્ટિંગ માટે પોતાના અખબાર તરફથી ગયેલા મલયાલમ ભાષાના એક અખબારના પત્રકાર સિદ્દીક કપ્પનની ધરપકડ કરી લેવામાં આવી હતી અને યુપી પોલીસે UAPA હેઠળ કલમો લગાડીને ગંભીર પ્રકારના આક્ષેપો મૂકી તેમને જેલમાં નખાવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ હજુ પણ પત્રકાર પીડાદાયક સ્થિતિમાં છે અને કહે છે કે હું જાણે ઓપન જેલમાં જીવન વિતાવી રહ્યો છું એવું લાગે છે કેમકે જામીનની શરતો ખૂબ જ કડક છે. જાન્યુઆરી ૨૦૨૩માં તેઓ જેલની બહાર આવ્યા હતા પણ શરતો એટલી છે કે પત્રકાર તરીકેની પણ ફરજ બજાવી શકતા નથી અને એમનું જીવન મર્યાદિત થઈ ગયું છે પરિવાર માટે રોજી રોટી પણ મેળવવા જઈ શકતા નથી એવું પત્રકાર સિદ્દીકે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, યુપી પોલીસે મેં જે કોઈ ગુનો કર્યો નથી એવા ગુના સંબંધ મારા પર આક્ષેપો મૂકીને મને લાંબો સમય સુધી જેલમાં નખાવ્યો પણ મારા જેલવાસથી એ દલિત યુવતીને ન્યાય અપાવવામાં ખૂબ મદદ મળી અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ અહેવાલો પ્રકાશિત થયા જો કે દલિત પરિવારને પૂરો ન્યાય મળ્યો નથી પરંતુ નબળા વર્ગો અને દલિત વર્ગો તથા મહિલાઓ પરના વધતા જતા અત્યાચારોની ચર્ચા જરૂર ભારતમાં જાગી ઊઠી છે અને દેશમાં મીડિયાની સ્વતંત્રતા અંગે પણ ચર્ચા જાગી છે એ મારી ધરપકડને કારણે શક્ય બન્યું.

સિદ્દીક કહે છે કે મારી ધરપકડથી જે વિવાદ ઊભા થયા તેનાથી સામાન્ય માણસને આસાનીથી એ સમજાયું કે કઈ રીતે આ દેશમાં ગમે તે વ્યક્તિને આતંકવાદી ચિતરી દેવામાં આવે છે. મારી ધરપકડ અને કારાવાસમાં મેં પસાર કરેલા ૨૮ મહિનાની મારા અંગત જીવન પર મારા પરિવારજનો પર અને મારા કામ પર ખૂબ જ ખરાબ રીતે ઊંડી અસર થઈ છે. મારા બાળકોને માનસિક હેરાનગતિ થઈ છે અને એમનું શિક્ષણ પણ બગડ્યું છે અને મારા પરિવારની નાણાકીય સ્થિરતા પણ ખતમ થઈ ગઈ છે હજુ પણ હું આ કેસને કારણે કામ કરી શકતો નથી. મુક્ત થયા પછી બે વર્ષ થયા છે પણ કડક શરતોને કારણે હજી હું ખુલ્લી જેલમાં જીવી રહ્યો છું એવું લાગે છે. ખોટા અક્ષેપો મૂકીને યુપી પોલીસે મારી ધરપકડ કરી હતી અને સુપ્રીમ કોર્ટે પણ મને જામીન આપતી વખતે સ્પષ્ટ કહ્યું હતું કે ખોટા આક્ષેપો કરીને મને જેલમાં મોકલવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે હું માનું છું કે મીડિયાનું કામ ખૂબ પ્રમાણિકતાથી થવું જોઈએ અને સરકારનું મુખપત્ર બનવાને બદલે આમ આદમીના મુદ્દાઓ ઉઠાવવા જોઈએ. મીડિયાએ સરકારના પ્રતિનિધિ કે અંગત મદદનીશ જેમ કામ કરવું ન જોઈએ એટલે જ નાણાં ખાતર ધિક્કારનો પ્રચાર કરવો અને સરકારી હિતોને પ્રોત્સાહિત કરવાને બદલે પ્રમાણિક પત્રકારિતાને અનુસરીને જેલમાં રહેવું વધારે સારૂં છે. લોકશાહીમાં મીડિયાએ સત્તા પરના જવાબદારોની ભૂમિકા અંગે વાત કરવી જોઈએ અને એમની કામગીરી પર જ ધ્યાન આપવું જોઈએ અને આમ આદમીનું સમર્થન કરવું જોઈએ યુપી પોલીસે આતંકવાદીઓ માટે લગાડવામાં આવે છે એ કાયદા UAPA અંતર્ગત સિદ્ધિ પર કેસ કર્યા હતા અને ચાર્જશીટ મૂકીને એમને જેલમાં મોકલ્યા હતા. આ કેસને પગલે ભારતમાં અખબારી આઝાદીમાં આવી રહેલા ઘસારા અને પત્રકારો સામે થઈ રહેલા ત્રાસવાદ વિરોધી કાયદાના ઉપયોગ અંગે ચિંતાનું હવામાન વધી રહેલું જણાયું છે. આ કેસમાં આંતરરાષ્ટ્રીય હોબાળો મચી ગયા છતાં હજુ આ પત્રકારનો કાનૂની સંઘર્ષ ચાલી રહ્યો છે અને વધુને વધુ લંબાઈ રહ્યો છે. વિવિધતા લોકોમાં તેમની મુક્તિ અંગેની અરજીઓ પર હજુ સુનાવણી જ ચાલી રહી છે. આમ તો એમને સપ્ટેમ્બર ૨૦૨૨માં જામીન મળ્યા હતા પણ અનેક કેસોને કારણે લાંબો સમય જેલમાં રહેવું પડ્યું હતું. છેલ્લે જાન્યુઆરી ૨૦૨૩માં સુપ્રીમે એમને કડક શરતો પર આધીન રહીને જામીન આપ્યા હતા. આ મલયાલમ પત્રકારનો કેસ ભારતમાં સત્ય વક્તા પત્રકારો કેવા પડકારોનો સામનો કરી રહ્યા છે તેનો ખૂબ જ દાખલારૂપ અને અભ્યાસ માંગી લેતો કિસ્સો છે. તેઓ મલયાલમ ભાષાના ન્યુઝ પોર્ટલ અઝી મુખમ સાથે કામ કરી રહ્યા હતા અને અન્ય મીડિયા એપ માં પણ જોડાયેલા હતા.

# ચેન્નાઈમાં વકફ સુધારા ખરડાના વિરોધમાં યોજાઈ જંગી રેલી હજારો મુસ્લિમો જોડાયા; બિલ પાછું ખેંચી લેવાની માંગણી

(એજન્સી) ચેન્નાઈ, તા.૫

ફેડરેશન ઓફ તમિલનાડુ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશનસ અને વિવિધ રાજકીય પક્ષોના નેજા હેઠળ વકફ સુધારા ખરડાના વિરોધમાં શનિવારે એક પ્રચંડ વિરોધ રેલી યોજવામાં આવી હતી જેમાં હજારો મુસ્લિમો જોડાયા હતા અને સુધારા ખરડો પાછો ખેંચી લેવાની જોરદાર માંગણી કરવામાં આવી હતી. સૂચિત સુધારા ખરડા સામે અવાજ ઉઠાવવા માટે ઈગ્મોરના



રાજા રત્નમ સ્ટેડિયમ પાસે યોજાયેલી રેલીમાં હજારો મુસ્લિમો જોડાયા હતા. ખરડો ગેર બંધારણીય અને મુસ્લિમો સામે પક્ષપાત કરતો હોવાની સમાજમાં લાગણી છે. વિરોધ રેલીમાં જાણીતા રાજકીય અને મઝહબી આગેવાનો જોડાયા હતા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના મહામંત્રી મૌલાના બી રહીમ મુજતહોદ્દે, તેમજ અન્ય જાણીતા આલીમો અને રાજકીય નેતાઓ, રાજ્ય સભામાં ડીએમકેના નેતા કે સેલવાપેરૂંનતગાઈ તેમજ તામિલનાડુ કોંગ્રેસ પ્રમુખ થીરૂમાવલન તેમજ અન્ય આગેવાનો સીપીએમના આર સચ્ચિથાનંદમ અને સીપીઆઈના કે એ સુબારાવન જોડાયા હતા. કાલીકટની જામા મસ્જિદના પેશ ઈમામ મૌલાના હુસેન મદવુર પણ હાજર રહ્યા હતા. ઈસ્લામી સંગઠનોના વક્તાઓએ આ ખરડા અંગે ઘેરી ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી અને રેલીને સંબોધન કર્યું હતું. તમામ વક્તાઓએ એકી અવાજે ખરડાને વખોડી કાઢ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બિલને કારણે લઘુમતીઓના બંધારણીય અધિકારો જોખમમાં મુકાઈ જશે અને ખાસ કરીને મુસ્લિમોના અધિકારો પર I તરાપ આવી જશે. વકફની કબજે કરાયેલી જમીનો પર બેસી ગયેલા લોકો માટે હળવી પેનલ્ટીની જોગવાઈથી ચિંતા દર્શાવતા વક્તાઓએ કહ્યું હતું કે આવી નબળી પેનલ્ટીને કારણે વકફની જમીનો પર વધુ દબાણો થશે અને આ ખરડો બોર્ડની સત્તા અને કાર્યવાહીને નબળી બનાવી દેશે બોર્ડની સત્તા ખતમ થઈ જશે અને મુસ્લિમ સમાજ બાજુએ ધકેલાઈ જશે. ખરડો તાકીદના ધોરણે પાછો ખેંચી લેવા અને લઘુમતીના અધિકારોને માન આપવા તથા વખતની મિલક્તોના જતન અને રક્ષણ માટે પગલા લેવા એકી અવાજે રેલીમાં બુલંદ માંગણી કરવામાં આવી હતી.

# તિરૂપતિ લાડુ પર SCના ચુકાદા બાદ YSRCP ચીફ આંધ્રના મુખ્યમંત્રીએ લોકોની માફી માંગવી જોઈએ

**જગન રેડ્ડીએ જણાવ્યું હતું કે, આંધ્રના મુખ્યમંત્રી દ્વારા નિયુક્ત વિશેષ તપાસ ટીમને રદ કરીને, સુપ્રીમ કોર્ટે નાયડુની "સાચી તસવીર" તરફ ધ્યાન દોર્યું છે**

(એજન્સી) તા.૫

ટીડીપીની કેટલીક સોશિયલ મીડિયા પોસ્ટ્સ બતાવીને તેના વિરોધી પર પ્રહાર કરતાં જગને કહ્યું કે,"...જ્યારે સુપ્રીમ કોર્ટે આવી ટિપ્પણીઓ પસાર કરી છે, જો તેમની (નાયડુની) ભગવાન પ્રત્યે કોઈ ભક્તિ હોય, તો તેમણે લોકોની માફી માંગવી જોઈએ. તેમણે તિરૂમાલા વેંકટેશ્વર સ્વામીને પ્રાર્થના કરવી જોઈએ કે તેમણે ભૂલ કરી છે..." તિરૂપતિ લાડુ બનાવવામાં પશુ ચરબીના ઉપયોગના આરોપોની તપાસ કરવા માટે સ્વતંત્ર SITની રચના કરવા અંગે સુપ્રીમ કોર્ટના નિર્દેશને આવકારતા, YSRCPના વડા વાયએસ જગન મોહન રેડ્ડીએ કહ્યું કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ લોકોની માફી માંગવી જોઈએ. આંધ્રના મુખ્યમંત્રી દ્વારા નિયુક્ત વિશેષ તપાસ ટીમને રદ કરીને, સુપ્રીમ કોર્ટે નાયડુની "સાચી તસવીર" તરફ ધ્યાન દોર્યું છે, એમ તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. જગને ટીડીપીની કેટલીક સોશિયલ મીડિયા પોસ્ટ્સ બતાવીને તેના વિરોધી પર પ્રહારો કર્યા અને કહ્યું કે,"... જ્યારે સર્વોચ્ચ અદાલતે આવી ટિપ્પણીઓ પસાર કરી છે, જો તેમની (નાયડુની)ભગવાન પ્રત્યે કોઈ ભક્તિ હોય, તો તેમણે લોકોની માફી માંગવી જોઈએ. તેમણે તિરૂમાલા વેંકટેશ્વર સ્વામીને પ્રાર્થના કરવી જોઈએ કે તેમણે ભૂલ કરી છે. તેમણે તેમાંથી કોઈ કર્યું નથી. પરંતુ તેના ઉપર તેઓ (ટીડીપી) તેમના ટ્વિટર હેન્ડલ દ્વારા પોસ્ટ્સ બહાર પાડી રહ્યા છે (ખોટી માહિતી ફેલાવે છે). તેમણે વધુમાં કહ્યું કે લાડુની ભેળસેળ મુદ્દે નાયડુ દ્વારા નિયુક્ત કરાયેલી SITને સુપ્રીમ કોર્ટે પણ રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે વિશેષ તપાસ ટીમ (SIT)માં CBI અને આંધ્ર પ્રદેશ પોલીસના બે-બે અધિકારીઓ ઉપરાંત FSSAIના એક વરિષ્ઠ અધિકારીનો સમાવેશ થશે. બેંચે કહ્યું કે SIT દ્વારા તપાસ CBI ડાયરેક્ટર દ્વારા દેખરેખ રાખવામાં આવશે. ચંદ્રબાબુ નાયડુએ પણ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા SCના નિર્ણયનું સ્વાગત કર્યું.

# કોંગ્રેસે પોલીસ રેકોર્ડમાં ભાષા પ્રતિબંધને લઈને રાજસ્થાન સરકારની ટીકા કરી, તેને વિવિધતા પર હુમલો ગણાવ્યો

(એજન્સી) તા.૫

કોંગ્રેસના નેતા ઉદિત રાજે શનિવારે પોલીસ સ્ટેશનોમાં ઉર્દૂ, અરબી અને ફારસી શબ્દોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના રાજસ્થાન સરકારના નિર્ણયની ટીકા કરી અને તેને ભારતની ભાષાકીય વિવિધતા પર હુમલો કરનાર પગલું ગણાવ્યું. ભારતની બહુભાષી સંસ્કૃતિની સમૃદ્ધિ પર ભાર મૂકતા, ઉદિત રાજે ટિપ્પણી કરી, કોઈ વ્યક્તિ પોતાને આટલી સુંદર ભાષાથી વંચિત રાખે તે દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત એક વૈવિધ્યસભર રાષ્ટ્ર છે જેમાં એક ભાષાનો સમાવેશ થતો નથી. તમે ચીન જાઓ, ત્યાં એક ભાષા છે; તમે અમેરિકા જાઓ, ત્યાં એક ભાષા છે; યુરોપમાં, એક ભાષા છે. જો કે, આપણા દેશમાં ઘણી ભાષાઓ, સમુદાયો, સંસ્કૃતિઓ, ધર્મો, તહેવારો અને પરંપરાઓ છે. કોંગ્રેસના નેતાએ રાજસ્થાનમાં ભજન લાલની આગેવાનીવાળી સરકાર પર ભારતની સાંસ્કૃતિક વિવિધતાને નબળી પાડવાનો આરોપ લગાવતા કહ્યું, "તેઓ ભારતની વિવિધતા અને તેની સંસ્કૃતિની ભાવનાને મારવા માંગે છે. તેઓ આ ભૂમિની વિવિધતા અને સંસ્કૃતિની વિરૂદ્ધ જઈ રહ્યા છે." રાજસ્થાનના ગૃહમંત્રી જવાહર સિંહ બેદામે પોલીસ રેકોર્ડમાં ઉર્દૂ-ફારસી શબ્દોને સરળ હિન્દી અથવા અંગ્રેજી શબ્દો સાથે બદલવાના નિર્દેશની જાહેરાત કર્યા બાદ વિવાદ ઊભો થયો હતો. બેદામે સમજાવ્યું કે 'મુઘલ યુગ' શબ્દો જટિલ અને આધુનિક પોલીસ અધિકારીઓ અને લોકો માટે સમજવા માટે મુશ્કેલ હતા, જે ગેરસમજણો તરફ દોરી જાય છે. તેમણે નોંધ્યું હતું કે આઝાદી પછીના શિક્ષણમાં થયેલા ફેરફારોએ હિન્દીને વધુ પ્રચલિત બનાવ્યું છે, જ્યારે સંસ્કૃતને ત્રીજી ભાષા બનાવવામાં આવી હતી, તેમણે ઉમેર્યું હતું કે પોલીસ ભરતી કરનારાઓ હવે ઉર્દૂ, અરબી અને ફારસી શબ્દો સમજવા માટે સંઘર્ષ કરે છે. રાજ્યના ગૃહમંત્રીએ પોલીસ કાર્યવાહીમાં ફેરફાર લાગુ કરવા DGP પાસેથી દરખાસ્તની પણ વિનંતી કરી હતી. આ નિર્દેશમાં 'આદમ પતા', 'ખાના તલાશી' અને 'બયાન તહરીર' જેવા શબ્દોને 'પતા નહીં,' 'જગહ કી તલાશી,' અને 'લિખિત બયાન' જેવા સમકક્ષ શબ્દો સાથે બદલવા માટે સરળ હિન્દી શબ્દસમૂહો સૂચવવામાં આવ્યા છે. બેદમના જણાવ્યા મુજબ, આ પગલાનો હેતુ પોલીસ તંત્રની અંદર લોકો અને પોલીસ કર્મચારીઓ માટે એકસરખા સંચારને વધુ સમજદાર બનાવવાનો છે.

**LGના નિર્ણય પર કોંગ્રેસ ભડકી**

# ચૂંટણીના પરિણામ પહેલા જમ્મુ કાશ્મીરમાં પાંચ ધારાસભ્યની નિમણૂક !

**એક દાયકાના લાંબા સમય પછી નવી સરકારની રચનામાં પાંચ નિમણૂક કરાયેલા ધારાસભ્યોની મહત્ત્વની ભૂમિકા રહેશે**

જમ્મુ, તા.૫

કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરમાં સરકારના ગઠન પહેલા પાંચ ધારાસભ્યોની નિમણૂકનો સખત વિરોધ કર્યો હતો અને આવા કોઈપણ પગલાને લોકતંત્ર અને બંધારણના મૂળભૂત સિદ્ધાંતો પર હુમલો ગણાવ્યો હતો. જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ પ્રથમ વખત ત્રણ તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. એક દાયકાના લાંબા સમય પછી નવી સરકારની રચનામાં પાંચ નિમણૂક કરાયેલા ધારાસભ્યોની મહત્ત્વની ભૂમિકા રહેશે.

અહેવાલ પ્રમાણે ગૃહ મંત્રાલયની ભલામણના આધાર પર લેફ્ટનન્ટ ગવર્નર (LG) આ સભ્યોને નોમિનેટ કરશે. આ પ્રક્રિયા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯માં સુધારા બાદ પ્રથમ વખત ફોલો કરવામાં આવશે. આ કાયદામાં ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ સુધારો કરવામાં આવ્યો હતો. એલજી દ્વારા આ પાંચ સભ્યોને નોમિનેટ કર્યા બાદ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની સંખ્યા વધીને ૯૫ સભ્યોની થઈ જશે, જેના કારણે સરકાર બનાવવા માટે બહુમતીનો આંકડો ૪૮ બેઠકો સુધી વધી જશે.

જમ્મુ-કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ કમિટીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને મુખ્ય પ્રવક્તા રવિન્દર શર્માએ જમ્મુમાં પત્રકારોને કહ્યું કે, અમે જમ્મુ અને કાશ્મીરમાં સરકારની રચના પહેલા ઉપરાજ્યપાલ દ્વારા પાંચ ધારાસભ્યોની નિમણૂકનો વિરોધ કરીએ છીએ. આવું કોઈપણ પગલું લોકતંત્ર, જનતાના આદેશ અને બંધારણના મૂળભૂત સિદ્ધાંતો પર હુમલો છે. આ દરમિયાન તેમની સાથે JKPCCના કાર્યકારી પ્રમુખ રમણ ભલ્લા પણ હાજર હતા. બંને નેતાઓએ આરોપ લગાવ્યો કે ભાજપ જાણે છે કે તેની પાસે સરકાર બનાવવા માટે જરૂરી સંખ્યા નથી, તેથી પાંચ ધારાસભ્યોની નિમણૂક કરીને તે જનાદેશમાં હેરફેર કરવાનો પ્રયાસ કરી રહી છે. રવિન્દર શર્માએ કહ્યું કે, બંધારણીય માળખા હેઠળ ઉપરાજ્યપાલને મંત્રી પરિષદની સલાહ પર કામ કરવું જોઈએ. ચૂંટણી બાદ મેજોરિટી અથવા માઈનોરિટી સ્ટેટસ બદલવા માટે ધારાસભ્યોની નિમણૂક માટેની જોગવાઈનો દુરુપયોગ નુકસાનકારક રહેશે. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ પ્રમાણે એલજી પાસે પાંચ ધારાસભ્યોની નિમણૂક કરવાની શક્તિ છે, જેમાં કાશ્મીરી પંડિતો (કેપી) અને પાકિસ્તાનના કબજા વાળા જમ્મુ કાશ્મીર (પીઓજેકે)ના શરણાર્થીઓનું પ્રતિનિધિત્વ સામેલ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોંગ્રેસ-ન્ક્ઝ ગઠબંધનને આરામદાયક બહુમતી મળવાની આશા છે અને સમય પહેલા ૫ ધારાસભ્યોની નિમણૂક અલોકતાંત્રિક અને જનતા સાથે વિશ્વાસઘાત થશે. નિમણૂક પ્રક્રિયા નવી સરકારના કાર્યભાર સંભાળ્યા અને નામાંકિત પદ માટે ઉમેદવારોની ભલામણ કર્યા બાદ જ શરૂ થવી જોઈએ. તેમણે પીઓજેકે શરણાર્થીઓ, કેપી અને અન્ય લઘુમતીઓ માટે વિધાનસભામાં પૂરતું પ્રતિનિધિત્વ આપવાનું વચન આપવું પરંતુ તેને પૂરું કરવામાં નિષ્ફળ રહેવા માટે પણ ભાજપની ટીકા કરી.

**ઈન્ડિગો એરલાઈન્સનું નેટવર્ક ઠપ્પ : સિસ્ટમ ખોરંભે પડતાં એરલાઈન્સની કામગીરીને અસર, મુસાફરોને વધુ લાંબી રાહ જોવી પડશે.**

**બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને 'ભારત રત્ન' આપવા માગણી કરતા પોસ્ટર જદયુ મથકની બહાર અને પટણામાં અન્યત્ર દેખાયા.**

# પોલીસે ૨૨ વર્ષ જૂના કેસમાં ખણખોદ કરતા અકસ્માતની તપાસ હત્યાની તપાસમાં ફેરવાઈ

**પોલીસને હવે શંકા છે કે ગોપાલસિંહે તેના પિતાના મોતનો બદલો લેવા જાણીજોઈને નખ્તસિંહની સાયકલને ટક્કર મારી હતી**

(એજન્સી) તા.૫

પ્રથમ નજરે તે નિયમિત અકસ્માત કેસ જેવો લાગતો હતો. ૧ ઓક્ટોબરના રોજ, અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં એક પીકઅપ ટ્રકે નખતસિંહ અર્જુનસિંહ ભાટી (૫૦) નામના સિક્યુરિટી ગાર્ડને ટક્કર મારી હતી. આરોપી ૩૦ વર્ષીય ગોપાલસિંહ હરિસિંહ ભાટીએ સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સ્થાનિક રહેવાસીઓએ તેને પોલીસને હવાલે કરી દીધો હતો. તેને ગુરૂવારે કોર્ટમાં રજૂ કરી જેલ હવાલે કરાયો હતો. પરંતુ તપાસ દરમિયાન એન ડિવિઝન ટ્રાફિક પોલીસને કંઈક વિચિત્ર જણાયું : મૃતક અને આરોપી બંને જૂના સંબંધ ધરાવતા હતા. બંને પડોશી રાજસ્થાનના એક જ શહેરમાંથી આવ્યા હતા. વધુ તપાસમાં પોલીસને વધુ એક ચોંકાવનારી હકીકત સામે આવી. નખ્તસિંહ પર ૨૨ વર્ષ પહેલા અંગત અદાવતમાં ગોપાલસિંહના પિતાની હત્યા કરવાનો આરોપ હતો. તે સમયે ગોપાલસિંહ માત્ર આઠ વર્ષના હતા. પોલીસને હવે શંકા છે કે ગોપાલસિંહે તેના પિતાના મોતનો બદલો લેવા જાણીજોઈને નખ્તસિંહની સાયકલને ટક્કર મારી હતી. પોલીસે કહ્યું કે તપાસ દરમિયાન, તેઓએ નિષ્કર્ષ પર પહોંચવા માટે સીસીટીવી ફૂટેજ અને 'માનવ બુદ્ધિ'નો ઉપયોગ કર્યો. એન ડિવિઝન ટ્રાફિક પોલીસે હવે મૂળ કેસમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૧૦૩ (હત્યા) ઉમેરી છે અને કોર્ટમાં રિપોર્ટ સબમિટ કર્યો છે. આ કેસ હવે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે.

# લંબિત ગુનાહિત કેસો વ્યક્તિને વિદેશમાં લાંબા ગાળાની તકો શોધવા માટે અયોગ્ય ઠેરવી શકે નહીં : દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) તા.૫

દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે ગુનાહિત કેસન માત્ર પેન્ડિંગ હોવાને કારણે વ્યક્તિ વિદેશમાં લાંબા ગાળાની તકો શોધવાના તેના અધિકારનો ઉપયોગ કરવા માટે આપમેળે ગેરલાયક ઠરે તેવું જરૂરી નથી. ન્યાયાધીશ સંજીવ નરૂલાએ કહ્યું હતું કે એફઆઈઆર પેન્ડિંગ હોવાને કારણે કોઈ પણ જાતની સજા કે દોષિત ઠરાવ્યા વિના વ્યક્તિને પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પીસીસી) નકારવું એ ગેરવાજબી પ્રતિબંધ છે. કોર્ટે કહ્યું કે, 'PCCની પ્રાથમિક ભૂમિકા વ્યક્તિની પૃષ્ઠભૂમિ વિશે પારદર્શિતા સુનિશ્ચિત કરવાની છે, પેન્ડિંગ કેસોના આધારે બ્લેક્રેટ પ્રતિબંધો લાદવાની નથી.' તેમાં કહેવામાં આવ્યું છે કે વ્યક્તિના કામ કરવાનો અધિકાર અને હિલચાલની સ્વતંત્રતા ફક્ત એફઆઈઆરના અસ્તિત્વ પર અયોગ્ય રીતે પ્રતિબંધિત ન હોવી જોઈએ. જસ્ટિસ નરૂલાએ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર વિચારણા કરી રહ્યા હતા જેની સામે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના અમલીકરણ અધિકારીઓની ફરિયાદના આધારે ૨૦૧૩માં બે એફઆઈઆર નોંધવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા પીસીસીને નકારવાથી તેઓ દુઃખી હતા. તેમનો કેસ એ હતો કે કેનેડામાં સ્ટાર્ટ-અપ વિઝા પ્રોગ્રામ હેઠળ અરજી કરવા માટે પીસીસી એ મુખ્ય આવશ્યકતા હતી, જ્યાં તેઓ બિઝનેસ વેન્ચર સ્થાપવા માગતા હતા. અરજીનો નિકાલ કરતી વખતે કોર્ટે નોંધ્યું હતું કે એફઆઈઆરમાં વ્યક્તિને આગોતરા જામીન આપવામાં આવ્યા હતા. ટ્રાયલ કોર્ટે તેના પ્રવાસ પર કોઈ પ્રતિબંધ લાદ્યો નથી. કોર્ટે કહ્યું કે, 'પ્રતિવાદી દ્વારા જણાવવામાં આવેલા તથ્યોના પ્રકાશમાં તે સ્પષ્ટ છે કે પીસીસીને નકારવા માટેનું એકમાત્ર કારણ એ છે કે પ્રતિવાદી નંબર ૨ના અહેવાલ મુજબ અરજદાર સામે પેન્ડિંગ એફઆઈઆરનું અસ્તિત્વ છે. જો કે, તેના પર ભાર મૂકવો આવશ્યક છે કે માત્ર ફોજદારી કેસ 'પેન્ડન્સી વ્યક્તિને વિદેશમાં લાંબા ગાળાની તકો મેળવવાના તેના અધિકારનો ઉપયોગ કરવા માટે આપમેળે ગેરલાયક ઠરાવતી નથી.' તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો કે તે વ્યક્તિને પીસીસી જારી કરો જેમાં સ્પષ્ટપણે તેમની સામે પેન્ડિંગ ફોજદારી કેસનો ઉલ્લેખ હોય. એ પણ હકીકત હોવી જોઈએ કે તેણે જરૂરી ડિપોઝિટ કરીને આરપીએફસીના આદેશનું પાલન કર્યું છે.

**૭ હજાર દંડ, વાહન માલિકને નોટિસ અપાઈ**

# રાજસ્થાનના DyCMના પુત્રની રીલ પર કાર્યવાહી

જયપુર, તા.૫

રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાના પુત્રની એક રીલ વાયરલ થઈ હતી. જે મામલે હવે કાર્યવાહી કરવામાં આવી છે. એક અઠવાડિયા બાદ, પરિવહન વિભાગે નાયબ મુખ્યમંત્રીના પુત્ર ચિન્મય કુમાર બૈરવાને રૂ. ૭,૦૦૦નું ચલણ જારી કર્યું છે અને કોંગ્રેસના નેતા પુષ્પેન્દ્ર ભારદ્વાજના પુત્ર કાર્તિકેય ભારદ્વાજને પણ ૭,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારીને નોટિસ આપી છે. ટ્રાન્સપોર્ટ વિભાગનો હવાલો સંભાળતા ડેપ્યુટી CMના પુત્રની રીલ વાયરલ થયા બાદ વાહનવ્યવહાર વિભાગે મૌન સેવ્યું હતું, પરંતુ વિવાદ વકર્યા બાદ ડેપ્યુટી CM પ્રેમચંદ બૈરવાની સૂચના બાદ ટ્રાન્સપોર્ટ વિભાગે કાર્યવાહી કરવાની હિંમત દાખવી છે. જયપુર RTOનો વધારાનો હવાલો સંભાળી રહેલા ARTO પ્રકાશ ટહલિયાનીએ જણાવ્યું કે, ખૂબ સ્પીડમાં કાર ચલાવવા અને સીટ બેલ્ટ ન બાંધવા બદલ ડેપ્યુટી CM પ્રેમચંદ બૈરવાના પુત્ર ચિન્મય બૈરવા અને કાર્તિકેય ભારદ્વાજને ૭-૭ હજાર રૂપિયાનું ચલણ જારી કરવામાં આવ્યું છે. વાહનવ્યવહાર વિભાગે વાહન માલિક કાર્તિકેય ભારદ્વાજને વાહનમાં અનધિકૃત ફેરફાર કરવા બદલ નોટિસ પણ ફટકારી છે. ગાડી નંબર RJ-19C-1394ની RC પણ જપ્ત કરવામાં આવી છે. ARTOએ કહ્યું કે, ચિન્મય કુમાર બૈરવા પુખ્ત છે અને તેની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ છે, જે ૨૪ જૂન, ૨૦૨૪ના રોજ જારી કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ડેપ્યુટી મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાએ પોતાના પુત્રને સગીર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, મારો પુત્ર વીડિયોમાં દેખાઈ રહ્યો છે, તેમાં કંઈ ખોટું નથી. મારા પુત્રને કોઈ વાહન એસ્કોર્ટ કરી રહ્યું ન હતું. તે કાર સુરક્ષા માટે પાછળ ચાલી રહી હતી. મારો પુત્ર સિનિયર સ્કૂલમાં અભ્યાસ કરે છે. તે તેની શાળાના મિત્રો સાથે હતો. ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાના સવાલ પર ડેપ્યુટી સીએમએ કહ્યું કે, ક્યાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરવામાં આવ્યો? મારો પુત્ર હજુ ૧૮ વર્ષનો પણ નથી થયો." હકીકતમાં, એક અઠવાડિયા પહેલા, ડેપ્યુટી સીએમ પ્રેમચંદના પુત્ર ચિન્મય બૈરવા પોલીસની સુરક્ષા વચ્ચે ખુલ્લી હૂડવાળી જીપમાં ટશનમાં ડ્રાઈવિંગ કરતા હોવાની રીલ વાયરલ થઈ હતી. કારમાં તેની સાથે અન્ય ત્રણ યુવકો પણ હતા, જેમાંથી એકનું નામ કાર્તિકેય ભારદ્વાજ હતું, જે કોંગ્રેસ નેતા પુષ્પેન્દ્ર ભારદ્વાજના પુત્ર છે. પોતાના પુત્રની મસ્તી અને ઉત્તેજનાથી ઘેરાયેલા ડેપ્યુટી સીએમ પોતે વિવાદમાં આવી ગયા હતા, પરંતુ વિવાદ ત્યારે વધી ગયો જ્યારે ડેપ્યુટી સીએમએ કાર ચલાવતા પુત્રને સગીર જાહેર કર્યો.

# ભાજપની વિચારધારા સાચી નથી : રાહુલ

## કોંગ્રેસના નેતા કહે છે શિવાજીની પ્રતિમા બન્યા પછીના થોડા સમયમાં તૂટી પડી એ નીંદનીય છે

(એજન્સી) કોલ્હાપુર, તા.૫

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આજે ભાજપ સરકાર પર ભારે પ્રહારો કર્યા હતા અને ટકોર કરી હતી કે દેશના બંધારણ તથા લોકશાહી સંસ્થાઓને ખતમ કરીને અને લોકોને ડરાવીને પછી શિવાજી મહારાજની પ્રતિમા સામે માથું નમાવવાનો કોઈ અર્થ નથી. કોલ્હાપુરમાં શનિવારે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ રાહુલ ગાંધીના હસ્તે થયું હતું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધન કરતા રાહુલ ગાંધીએ સિંધુ દુર્ગ જિલ્લામાં કિલ્લામાં લગાવેલી શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી એ બદલ ભાજપની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે ભાજપની વિચારધારા જ યોગ્ય નથી. તેમણે ઉમેર્યું કે લોકોને ડરાવો છો અને બંધારણ તથા લોકશાહી સંસ્થાઓને ખતમ કરો છો અને એ પછી શિવાજી મહારાજની સામે માથું નમાવો તો તેનો કોઈ અર્થ રહેતો નથી. દેખીતી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રતિમા તૂટી પડી એ પછી માફી માંગવામાં આવી તેનો ઉલ્લેખ કરીને રાહુલે ઉપર મુજબ ટકોર કરી હતી. ગત ૩૦ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રતિમા તૂટવાના બનાવ બાદ કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ એ માત્ર રાજા નથી પણ મારા માટે તો એ દેવતા છે એટલે આજે અમે દેવતાના ચરણોમાં માથું નમાવીને એમની માફી માંગી છે. સિંધુ



દુર્ગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચોથી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ નેવીડેના દિવસે ૩૫ ફૂટ ઊંચી શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને એ પછી ૨૬ ઓગસ્ટે પ્રતિમા તૂટી પડી હતી. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ દેશ બધાનો છે એવો છત્રપતિ શિવાજી મહારાજે સંદેશો આપ્યો હતો. આ મહાન યોદ્ધા અને મહારાજે જે સંદેશો આપ્યો છે ભારતીય બંધારણ એવો જ સંદેશો આપી રહ્યું છે. છત્રપતિ શિવાજી મહારાજ અને શાહો મહારાજ જેવા મહાનુભાવો ન હોત તો બંધારણ પણ ન હોત.

# કોંગ્રેસનું સંચાલન શહેરી નક્સલવાદીઓની ટોળકી કરી રહી છે; મહારાષ્ટ્રમાં પીએમ નરેન્દ્ર મોદી

## વડાપ્રધાને ખેડૂતોને બેવડા લાભો બદલ કોંગ્રેસની સખત ટીકા કરી અને દાવો કર્યો કે કોંગ્રેસ પક્ષ દલિતો અને આદિવાસીઓનું સન્માન કરતો નથી

(એજન્સી) મુંબઈ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે શહેરી નકસલવાદીઓની એક ટોળકી કોંગ્રેસને ચલાવી રહી છે અને કોંગ્રેસના ભયજનક એજન્ડાને નિષ્ફળ બનાવવા માટે પ્રજાએ એક થવું પડશે.

વડાપ્રધાને કહ્યું હતું કે કોંગ્રેસના લોકો એવું માને છે કે એક જ પરિવાર દ્વારા ભારત પર શાસન થવું જોઈએ અને એ કારણે જ તેમણે બંજારા સમાજ તરફ અપમાનજનક અભિગમ તૈયાર કર્યો છે. કોંગ્રેસને લાગે છે કે જો આપણે સૌ એક બનશું તો કોંગ્રેસનો દેશને વિભાજિત કરવાનો એજન્ડા નિષ્ફળ જશે. મહારાષ્ટ્રમાં આજે વડાપ્રધાને વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલારોપણ કર્યું હતું. વાસીમ જિલ્લામાં તેઓ એક રેલીને સંબોધન કરી રહ્યા હતા ત્યારે જણાવ્યું હતું કે જે લોકો ભારત માટે



શુભ ઈરાદા ધરાવતા નથી એવા લોકોની કેટલી નજીક કોંગ્રેસ રહે છે એ દરેક વ્યક્તિ જોઈ શકે છે. તેમણે ખેડૂતોને બેવડા લાભ આપવા બદલ કોંગ્રેસની ટીકા કરી હતી અને કહ્યું હતું કે એ પક્ષને દલિતો અને આદિવાસીઓનું કોઈ માન સન્માન નથી. કોંગ્રેસ પરિવાર દલિતો અને આદિવાસીઓને સમાન ગણીને માન આપતો નથી તેઓ ગરીબને ગરીબ રાખવા માંગે છે કેમ કે કોંગ્રેસ ખુદ શહેરી નકસલવાદીઓથી ભરાયેલી છે.

વડાપ્રધાને ઉમેર્યું હતું કે તાજેતરમાં દિલ્હીમાં કરોડો રૂપિયાની કિંમતના ડ્રગ્સના જથ્થાને પકડી પાડવામાં આવ્યો છે અને ડ્રગ્સના આ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર કોંગ્રેસનો નેતા હોવાની શંકા સેવાય છે એટલે યુવાનોને ડ્રગ્સના રવાડે ચડાવી દે તેમાંથી મળતા નાણાથી કોંગ્રેસ ચૂંટણીઓ લડવા માંગે છે. તેમણે ઉમેર્યું હતું કે કોંગ્રેસની વિચારધારા શરૂઆતથી જ વિદેશી રહી છે અને બ્રિટિશ શાસનની જેમ કોંગ્રેસ પરિવારે કદી દલિતો તેમજ પછાતો અને આદિવાસીઓને સમાન ગણીને એમને સન્માન આપ્યું નથી. એમને લાગે છે કે એક જ પરિવારે દેશ પર રાજ કરવું જોઈએ એટલે બંજારા સમાજ તરફ ઘૃણાની નજરે જુએ છે.

# કર્ણાટક વકફ બોર્ડ : સુધારા બિલમાં હિંદુ એન્ડોમેન્ટ કાયદાના ધોરણોનો અભાવ, બોર્ડની સ્વાયત્તતા અને અસરકારકતાને જોખમમાં મૂકે છે

(એજન્સી) તા.૫

કર્ણાટક વકફ બોર્ડે કહ્યું છે કે સૂચિત વકફ સુધારા બિલ ૨૦૨૪માં દેશના હિંદુ એન્ડોમેન્ટ કાયદાના ધોરણોનો અભાવ છે અને તે કેન્દ્ર અને રાજ્ય વકફ બોર્ડની સ્વાયત્તતા અને અસરકારકતાને જોખમમાં મૂકે છે. બોર્ડ દ્વારા નિયુક્ત કાનૂની ટીમ દ્વારા કરવામાં આવેલા સુધારાના વિશ્લેષણમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે સુધારાઓ 'રાષ્ટ્રવ્યાપી ઈસ્લામિક એન્ડોમેન્ટ્સના સંચાલન માટે બિનઅસરકારક અને હાનિકારક છે.' આ સુધારો સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યો છે જે વિવિધ હિતધારકોની સુનાવણી હાથ ધરે છે. કાનૂની ટીમનું નેતૃત્વ એડવોકેટ રિયાઝ અહમદ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેને નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ ઈસ્માઈલ અને એડવોકેટ સૈયદ અકમલ રઝવીએ ટેકો આપ્યો હતો. તેણે વર્તમાન વકફ એક્ટ ૧૯૯૫ અને હિંદુ એન્ડોમેન્ટ કાયદાઓ સાથે સૂચિત સુધારાઓની વિગતવાર સરખામણી રજૂ કરી. કર્ણાટક વકફ બોર્ડે ૧ ઓક્ટોબરના રોજ બેંગ્લુરૂમાં હિતધારકો સાથે અનૌપચારિક ચર્ચા દરમિયાન વકફ સુધારા બિલ પર સંયુક્ત સંસદીય સમિતિ (JPC) સમક્ષ તેમના વિશ્લેષણનો સારાંશ પહેલેથી જ રજૂ કર્યો હતો. અગાઉ, રાજ્ય વકફ બોર્ડના અધ્યક્ષ અનવર બાશા હેઠળ, બોર્ડે ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો. પ્રસ્તાવિત સુધારાઓ અને બિલ વિરૂદ્ધ ઠરાવ પસાર કરવા માટે. અહેવાલમાં કેન્દ્રિય વ્યવસ્થાપન માળખાની રજૂઆત પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે જે




રાજ્ય બોર્ડની સત્તાને ખતમ કરે છે અને કેન્દ્ર સરકાર અને મહેસૂલ વિભાગની સંડોવણીમાં વધારો કરે છે. તેનાથી વિપરીત, હિંદુ એન્ડોમેન્ટ્સને વધુ લવચીક શાસન માળખુંનો લાભ મળે છે, જેમાં દરેક રાજ્ય સ્વતંત્ર રીતે તેના પોતાના બોર્ડનું સંચાલન કરે છે. આ બોર્ડ, ફક્ત હિન્દુ સમુદાયના સભ્યોના બનેલા છે, સ્થાનિક સંસ્થાઓની ચોક્કસ જરૂરિયાતો અને પ્રથાઓને અનુરૂપ છે, જે સુનિશ્ચિત કરે છે કે સંચાલન સમુદાય મૂલ્યો સાથે સંરેખિત થાય છે. સુધારાઓ હેઠળ, સેન્ટ્રલ વકફ કાઉન્સિલ અને દરેક રાજ્યના વકફમાં બિન-મુસ્લિમ સભ્યોનો સમાવેશ ફરજિયાત કરવામાં આવ્યો છે, જ્યાં બિન-હિન્દુઓની નિમણૂક પ્રતિબંધિત છે, જે સમુદાયના સમાન પ્રતિનિધિત્વને જાળવી રાખે છે. ઉદાહરણ તરીકે તમિલનાડુ હિંદુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ એક્ટ આદેશ આપે છે કે સામેલ તમામ અધિકારીઓએ હિંદુ ધર્મનો દાવો કરવો જ જોઈએ. અન્ય રાજ્યોમાં સમાન જોગવાઈઓ અસ્તિત્વમાં છે, જે હિંદુ સંસ્થાઓમાં એકરૂપ પ્રતિનિધિત્વને મજબૂત બનાવે છે. કાનૂની ટીમ ભારપૂર્વક જણાવે છે કે વકફ કાઉન્સિલનું માળખું ૧૯૯૭ના હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ એક્ટમાં દર્શાવેલ સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે, જે સંબંધિત ધર્મોના સભ્યો માટે વહીવટી ભૂમિકાઓને પ્રતિબંધિત કરે છે. કાનૂની ટીમ દલીલ કરે છે કે 'સમાનતાના સિદ્ધાંતો પર આધારિત, હિંદુ અને શીખ કૃત્યો તેમના સંબંધિત સમુદાયોમાંથી જ પ્રતિનિધિત્વ પ્રદાન કરે છે; મુસ્લિમોને પણ આ જ લાગુ કરવું જોઈએ.

# શિંદે, ટીમ દાવોસમાં : ૧.૫૮ કરોડ રૂપિયા બાકી, સ્વિસ ફર્મે કાનૂની નોટિસ મોકલી

## મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સીઈઓ પી. વેલરાસુ કહે છે કે, તેઓ નોટિસથી વાકેફ નથી પરંતુ યોગ્યતાના આધારે પગલાં લેશે

(એજન્સી) તા.૫

મહારાષ્ટ્ર સરકારને સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત સર્વિસ સેક્ટરની એક કંપની તરફથી રૂા.૧.૫૮ કરોડના બિલની કથિત ચુકવણી ન કરવા બદલ કાનૂની નોટિસ મળી છે, જે કંપનીએ મુખ્યમંત્રી એકાંત શિંદે અને કેટલાક મંત્રીઓ અને અધિકારીઓને જાન્યુઆરીમાં દાવોસ, સ્વિટ્ઝર્લેન્ડમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની મુલાકાતના તેમના સમય દરમિયાન પૂરી પાડવામાં આવતી હોસ્પિટાલિટી સેવાઓ માટે સબમિટ કરી હતી. મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MIDC), મુખ્ય પ્રધાન કાર્યાલય, વિદેશ પ્રધાન એસ જયશંકર અને WEF સહિત અન્યને સંબોધિત ૨૮ ઓગસ્ટની નોટિસમાં, કોન્ટ્રાક્ટર SKAAH GmbH એ આરોપ મૂક્યો છે કે રાજ્ય સંચાલિત MIDCએ ૧.૫૮ કરોડ ચૂકવ્યા નથી. ૧૫-૧૯ જાન્યુઆરી દરમિયાન યોજાયેલા WEF સંમેલન દરમિયાન MIDCને પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે સ્વિસ ફર્મે બિલ સબમિટ કર્યા હોવા છતાં આ રકમ ચૂકવવામાં આવી નથી. નોટિસ અનુસાર, MIDCએ કુલ બિલમાંથી રૂા.૩.૭૫ કરોડ ચૂકવ્યા છે અને આ રકમ ચૂકવવાની બાકી છે. જ્યારે MIDC CEO પી વેલરાસુનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું, "મને આવી કોઈ નોટિસની જાણ નથી. જો કે, MIDC વાઉચર તપાસશે અને જરૂરી કાર્યવાહી કરશે. ગુણદોષના આધારે આ બાબતનો વહેલી તકે નિર્ણય લેવામાં આવશે." સેના યુબીટીના આદિત્ય ઠાકરે અને એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવાર સહિત વિપક્ષી મહાવિકાસ આઘાડીના ધારાસભ્યોએ દાવોસ પ્રવાસ પર સરકારે વધુ પડતો ખર્ચ કર્યો હોવાનો આક્ષેપ પણ કર્યો છે. કાનૂની નોટિસ મળી હોવાનું સ્વીકારતા રાજ્યના ઉદ્યોગ મંત્રી ઉદય સામંતે જણાવ્યું હતું કે, "અમે વધુ પડતો ખર્ચ કર્યો નથી. MVA ધારાસભ્યો જ આ આક્ષેપો કરી રહ્યા છે. અમારી કાનૂની ટીમ આ નોટિસનો જવાબ આપશે અને જોશે કે મુદ્દો શું છે. સરકારની ટીકા કરતા NCP ધારાસભ્ય રોહિત પવારે કહ્યું, 'મહારાષ્ટ્ર સરકાર દ્વારા આવી ઉદ્ધતતા દાવોસ જેવા મંચ પર મહારાષ્ટ્રની પ્રતિષ્ઠાને કલંકિત કરી શકે છે, જે આંતરરાષ્ટ્રીય રોકાણ માટે મહત્ત્વપૂર્ણ છે અને રોકાણકારોને ખોટો સંદેશ મોકલે છે.' નોટિસ, જે મુકદમાની ચેતવણી આપે છે, જણાવે છે કે, "તમામ ચૂકવણીઓ બાકી રાખવામાં આવી હતી અને MIDC એક સરકારી સંસ્થા હોવાના ટ્રસ્ટ પર અને સદ્ભાવનાથી, નિયત સમયમાં ચૂકવણીની અપેક્ષા સાથે અને પક્ષકારો વચ્ચે સંમત થયા મુજબ બાકી હતી.



જો કે, MIDC બાકી રહેલી રકમની ચૂકવણી કરવામાં ખરાબ રીતે નિષ્ફળ રહી છે, જેના પરિણામે અમારા ક્લાયન્ટ, અમારા ક્લાયન્ટની ક્રેડિટ અને નાણાકીય પરિસ્થિતિને નોંધપાત્ર નાણાકીય નુકસાન થયું છે અને હાનિ પહોંચી છે. આમ, MIDC આથી વાર્ષિક ૧૮%ના દરે વ્યાજ સાથે રૂા.૧,૫૮,૬૪,૬૨૫.૯૦ની કુલ બાકી રકમ ચૂકવવા માટે જવાબદાર છે..." નોટિસ જણાવે છે કે, 'આ મુદ્દો ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચેના આંતરરાષ્ટ્રીય સંબંધોને અસર કરી રહ્યો છે, અને વણઉકેલાયેલી ચુકવણીથી ઉદ્ભવતા કોઈપણ વિવાદો અથવા તકરારને રોકવા માટે તાત્કાલિક ઉકેલ જરૂરી છે,' તે એ પણ પ્રકાશિત કરે છે કે જ્યારે સેવાઓ ચોક્કસ સંખ્યામાં વ્યક્તિઓને ઓફર કરવાની હતી, ત્યારે WEF સંમેલનમાં મુલાકાતીઓ તે સંખ્યા કરતાં વધી ગયા હતા, તેમ છતાં કંપનીએ સેવાઓ પહોંચાડી હતી અને તમામ જરૂરી માંગણીઓને સંતોષી હતી. તે જણાવે છે કે, "અમારા ક્લાયન્ટ દ્વારા MIDCના પ્રતિનિધિઓને કોલ અને મેઈલ દ્વારા ચૂકવણી માટેની વારંવાર વિનંતીઓ કરવા છતાં ચૂકવણીમાં સતત વિલંબ થયો છે. MIDC અને તેના પ્રતિનિધિઓએ આ વિલંબ માટે સતત બહાનું પૂરું પાડ્યું છે. MIDC અને તેના પ્રતિનિધિઓએ અમારા ક્લાયન્ટ પ્રત્યેની તેમની ફરજો, જવાબદારીઓ અને જવાબદારીની ઈરાદાપૂર્વક અવગણના કરી છે,' નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે MIDC અને તેના પ્રતિનિધિઓએ સ્વિસ ફર્મને નોંધપાત્ર નાણાકીય અને આર્થિક નુકસાન કર્યું છે, તેમજ તેના દ્વારા કાર્યરત વ્યક્તિઓને નુકસાન પહોંચાડ્યું છે. તે જણાવે છે કે, 'આવું જાણીજોઈને અને ઈરાદાપૂર્વક કરવામાં આવી રહ્યું હોવાનું જણાય છે.'

# જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભામાં પાંચ ધારાસભ્યોની નિયુક્તિ કરવા બદલ લેફ. ગવર્નર મનોજ સિંહા સામે કાનૂની પગલાં લેવા ઉમર અબ્દુલ્લાહની વિચારણા

## કાશ્મીરના વહીવટદાર લેફ. ગવર્નર પાંચ સભ્યોની વિધાનસભામાં નિમણૂક કરી શકે છે અને એ સભ્યોને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જેટલી જ ધારા ગૃહ સત્તા મળે છે

(એજન્સી) શ્રીનગર, તા.૫

જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓના પરિણામો પહેલાં જ વિવાદ ઊભો થઈ ગયો છે કેમ કે કાશ્મીરના લેફ. ગવર્નર મનોજ સિંહા દ્વારા વિધાનસભામાં પાંચ ધારાસભ્યોની નિયુક્તિ કરી છે જેને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ઉંમર અબ્દુલ્લાહ દ્વારા ખોટી ગણાવવામાં આવી છે અને આ પગલાને કાનૂની રીતે કઈ રીતે પડકારી શકાય તેની તેવો વિચારણા કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ભાજપે સમગ્ર પ્રક્રિયામાં ચંચુપાત કરી અને ગેરહાજરીને એમના માટે પાંચ મફત બેઠકો મેળવી લીધી છે. તેમણે ચૂંટણી પરિણામ પહેલા આ પાંચ બેઠકો મેળવી લીધી છે એટલે તેનો કાનૂની રીતે મુકાબલો કરવાનું અમે વિચારી રહ્યા છીએ. અમે અગાઉ પણ કાનૂની કાર્યવાહી કરી શક્યા હોત પણ વિવિધ કારણોસર અમે કરી નથી. જમ્મુ અને



કાશ્મીર પુનર્ગઠન સુધારા ખરડો ૨૦૨૩ છઠ્ઠી ડિસેમ્બરે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો જેના થકી વિધાનસભામાં પાંચ સભ્યોને નિયુક્ત કરવાની એલજીને સત્તા આપવામાં આવી છે. બે મહિલા તથા બે કાશ્મીરી વિસ્થાપિત જ્ઞાતિ અને એક કબજાગ્રસ્ત કાશ્મીરમાંથી વિસ્થાપિત થઈને આવેલા પ્રતિનિધિને સભ્ય તરીકે નિયુક્ત કરવાનો સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારાથી બંધારણની કલમ ૨૩૯ એ એમને વિસ્તૃત કરવામાં આવી છે જે કેન્દ્રશાસિત પ્રદેશો કાશ્મીર અને પુડુચેરીને લાગુ પડે છે. આવી રીતે નિયુક્ત થયેલા સભ્યોને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જેટલી જ સત્તાઓ ગૃહમાં મળે છે અને એટલા જ અધિકારો મળે છે. પાંચ સભ્યોનો નિયુક્તિથી કાશ્મીર વિધાનસભાનું સંખ્યા પણ ૯૦થી વધીને ૯૫ થઈ ગઈ છે અને સરકાર રચવા માટે ૪૫થી ૪૭ સભ્યોનું સમર્થન જરૂરી રહેશે. કોંગ્રેસ અને એનસી દ્વારા ભાજપના પગલાની ટીકા કરવામાં આવી છે અને વિધાનસભામાં ગેરહાજરી રીતે વધુ સભ્યો કરવા માટે ભાજપે રમત કરી હોવાનો આક્ષેપ કર્યો છે. અને પક્ષોએ નિયુક્તિનું આ પગલું બિન લોકશાહી અને ગેરકાનૂની જણાવ્યું છે એટલે ઉમર અબ્દુલ્લાહ કાનૂની રાહે પગલાં લેવાનું વિચારી રહ્યા છે.

# આ મહાનુભાવનો પરિવાર શરણાર્થી શિબિરમાં રહેતો હતો, તેમણે સૌથી મોટી કંપનીઓમાંની એકની સહ-સ્થાપના કરી હતી, તેમને હાર્ડવેરના પિતા કહેવામાં આવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

અજય ચૌધરીને ભારતમાં હાર્ડવેરના પિતા તરીકે ઓળખવામાં આવે છે, તેઓ એક પ્રેરણાદાયી સફર ધરાવે છે જે દેશના IT ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાનને પ્રકાશિત કરે છે. તેમણે કારકિર્દીની શરૂઆત એક સાધારણ નોકરી સાથે કરી જે દર મહિને માત્ર ૬૦૦ રૂપિયા ચૂકવતી હતી, પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષાઓએ તેમને ટેક્નોલોજીની દુનિયામાં છલાંગ લગાવી દીધી. ભાગલા દરમિયાન પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલા પરિવારમાં જન્મેલા ચૌધરીએ શરણાર્થી શિબિરમાં રહેતા પ્રારંભિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. તેમના પિતા IAS અધિકારી હતા, જેમણે તેમનામાં સખત મહેનત અને દૃઢતાના મૂલ્યો જગાવ્યા હતા. ૧૯૭૬માં, ચૌધરી એચસીએલ ટેક્નોલોજીસના છ સ્થાપક સભ્યોમાંના એક બન્યા, એક એવી કંપની જે પાછળથી ભારતના IT દૃષ્ટિકોણનો પાયાનો બની ગઈ. અર્જુન મલ્હોત્રા અને શિવ નાદર જેવા નોંધપાત્ર વ્યક્તિઓની સાથે ચૌધરી અને તેમની ટીમે શરૂઆતમાં કંપનીનું નામ માઈક્રો કોમ્પ રાખ્યું. જો કે, ૧૯૭૦માં તેનું નામ બદલીને હિન્દુસ્તાન



કોમ્પ્યુટર્સ લિમિટેડ (HCL) રાખવામાં આવ્યું હતું. માત્ર ૧.૮ લાખ રૂપિયાની સાધારણ પ્રારંભિક મૂડી સાથે, એચસીએલનો વર્ષોમાં જબરદસ્ત વિકાસ થયો છે. companymarketcap.com મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં HCL ટેક્નોલોજીસનું માર્કેટ કેપ ૫૧.૩૧ અબજ પાઉન્ડ છે અને તે હવે ભારતની સૌથી મોટી IT કંપનીઓમાંની એક છે. એચસીએલના શરૂઆતના દિવસોમાં ચૌધરી દક્ષિણ ભારતમાં વેચાણ માટે જવાબદાર હતા, જે ચેન્નાઈથી કાર્યરત હતા. તેમના નેતૃત્વથી કંપનીને કોઈમ્બતુર જેવા મોટા હબમાં નોંધપાત્ર બિઝનેસ તકો મેળવવામાં મદદ મળી. પછી તેમણે ચીન અને હોંગકોંગના બજારોમાં પ્રવેશ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે HCLની પહોંચનો વિસ્તાર કર્યો. ચૌધરીએ ૧૯૯૯થી ૨૦૧૨ સુધી HCLના ચેરમેન તરીકે સેવા આપી હતી અને કંપનીને તેના વિકાસના તબક્કામાં માર્ગદર્શન આપ્યું હતું. તેમની સિદ્ધિઓની માન્યતામાં ચૌધરીને ૨૦૧૧માં ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માનમાંના એક પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેમની કોર્પોરેટ સફળતા ઉપરાંત તેમણે માર્ગદર્શક, શિક્ષણશાસ્ત્રી અને કાર્યકર્તા તરીકે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે IIT હૈદરાબાદ અને IIT પટના જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના બોર્ડમાં સેવા આપી છે અને ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના અધ્યક્ષ હતા. વધુમાં, તેઓ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલય માટે સેમિકન્ડક્ટર્સ માટેના સલાહકાર બોર્ડના સભ્ય છે. ૨૦૨૧માં ચૌધરીએ બિન-લાભકારી EPIC ફાઉન્ડેશનની સહ-સ્થાપના કરી, સમાજને પાછા આપવા અને નવીન પેઢીઓની આગામી પેઢીને ટેકો આપવાની તેમની પ્રતિબદ્ધતાનું વધુ પ્રદર્શન કર્યું. નમ્ર શરૂઆતથી લઈને ભારતના IT ક્ષેત્રમાં અગ્રણી વ્યક્તિ બનવા સુધીની તેમની સફર ઘણાં મહત્ત્વાકાંક્ષી સાહસિકો અને ટેક્નોલોજિસ્ટ્સ માટે પ્રેરણારૂપ છે.

# બંગડી વેચનાર વ્યક્તિ વિકલાંગ હોવા છતાં UPSC પરીક્ષા પાસ કરી અખિલ ભારતીય ક્રમાંક ૨૮૭ સાથે IAS અધિકારી બન્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

UPSC પ્રિલિમિનરી પરીક્ષાઓ નજીકમાં છે અને ભારતભરના ઉમેદવારો દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એકની તૈયારી કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.આ પરીક્ષા પાસ કરવાથી IAS, IPS અને IFS જેવી પ્રતિષ્ઠિત હોદ્દાઓ માટે માર્ગ મોકળો થાય છે. ઘણાં ઉમેદવારો પ્રેરણા અને માર્ગદર્શન માટે ભૂતકાળના ટોપર્સ પાસેથી પ્રેરણા મેળવે છે કારણ કે તેઓ સફળતા માટે વ્યૂહરચના બનાવે છે. આવી જ એક વાર્તા IAS અધિકારી રમેશ ઘોલપની છે, જેની યાત્રા પ્રતિકૂળતાનો સામનો કરી સફળતા હાંસલ કરવા માટે દ્રઢતાનો પુરાવો છે. શારીરિક વિકલાંગતા અને ગંભીર નાણાંકીય મુશ્કેલીઓને પાર કરીને, રમેશે કોઈપણ કોચિંગ ક્લાસમાં વગર વિના ૨૮૭નો અખિલ ભારતીય ક્રમાંક મેળવવામાં સફળ રહ્યો. સાધારણ નિમ્ન-મધ્યમ-વર્ગીય પરિવારમાં જન્મેલા, રમેશનું પ્રારંભિક જીવન સંઘર્ષોથી ચિહ્નિત થયું હતું. તેના પિતા, ગોરખ ઘોલપ, એક નાની સાયકલ રિપેરિંગની દુકાન ચલાવતા હતા, પરંતુ તેઓ દારૂના વ્યસન સાથે સંઘર્ષ કરતા હતા, જેના કારણે તેમની તબિયત ખરાબ થઈ



હતી અને રમેશ હજુ શાળામાં હતો ત્યારે જ તેમનું મૃત્યુ થયું હતું. આ દુઃખદ ઘટન રમેશ, તેના ભાઈ અને તેની માતા વિમલા પર જીવન ટકાવી રાખવા બોજ નાખ્યો, જેથી તેમણે પરિવારના ભરણપોષણ માટે નજીકના ગામોમાં બંગડીઓ વેચવાનું શરૂ કર્યું. આ નાણાંકીય પડકારો અને શારીરિક વિકલાંગતા સાથે રમેશે જીવનમાં આગળ વધવા માટે સાહસ કર્યો. તેનો ડાબો પગ પોલિયોથી પ્રભાવિત હતો. આ અવરોધો હોવા છતાં, તેનો નિશ્ચય ક્યારેય ડગમગ્યો નહીં. તેના પરિવારની ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે રમેશે શિક્ષણમાં ડિપ્લોમા મેળવ્યો અને પોતાના અભ્યાસ દ્વારા પોતાનું સમર્થન કર્યું. પછી તેણે એક ઓપન યુનિવર્સિટી દ્વારા આર્ટ્સમાં ડિગ્રી મેળવી અને ૨૦૦૯માં શિક્ષક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. શિક્ષક તરીકેના તેના સમય દરમિયાન જ એક તહસીલદાર સાથેની તકની મુલાકાતે તેને UPSC પરીક્ષા આપવાની મહત્વાકાંક્ષા જગાડી.

અપાર સંકલ્પ સાથે, રમેશે UPSCની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેની શિક્ષણની નોકરી છોડી દીધી. તેની માતાએ તેના સ્વપ્નને સમર્થન આપવા માટે કેટલાક ભંડોળ એકત્ર કરવામાં વ્યવસ્થા કરી અને તે અભ્યાસ માટે છ મહિના સમર્પિત કરવા પુણે ગયા. જો કે, ૨૦૧૦માં તેનો પ્રથમ પ્રયાસ નિરાશામાં સમાપ્ત થયો. નિરાશ થઈને, રમેશે સફળ થવાનો નિર્ધાર કરીને પોતાનો સ્વ-અભ્યાસ ચાલુ રાખ્યો. ૨૦૧૨માં બે વર્ષની અવિરત મહેનત અને સમર્પણ પછી, રમેશે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી, વિકલાંગ શ્રેણી હેઠળ ૨૮૭નો પ્રભાવશાળી ક્રમાંક મેળવ્યો. આજે, IAS રમેશ ઘોલપ ઝારખંડના ઉર્જા વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે સેવા આપે છે, જે દ્રઢતા અને પ્રતિબદ્ધતાના પ્રતીક તરીકે ઊભો છે.તેની સફર અસંખ્ય UPSC ઉમેદવારોને તેમના સ્વપ્ન માટે પ્રયત્ન કરવા માટે પ્રેરિત કરતી રહે છે.

### સ્વામીનારાયણ સંપ્રદાયના વધુ એક સાધુએ બફાટ કરતાં હડકંપ

# નવરાત્રિ એટલે લવરાત્રિ અને નવ દિવસનો ફેશન-શૉ, વાસનાના પૂજારીઓના પૂજાના દિવસો

### વિવાદને લઈ સ્વામીએ કર્યો ખુલાસો; ખરાબ નજર નાખવાવાળા માટે આ નિવેદન છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

સ્વામિનારાયણ સંપ્રદાયના વધુ એક સાધુનો બફાટ સામે આવ્યો છે. હવે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ અનુપમ સ્વરૂપ સ્વામીએ નવરાત્રિ અંગે એક વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતીના પ્રિય તહેવાર નવરાત્રિને લોકો લવરાત્રિ કહે છે. જે નવ દિવસનો ફેશન શૉ બની ગયો છે. પૂજાના નહીં પણ વાસનાના પૂજારીઓની પૂજાના દિવસો આવ્યા.' સ્વામીના આ પ્રકારના નિવેદનથી વિવાદ ઊભો થવાની શક્યતા સાથે ચર્ચા વ્યાપક થવા પામી છે. ત્યારે ઉહાપોહને લઇ સ્વામીએ આ અંગે મોડેથી ખુલાસો પણ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

નવરાત્રિ અંગે અનુપમ સ્વરૂપ સ્વામીના વિવાદિત નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે, 'મેં સાંભળ્યું છે કે સમાજનું સૌથી મોટું દૂષણ એટલે છૂટાછેડા. સોશિયલ મીડિયામાં એક પોસ્ટમાં કોઈકે એવું પણ લખ્યું કે, સમય ઓછો અપાતો હશે, બેડ બિહેવિયર, ઓછી વાતચીત, વધતી જતી જરૂરિયાત છે. એમાં કોઈકે લખ્યું કે નવરાત્રિના કારણે છૂટાછેડા થાય છે. લખનારે કંઈક વિચારીને જ લખ્યું હશે. જે નવરાત્રિ ગુજરાતીઓની ઓળખ છે તે લવરાત્રિ તરીકે ઓળખાય તે કેવી લાચારી.'

અનુપમ સ્વરૂપ સ્વામી જણાવ્યું કે, 'નવરાત્રિમાં પૂજા થાય, ઉપાસના થાય તે નવરાત્રિમાં મહિલાઓને રાવણની નજરે જોવાય તે કેવી લાચારી. નવરાત્રિમાં જે સ્ત્રીને દેવી સ્વરૂપે જોવામાં આવતી, નારી તું નારાયણી તરીકે જોવામાં આવતી તે સ્ત્રીને મનોરંજનના સાધાન કે ટિકિટના વધુ ભાવ લેવાના સાધન તરીકે જોવામાં આવે, ભૂખ્યા ભેડિયાઓની વચ્ચે સસલું રમતું મૂકવામાં આવે તેમ ગરબે રમાડવામાં આવે તે કેવી લાચારી સ્વામીના આ પ્રકારના નિવેદનોથી હડકંપ મચી જવા પામ્યો છે.

અનુભવી કપ્તાન સોફી ડિવાઈન (અણનમ ૫૭ રનની) અર્ધસદી અને તેની શાનદાર રણનીતિની મદદથી ન્યુઝીલેન્ડ મહિલા ટીમે મહિલા ટી-૨૦ વિશ્વકપ ગ્રુપ એની મેચમાં ભારતને ૫૮ રને હરાવી દીધું. ન્યુઝીલેન્ડે ટી-૨૦માં ભારત વિરૂદ્ધ પોતાની સૌથી મોટી જીત મેળવી પોતાની છેલ્લી ૧૦ મેચમાં હારની પરંપરાને પણ સમાપ્ત કરી. ભારતીય ટીમનું પ્રદર્શન ઘણું નિરાશાજનક રહ્યું જે પડકાર રજૂ કર્યા વિના ૧૯ ઓવરમાં ૧૦૨ રનમાં સમેટાઈ ગઈ. જો કે આ મોટી હાર બાદ પણ ભારત હજી પણ સેમીફાઈનલમાં પ્રવેશી શકે છે. ભારતના ગ્રુપમાં પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા છે. ભારતે સેમીફાઈનલમાં પ્રવેશ કરવા માટે પાકિસ્તાન અને શ્રીલંકાને સારા માર્જિનથી હરાવવા પડશે. જેથી તેમના ના ફક્ત ચાર પોઈન્ટ થાય પણ તેમની રનરેટ પણ સુધરે. ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ ભારતની નેટ રનરેટ ઘણી ખરાબ છે. ભારતને અંતિમ ગ્રુપ મેચ ૬ વખતના ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે રમવાની છે અને તેને હરાવવું ટીમ માટે એક મોટી સિદ્ધિ હશે. જો ભારત ઓસ્ટ્રેલિયા સામે હારી જાય તો તેને ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાનની ઓછામાં ઓછી બે મેચોમાં હારવાની આશા કરવી પડશે ત્યારે સમીકરણ સારા રનરેટ પર આવી જશે. આવામાં જો ભારતનો રનરેટ સારો રહ્યો તો તે સેમીફાઈનલ માટે ક્વોલિફાઈ કરી લેશે.

## એલિસ પેરીએ ઓસ્ટ્રેલિયા માટે ઈતિહાસ રચ્યો

દુબઈ, તા.૫

શ્રીલંકા વિરૂદ્ધ રમવા ઉતરેલી એલિસ પૈરીએ પોતાનું નામ રેકોર્ડ બુકમા નોંધાવી દીધું છે. પૈરી ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ બધા ટી-૨૦ વિશ્વકપમાં રમનારી ખેલાડી બની ગઈ છે. એલિસ પેરીએ ૨૦૦૦માં ઓસ્ટ્રેલિયા માટે પ્રથમ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી હતી. ત્યારબાદથી તેણે આઈસીસી ટી-૨૦ વિશ્વકપની બધી ટુર્નામેન્ટમાં ભાગ લીધો છે. પેરી ટીમમાં સૌથી સિનિયર ખેલાડીઓમાંથી એક છે. ટી-૨૦ વિશ્વકપમાં પૈરી ઓસ્ટ્રેલિયા માટે ૪૦મી મેચ રમી રહી છે.

### ભારતે પોતાની નબળાઈઓ દૂર કરવી પડશે

# મહિલા ટી-૨૦ વિશ્વકપમાં આજે ભારત અને પાકિસ્તાન ટકરાશે

દુબઈ, તા.૫

પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ સામે કારમા પરાજયથી દુઃખી ભારતને જો ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪માં પોતાનું અભિયાન ટ્રેક ઉપર લાવવું છે તો તેને પાકિસ્તાન વિરૂદ્ધ રવિવારે દુબઈમાં રમાનારી મેચમાં ટીમ સંયોજનની પોતાની ખામીઓ દૂર કરવી પડશે. ભારતીય ટીમને શુક્રવારે પોતાની પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ સામે ૫૮ રને પરાજયનો સામનો કરવો પડ્યો જેનાથી તેની સેમીફાઈનલમાં સ્થાન બનાવવાની આશાને કારમો ફટકો પડ્યો છે અને આનાથી તેના માટે આગળની બધી મેચ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. ભારતની નેટ રનરેટ સારી નથી અને તેના માટે હવે પાકિસ્તાન, શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાનારી મેચોમાં કોઈપણ ભોગે જીત મેળવવી પડશે. હરમનપ્રીત કૌરના નેતૃત્વવાળી ભારતીય ટીમે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ રમતના ત્રણેય વિભાગમાં ખરાબ પ્રદર્શન કર્યું તેની પાસે હવે સમય નથી અને વહેલી તકે પોતાની નબળાઈઓ દૂર કરવી પડશે. આ કામ એટલું આસાન નથી કારણ કે તેનો સામનો હવે પાકિસ્તાન સામે છે. જેણે પ્રથમ મેચમાં શ્રીલંકાને હરાવ્યુ હતું. પાકિસ્તાન વિરૂદ્ધ મેચ પહેલા ભારતે ટીમ સંયોજનમાં સુધારો કરવો પડશે. જો કે ભારતનો પાકિસ્તાન વિરૂદ્ધ રેકોર્ડ શાનદાર રહ્યો છે. આ બંને ટીમ વચ્ચે જે ૧૫ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમાઈ છે. તેમાંથી ભારતે ૧૨ મેચ જીતી છે. જોકે ભારત પાકિસ્તાનને હળવાશથી લેવાની ભૂલ નહીં કરે જેનું બોલિંગ આક્રમણ ઘણું મજબૂત છે.

### તનુશ કોટિયનની આકર્ષક સદી

# મુંબઈએ ૨૭ વર્ષ બાદ ઈરાની કપનું ટાઈટલ જીત્યું મેચ ડ્રો થઈ

લખનૌ, તા.૫

રહાણેના નેતૃત્વવાળી મુંબઈની ટીમે ઈરાની કપ ૨૦૨૪ ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. મુંબઈ વિરૂદ્ધ રેસ્ટ ઓફ ઈન્ડિયા મેચ ડ્રો રહી. ઈરાની કપ મેચમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા અને રણજી ટ્રોફી વિજેતાની ટક્કર થાય છે. મુંબઈએ લખનૌના ઈકાના સ્ટેડિયમમાં ઈરાની કપની પ્રથમ ઈનિંગમાં ૫૩૭ રન બનાવ્યા હતા. જવાબમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા ૪૧૬ રન બનાવી શક્યું હતું. મેચના પાંચમા અને અંતિમ દિવસે મુંબઈનો સ્કોર જ્યારે બીજી ઈનિંગમાં ૮ વિકેટે ૩૨૯ રને પહોંચ્યો તો ડ્રોની જાહેરાત કરી દેવાઈ. મુંબઈએ ૨૭ વર્ષ બાદ ઈરાની કપ ટ્રોફીનો દુકાળ સમાપ્ત કર્યો છે. મુંબઈએ આ પહેલા ૧૯૯૭-૯૮માં ટાઈટલ જીત્યું હતું.



જો કે અનેક લોકોના મનમાં સવાલ છે કે આખરે મેચ ડ્રો થવા છતાં મુંબઈ જ કેમ ચેમ્પિયન બન્યું ? ઈરાની કપમાં નિયમ છે કે મેચ ડ્રો રહેવાની સ્થિતિમાં વિજેતાનો નિર્ણય પ્રથમ ઈનિંગની લીડના આધારે કરવામાં આવે છે. મુંબઈ એટલા માટે ઈરાની કપ ટ્રોફી પર કબજો જમાવવામાં સફળ રહ્યું કારણ કે તેણે રેસ્ટ ઓફ ઈન્ડિયા વિરૂદ્ધ પ્રથમ ઈનિંગમાં ૧૨૧ રનની લીડ પ્રાપ્ત કરી હતી. મુંબઈ માટે પાંચમા દિવસે તનુશ કોટિયન અને મોહિત અવસ્થીએ શાનદાર બેટિંગ કરી હતી. કોટિયને ૧૫૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી અણનમ ૧૧૪ રનની ઈનિંગ રમી. અવસ્થીએ અણનમ ૫૧ રન બનાવ્યા હતા.

# હરમનપ્રીત કૌરે ઈતિહાસ રચ્યો, અનેક સિદ્ધિ મેળવનારી પ્રથમ ભારતીય બની

દુબઈ, તા.૫

ભારતીય કપ્તાન હરમનપ્રીત કૌરે શુક્રવારે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ૨૦૨૪ મહિલા ટી-૨૦ વિશ્વકપમાં ભારતની પ્રથમ મેચમાં ટોસ માટે ઉતરતા જ ઈતિહાસ રચી દીધો અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનારી ઈતિહાસની પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ. હરમનપ્રીત ટોસ હારી જતા સોફી ડિવાઈને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો. ૩૪ વર્ષીય હરમનપ્રીત ઈતિહાસમાં સિનિયર આઈસીસી મહિલા ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય કપ્તાન બનવાની આશા કરી રહી છે. ભારત આગામી મેચમાં પાકિસ્તાન (૬ ઓકટોબર), શ્રીલંકા (૯



ઓકટોબર) અને ઓસ્ટ્રેલિયયા (૧૩ ઓકટોબર)નો સામનો કરશે.

હરમનપ્રીત કૌર મહિલા ટી-૨૦ વિશ્વકપની ચારેય ટુર્નામેન્ટમાં રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ કરનારી પ્રથમ ભારતીય કપ્તાન બની ગઈ છે. આ પહેલા મિતાલી રાજે ત્રણ ટુર્નામેન્ટમાં ભારતની કેપ્ટનશીપ કરી હતી. જયારે ઝુલન ગોસ્વામીએ બે વિશ્વકપમાં રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. ઝુલનની કેપ્ટનશીપમાં ભારત ૨૦૦૯ અને ૨૦૧૦ બંને વખત સેમીફાઈનલમાં હારી ગયું હતું. જયારે ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૬માં ગ્રુપ સ્ટેજમાં બહાર થઈ ગયું હતું. જયારથી હરમનપ્રીતે સૌથી નાના ફોર્મેટમાં ટીમનું નેતૃત્વ સંભાળ્યું છે. ભારત ૨૦૧૮ અને ૨૦૨૩માં ક્રમશઃ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. તેના નેતૃત્વમાં ભારત ૨૦૨૦માં પોતાના પ્રથમ અને અત્યાર સુધીની એકમાત્ર ફાઈનલમાં પહોંચ્યું છે. હરમનપ્રીતના નામે સૌથી વધારે મહિલા ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમવાનો (૧૭૪) અને કેપ્ટનશીપ (૧૧૯)નો રેકોર્ડ છે.

# કોહલી નહીં પણ પંત છે ટીમ ઈન્ડિયાનો સૌથી મોટો 'સ્લેજર' : ઓસી. ખેલાડીઓ

નવી દિલ્હી, તા.૫ : ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે હાઈવોલ્ટેજ બોર્ડર ગાવસ્કર ટ્રોફીની શરૂઆત આગામી મહિને થવાની છે. જો કે આ સિરીઝ માટે અત્યારથી માહોલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં સ્ટાર સ્પોર્ટ્સે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને હાલની ટીમ ઈન્ડિયાના સૌથી મોટા સ્લેજ કરનારા ખેલાડી વિશે પૂછવામાં આવ્યું. આ દરમ્યાન ત્યાં મિચેલ સ્ટાર્ક, હેઝલવુડ, નાથન લિયોન, પેટ કમિન્સ, ઉસ્માન ખ્વાઝા, ટ્રેવિસ હેડ અને લાબુશેન હાજર હતા અને દરેક ખેલાડીએ વિરાટ કોહલીનું નહીં પણ રિષભ પંતનું નામ લીધું. ટેસ્ટ ક્રિકેટમાં પંતની વિકેટ કિપીંગની સાથે સાથે દરેક વ્યક્તિ તેની સ્લેજિંગનો ફેન છે તેના સ્લેજિંગના વીડિયો અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થતા રહે છે. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પણ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં તેણે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની ખૂબ મજા લીધી છે. ૨૦૧૮-૧૯ના ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં તો ટિમ પેન અને રિષભ પંતે જણાવ્યું હતું કે તે વિચારીને સ્લેજ કરતો નથી પણ પ્રેમથી સ્લેજ કરે છે.

**હદીસ બોધ**

વહેલી સવારે પોકારનાર કૂકડાને ધિક્કારો નહીં, તે તો તમને બંદગી માટે જગાડે છે. - હદીસ બોધ

**બોધ વચન**

ખુશી એ એક એવું અત્તર છે, જેના થોડા ટીપાં તમારી જાત પર છાંટયા વિના બીજાઓ પર છાંટી નહીં શકો.
- એનોનીમસ

**આજની આરસી**

૬ ઓક્ટોબર રવિવાર ૨૦૨૪
૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ ત્રીજ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૪
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૩

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ગુજર જા અકલસે આગે કિ યે નૂર**
**ચરાગ-એ-રાહ હૈ, મંઝીલ નહીં હૈ**

અક્કલથી આગળ નીકળો તો મંઝીલ ઉપર ફક્ત ઈશ્ક-અલ્લાહનો પ્રેમ જ લઈ જઈ શકે છે. અક્કલ અને ઈશ્કમાં ઈશ્ક ઉપરવટ છે, અક્કલમાં હા અને ના છે, ઈશ્કમાં ફક્ત હા છે. તારો રાહગીર રસ્તો બતાવે છે, અંતિમ ધ્યેય માટે તો તારે આગળ વધવાનું છે.

ર.રાજા નમરૂદે હ. ઈબ્રાહીમ અ.સ.ને ભયંકર આગમાં ફેંકવાનો હુકમ કર્યો તો તેમણે બુદ્ધિ પાસે જવાબ માંગ્યો હોત તો બુદ્ધિ નમરૂદને તાબે જવા કહ્યું હોત, અલ્લાહની પનાહ માંગી તો આગમાં પણ સલામત રહ્યા.

- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# આદિવાસી યુવકને માર મારી બળજબરીપૂર્વક પેશાબ પીવડાવવામાં આવ્યો, મરી ગયો એમ સમજીને છોડી દીધો, પરિવારે સમગ્ર ઘટના જણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સાંજના સમયે કેટલાક લોકો યુવક પર હુમલો કરી રહ્યા હતા. યુવકના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું, તેના કપડા ફાટી ગયેલા હતા, છતાં જૂથના હુમલાખોરો તેને લાતો અને મુક્કાઓ વડે માર મારી રહ્યા છે. ત્યારબાદ હુમલાખોરોમાંથી એક યુવકના વાળ પકડી લે છે અને તેના ચહેરા પર પેશાબ કરવા લાગે છે. તેમાંથી એક તેનો પગે કચડી નાખે છે, તું કંઈ કહેશે તો અમે તમારા ટુકડા કરી નાખીશું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં આ બધુ જ દેખાઈ રહ્યું છે. યુપીના સોનભદ્રમાં ૨૨ વર્ષના આદિવાસી યુવકને ગુંડાઓએ ખૂબ માર માર્યો હતો અને તેના પર પેશાબ પણ કર્યો હતો. આ પછી એક વીડિયો બનાવીને વાયરલ કરવામાં આવ્યો હતો. પોલીસે મુખ્ય આરોપીને કસ્ટડીમાં લીધો છે. અન્ય ૪ આરોપીઓને પકડવા માટે ૨ ટીમો તૈનાત કરવામાં આવી છે. અનુસૂચિત જનજાતિ સમુદાયના કમલ ખારવાર (ઓળખ છુપાવવા બદલેલ નામ) શક્તિનગર, સોનભદ્રમાં રહે છે. આ ઘટના તેની સાથે બની હતી. પરિવારે નોંધાવેલી ફરિયાદ મુજબ, કમલ તે દિવસે એક મિત્રને ટી-સી-એ કોલોનીમાં મૂકવા ગયો હતો. ત્યારબાદ મુખ્ય આરોપી અંકિત ભારતીએ બેરિયર નંબર ૧ પાસે રેલવે કલ્વર્ટની સામે કાર રોકી હતી. બીજા આરોપીએ કમલને બંદૂકની અણી પર રોક્યો હતો જ્યારે અન્ય આરોપીએ તેને સળિયા વડે મારવાનું શરૂ કર્યું હતું. આ સિવાય ૪-૫ વધુ છોકરાઓ પણ આવ્યા હતા જેમણે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. છેવટે કમલ મરી ગયો છે એમ વિચારીને તેઓ ત્યાંથી ભાગી ગયા. પરિવારજનોએ પોલીસમાં કરેલી ફરિયાદ મુજબ, કમલનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને પેશાબ પીવડાવવામાં આવ્યો હતો, તેને સળિયાથી મારવામાં આવ્યો હતો અને તે અર્ધ મૃત્યુ પામ્યો હતો. આ જઘન્ય અપરાધને અંજામ આપનાર ગેંગના લીડર અંકિત ભારતી અને શ્રવણ છે. આ ગેંગ બાઈક ચોરી, મોબાઈલ-ચેન સ્નેચિંગ, ડ્રગ્સ વેચવાનું અને પૈસા માટે લોકોને માર મારવાનું કામ કરે છે. પીડિતના ભાઈએ ક્વિંટ હિન્દી સાથે વાત કરતા કહ્યું કે, અંકિત ભારતી અને તેની ગેંગે આ પહેલા પણ કમલ પર હુમલો કર્યો હતો. તે સમયે કમલના ગળા પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો અને તેના ગળા પર છરીના હુમલાના નિશાન હજુ પણ છે. ભાઈનો આરોપ છે કે તે વખતે પોલીસે ત્યારે કોઈ કાર્યવાહી કરી ન હતી. કમલના પરિવાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, અંકિત ભારતી વિરૂદ્ધ અગાઉ ૨૦૨૨ અને ૨૦૨૩રમાં ઓછામાં ઓછી ૪ FIR નોંધવામાં આવી હતી. અધિક પોલીસ અધિક્ષક કાલુ સિંહે જણાવ્યું હતું કે, ૨૬ સપ્ટેમ્બરની સાંજે લગભગ ૭ વાગ્યે, બેરિયર નંબર ૧ નજીક, પીડિતા કમલ ખારવારને મુખ્ય આરોપી અંકિત ભારતી અને અન્ય સાત-આઠ યુવકોએ ઘેરી લીધો અને મારપીટ કરી. આ પછી પીડિત પર પેશાબ પણ કરવામાં આવ્યો જ્યારે અન્ય યુવકો ઉભા રહીને તેનો વીડિયો બનાવતા રહ્યા. પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ઘટનાને અંજામ આપનાર આરોપી પીડિતના વિસ્તારના છે. ઘટના બાદ પીડિત પરિવાર તેને સારવાર માટે મધ્યપ્રદેશની બાયધન હોસ્પિટલમાં લઈ ગયો હતો. તેમના દ્વારા પોલીસ સ્ટેશન અથવા યુપી-૧૧૨ને કોઈ માહિતી આપવામાં આવી ન હતી. જો કે, વીડિયો વાયરલ થયા બાદ શક્તિનગર પોલીસ સ્ટેશનની પોલીસે ટ્વિટની નોંધ લીધી અને પીડિતના ભાઈનો સંપર્ક કર્યો. ધ ક્વિન્ટ સાથે વાત કરતા પિપરી સર્કલ ઓફિસર અમિત કુમારે જણાવ્યું હતું કે પીડિત સામે પણ ૨-૩ કેસ નોંધાયેલા છે અને તે મુખ્ય આરોપી અંકિત ભારતી સાથે ઘણી વખત કામ કરતો હતો. જોકે, કમલના ભાઈએ આ વાતને નકારી કાઢી છે. પીડિતના ભાઈની ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી હતી જેમાં નીચેની કલમોના આધારે ૫ નામના આરોપી સામે FIR નોંધવામાં આવી હતી :

૧.ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૧૯૧(૨) : સામાન્ય રમખાણોના ગુના માટે સજા

૨.IPCની કલમ ૧૯૧(૩) : ગેરકાયદેસર જૂથમાં ઘાતક હથિયાર વડે હિંસા

૩.IPCની કલમ ૧૯૦ : ગેરકાનૂની જૂથ સંબંધિત ગુનાઓ

૪.IPCની કલમ ૧૧૫(૨) : સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવાના ગુના માટે સજા

૫.IPCની કલમ ૩૫૨ : જાહેર શાંતિને ખલેલ પહોંચાડવાના ઈરાદાથી ઈરાદાપૂર્વકનું અપમાન

૬.IPCની કલમ ૩૫૧(૨) : ફોજદારી ધમકી માટે સજા

૭.IPCની કલમ ૧૦૯ : હત્યાના પ્રયાસનો ગુનો

૮.IPCની કલમ ૧૧૭ (૨) : ગંભીર ઈજા પહોંચાડવાના ગુના માટે સજા

૯.IPCની કલમ ૧૩૩ : અપમાનિત હુમલો અથવા પ્રતિબદ્ધ કરવાના ઈરાદા સાથે ફોજદારી બળનો ઉપયોગ

૧૦.CLA એક્ટ : નોકરી અથવા વ્યવસાય પ્રત્યે પૂર્વગ્રહ ધરાવતી વ્યક્તિની છેડતી

પોલીસે મુખ્ય આરોપી અંકિત ભારતીને કસ્ટડીમાં લીધો છે જ્યારે બાકીના ચાર આરોપી-શ્રવણ કુમાર, પ્રીતમ, નિખિલ કુમાર અને રવિ રાવણની ધરપકડ કરવા માટે પોલીસની બે ટીમો તૈનાત કરવામાં આવી છે.

# અમેઠીમાં દલિત શિક્ષક, સમગ્ર પરિવારની હત્યા થતાં રાહુલ ગાંધીએ સાંસદ કે.એલ. શર્માને ફોન કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

અમેઠીમાં દલિત શિક્ષક સુનીલ કુમાર અને તેના સમગ્ર પરિવારની ભયાનક હત્યાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. હત્યારાઓએ બે માસૂમ દીકરીઓને પણ ન બક્ષી અને ગોળી મારી હત્યા કરી નાખી. પોલીસનો દાવો છે કે આ એક હત્યારા અને એક બંદૂકધારીનું કામ નથી. પોલીસ એક સાથે અનેક બાબતો પર કામ કરી રહી છે. પોલીસનો દાવો છે કે, તેમને કેટલીક મહત્વપૂર્ણ કડીઓ મળી છે અને ગુનેગારોને ટૂંક સમયમાં પકડી લેવામાં આવશે. દરમિયાન, રાયબરેલીના કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અમેઠીથી તેમની પાર્ટીના સાંસદ કે.એલ શર્મા સાથે ફોન પર વાત કરી છે.

રાહુલ ગાંધીએ આ મામલાની સંપૂર્ણ માહિતી કે.એલ શર્મા પાસેથી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધીએ કહ્યું છે કે, કિશોરી જી, અમે પીડિત દલિતોની સાથે છીએ. તમે તેમને ન્યાય અપાવવામાં વ્યસ્ત છો. જો ન્યાય નહીં મળે તો કિશોરીજી મને કહેશે અને હું વ્યક્તિગત રીતે પીડિત માટે આવીશ. એવી ચર્ચા છે કે રાહુલ ગાંધી પણ અમેઠીની મુલાકાત લઈ શકે છે. તમને જણાવી દઈએ કે ગાંધી પરિવારનો અમેઠી સાથે જૂનો સંબંધ છે. રાહુલ ગાંધી પણ અહીંથી સાંસદ રહી ચૂક્યા છે.૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપની સ્મૃતિ ઈરાની સામે ગાંધી પરિવારના નજીકના કે.એલ શર્માને ટિકિટ આપી હતી. કે.એલ શર્માએ અહીંથી સ્મૃતિ ઈરાનીને હરાવ્યા હતા.

અમેઠીમાં બદમાશોએ ઘરમાં ઘૂસીને દલિત સરકારી શિક્ષક સુનીલ કુમાર અને તેના પરિવારની હત્યા કરી નાખી. આ હત્યાકાંડમાં સુનીલ કુમાર, તેની પત્ની પૂનમ ભારતી, ૪ વર્ષની પુત્રી લાડો અને દોઢ વર્ષની પુત્રી સૃષ્ટિનું મોત થયું છે. બંને નિર્દોષ લોકોને પણ ગોળી વાગી છે. ગુનાના દ્રશ્યો એવા છે કે તેને જોઈને હૃદય ધ્રૂજી જાય છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ હત્યાકાંડ પર આઈજી રેન્જ અયોધ્યા પ્રવીણ કુમારે કહ્યું છે કે, ઘટનાસ્થળે બળપ્રવેશના કોઈ પુરાવા મળ્યા નથી. જો કે પોલીસને કેટલીક મહત્વની કડીઓ મળી હોવાનું કહેવાય છે. આઈજીએ કહ્યું છે કે, પોલીસની ચાર ટીમો તૈનાત કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ આરોપીઓને શોધી કાઢવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર જે રીતે બાળકોની હત્યા કરવામાં આવી છે તે જોઈને લાગે છે કે લોકો એકબીજાને ઓળખતા હતા.બાળકોને પણ મારવામાં આવ્યા હતા જેથી તેમની ઓળખ ન થઈ શકે. આ હત્યા કેસની તપાસ વચ્ચે એક અલગ જ માહિતી સામે આવી છે.૧૮ ઓગસ્ટ ૨૦૨૪ની જૂની FIR મળી આવી છે. શિક્ષકની પત્ની પૂનમ ભારતી તરફથી આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. પૂનમ ભારતીએ ચંદન વર્મા નામના વ્યક્તિ પર જાતિ સંબંધિત શબ્દોનો ઉપયોગ કરીને અશ્લીલ હરકતો, મારપીટ અને અપશબ્દોનો આરોપ લગાવ્યો હતો.

આ કેસની FIR કોપી મુજબ, પૂનમ ભારતી તેના બાળકની સારવાર માટે સુમિત્રા હોસ્પિટલમાં ગઈ હતી. ત્યાં રાયબરેલીના રહેવાસી ચંદન વર્મા નામના વ્યક્તિએ તેની સાથે અશ્લીલ હરકતો કરી હતી. જ્યારે તેણે વિરોધ કર્યો તો તેણે તેના પતિ સુનીલ કુમારને થપ્પડ મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી. પૂનમ ભારતીનો આરોપ છે કે ચંદન વર્મા નામના આ વ્યક્તિએ પહેલા જ તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ એફઆઈઆર કોપીમાં તે સ્પષ્ટપણે કહી રહી છે કે ભવિષ્યમાં તેની કે તેના પતિ સાથે કોઈ દુર્ઘટના થશે તો તેના માટે ચંદન વર્મા જવાબદાર રહેશે. મૃત શિક્ષક સુનિલ રાયબરેલીનો વતની હતો અને પન્હૌનાની એક સરકારી શાળામાં શિક્ષક હતો. જ્યારે તેમના ઘર પર ગોળી ચલાવવામાં આવી ત્યારે પાડોશીઓએ સાંભળ્યું. પાડોશીઓ તેમના ઘરની અંદર ગયા ત્યારે પરિવારના ચારેય સભ્યો મૃત હાલતમાં પડેલા હતા. હુમલાખોરોની ઓળખ કરવા માટે પોલીસ વિસ્તારમાં લાગેલા સીસીટીવીને પણ સ્કેન કરી રહી છે.

# ઉત્તરપ્રદેશ સરકાર દલિત IIT વિદ્યાર્થીને સંપૂર્ણ શિષ્યવૃત્તિ આપે છે, સુપ્રીમ કોર્ટ મદદ કરે છે



(એજન્સી) લખનૌ, તા.૫

યોગી આદિત્યનાથ સરકારે બુધવારના રોજ અતુલ કુમાર, દલિત છોકરાને સંપૂર્ણ શિષ્યવૃત્તિ ઓફર કરી, જેણે IIT ધનબાદમાં ૧૭,૫૦૦ રૂપિયાની સ્વીકૃતિ ફી જમા કરાવવામાં અસમર્થતા બદલ અપવાદરૂપ કિસ્સો ગણી સુપ્રીમ કોર્ટે તેની સત્તાનો ઉપયોગ કરી સંસ્થાને તેને પ્રવેશ આપવા આદેશ કર્યો. સરકારી પ્રવક્તાએ જણાવ્યું હતું, સમાજ કલ્યાણ વિભાગ તેની શિષ્યવૃત્તિ યોજના હેઠળ મુઝફ્ફરનગરના ટિટોરા ગામના વતની અતુલ કુમારની સંપૂર્ણ ટ્યુશન ફીને આવરી લેશે. IIT ધનબાદમાં તેના ચાર વર્ષ દરમિયાન નાણાકીય અવરોધો તેની શૈક્ષણિક આકાંક્ષાઓને અવરોધે નહીં તેની ખાતરી કરીને વિભાગ અન્ય ખર્ચાઓનું પણ ધ્યાન રાખશે. મુખ્યમંત્રીએ વિભાગને સુનિશ્ચિત કરવા સૂચના આપી છે કે અતુલને તમામ શક્ય સહાય પૂરી પાડવામાં આવે. સમાજ કલ્યાણ મંત્રી અસીમ અરૂણે અતુલ અને તેના પરિવારને ખાતરી આપી કે રાજ્ય સરકાર તેની સમગ્ર શૈક્ષણિક યાત્રા દરમિયાન તેની સાથે રહેશે. સ્વીકૃતિ-ફીની સમયમર્યાદા ચૂકી જવા માટે જ્યારે તેને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં પ્રવેશ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો, ત્યારે દૈનિક વેતન કામદારના ૧૮ વર્ષના પુત્રએ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, ઝારખંડ કાનૂની સેવા સત્તામંડળ અને મદ્રાસ હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો. સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ જ તેની વાર્તા સાર્વજનિક બની હતી. ત્રણ જજોની બેન્ચે તેના ચુકાદામાં કહ્યું હતું કે, એક પ્રતિભાને વેડફી શકાય નહીં.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સેલ્સ ગર્લ્સ જોઈએ છે**
ગાર્મેન્ટ શો રૂમ માટે અનુભવીને પહેલી પસંદગી સરનામું : શ્યામલ ચાર રસ્તા, જીવરાજ બ્રીજ પાસે, આનંદ નગર રોડ, સેટેલાઈટ,
Mobile : 7567220822 9825024314

**ગૃહકાર્ય જોઈએ છે**
મુસ્લિમ મહિલા રસોઈ-ઘરકામ, ૮ કલાક શાહીબાગ
9879953816

**જોઈએ છે**
મુસ્લિમ બહેન, પાંચ વ્યક્તિની રસોઈ બનાવવા માટે, પાલડીમાં, સમય ૧૧થી ૫
Mo. 9879027725

**સેલ્સમેન જોઈએ છે**
લેડીઝ ડ્રેસ મટીરિયલ તથા ઈમિટેશન જ્વેલરી માટે, ઢાલગરવાડ, અમદાવાદ
9723340315

**જોઈએ છે હોસ્પિટલ માટે**
અલ-અમીન ગરીબ નવાઝ જનરલ હોસ્પિટલ ગોમતીપુર માટે એકાઉન્ટન્ટ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર, મેડિકલ ઓફિસર, નાઈટ ડ્યુટી માટે ફીમેલ સ્ટાફ મેડિકલ સ્ટોર સ્ટાફ, લેબોરેટરી ટેકનિશિયન, વોચમેન
9313482613 9898686039

**વેચવાનું છે**

**વેચવાનું છે**
મકાન, સ્કીમ લાયક દિલ્હી દરવાજા પાસે
9377991358

**ફ્લેટ વેચવાનો છે**
**પાલડી કાગદીવાડ ત્રણ બેડરૂમ, ફર્નિશ્ડ રિવરફ્રન્ટ સાઈડ નવી બિલ્ડિંગ**
Mobile 98242 51201

**પ્લોટ વેચવાનો છે**
160 વારનો અલ-મુબારક સોસાયટી ઝાહરા ફલેટ પાસે, દાણીલીમડા
9722902999 9924081714

**મકાન વેચવાનું છે**
(ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર, બાંધકામ 200 વાર, દિલ્હી દરવાજા
8141264631

**FOR SALE**
3 BHK ફ્લેટ અંબર ટાવર સામે, જુહાપુરા રોડ-અમદાવાદ
મો.8141985211
દલાલ માફ

**મકાન વેચવાનું છે**
શાહઆલમ રસુલાબાદમાં રોડ ટચનું બે માળનું સંપૂર્ણ સગવડવાળું, હવા ઉજાસવાળું અને કોર્નર ઉપરનું મકાન એલ ટાઈપવાળું મકાન
એન.એન. પઠાણ મો. નં.9924795253
એ.એન. પઠાણ મો.નં.7016246061

**ખેતીની જમીન વેચવાની છે**
39.43 ગુંઠા, જૂની શરતની, મુકામ-મેહલજ, તાલુકા-માતર.
કોન્ટેક્ટ 9722442530

**1 BHK ફ્લેટ વેચવાનો છે**
સંગમ ફ્લેટ, ઢાલગરવાડ ફૂલગલી
9723235951

**www.yourpropertysolution.in**
urgent Contact to us for any New & Old residential & commercial properties for Rent, Sell & Buy
WhatsApp +919327646982

**વેચવાનું છે**
335 વાર પ્લોટ NANOC ટાઈટલ ક્લિયર જુહાપુરા (બ્રોકર માફ)
9825472834

**વેચવાનું છે**
75 વારનું ત્રણ માળનું મકાન સોદાગરની પોળ, કાલુપુર 9824365368

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK ખાનપુર વિસ્તારમાં
9925287984

**ટાઈટલ ક્લિયર દુકાન વેચવાની છે**
TP 85 પાસે, 502 સ્કે. ફૂટ 9898676661

**વેચાણ મકાન જોઈએ છે**
જમીનથી વેચાણ મકાન જોઈએ છે. પટેલવાસ દાણીલીમડા
મો.9998125510

**વેચવાનું છે**
3 બેડરૂમનું ટોપ ફલોરનું લક્ઝુરિયસ એપાર્ટમેન્ટ, અંદાજે 300 સ્કે.યાર્ડ, આઈમાન પાર્ક, કાદરી પાર્ટી પ્લોટની નજીક, ટી.પી. 85 સરખેજ
9913398786

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
ફર્સ્ટ ફ્લોર, માસૂમ ફ્લેટ, અલ-અસ્બાબ પાર્ક, અલ-બુરૂજ પાસે, મકરબા રોડ
9998844948

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી TP 85 સરખેજ
9106087987

**તાત્કાલિક વેચવાની છે**
મોકાની દુકાન, ફ્લેટ ધાબા સાથે દાણીલીમડા
9998929691

580 sq.ft. Office For Sale sun west bank ashram road Broker
9825415296

**વેચવાની છે**
સેમી ફર્નિશ્ડ ઓફિસ 500 સ્કે.ફૂટ, શીતલ વર્ષા કોમ્પ્લેક્ષ, જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ
9825275759

**મકાન અને જમીન ભાડે-વેચાણ**
જુહાપુરા સરખેજ વિસ્તારમાં દુકાન-જમીન મકાન ફ્લેટ બંગ્લો લે-વેચ-ભાડે માટે મળો
9825434705 ફિરોજખાન

**જુહાપુરામાં**
સારી નાની મોટી પ્રોપર્ટી લે-વેચ માટે મળો
8200377703

જુહાપુરામાં NANOC 300 વાર પ્લોટમાં જૂનું મકાન દલાલમાફ
8200377703

**દુકાન ભાડા સાથે વેચાણ આપવાની છે**
12000/- ભાડુ ચાલુ છે. ઊજાલા પાસે ફર્સ્ટ ફ્લોર 600 સ્કવેર ફૂટ
7041212834

**(દસ્તાવેજ) બંગલો/ટેનામેન્ટ વેચાણ**
જગ્યા 90 વાર 280 વાર કિંમત 35 લાખ/1.5 CR તેમજ ફ્લેટ/ટેનામેન્ટ ભાડે આપવાના છે જુહાપુરા
9687750295

**ભાડે આપવાના છે ત્રણ ફ્લેટ**
વિશાલા સર્કલ, જુહાપુરા
Mob. 9737092656

**ડુપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
2 BHK TP 85 અંબર ટાવર
9824547176

**પ્લોટ વેચાણ**
200, 400, 600 વારના સરદાર સ્મૃતિ સોસાયટી અલ-ફઝલ મસ્જિદ સામે (સમય 12થી 06)
9898070780

**વેચાણ મકાન જોઈએ છે**
જમીનથી વેચાણ મકાન જોઈએ છે. પટેલવાસ દાણીલીમડા
મો.9998125510

**લગ્ન વિષયક**

**મુસ્લિમ લગ્ન વિષયક**
હાઈલી એજ્યુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓ જેમ કે ડોક્ટર 350, એન્જિનિયર-385, ગવર્નમેન્ટ એમ્પ્લોઈ-400, NRI-525, માસ્ટર ગ્રેજ્યુએટ-1835, ગ્રેજ્યુએટ-2165 અને તે સિવાય બીજા 6000થી વધુ હાઈલી એજ્યુકેટેડ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
9825091851
યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો www.ummbonline.com

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334 9904969895

**લગ્ન વિષયક**
સિનિયર સિટીઝન વિધુર, બિઝનેસમેન માટે યુવતી ઉંમર ૫૦ આશરે, તંદુરસ્ત નેક નમાઝી ઘરેલુ જોઈએ છે
9898070780

**VIP Muslims Marriage Bureau**
Since 2009 (Online - Offline)
www.vipmuslimsmarriagebureau.com
NRI, Business Class Families, Doctor, Highly Educated Can Contact to us Only. (Age 18 to 55)
Urgent WhatsApp 9327071001

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯**

**જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330**

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY OLD NAME FROM **YASMEN ABDUL GAFFAR GULATI** TO NEW NAME **YASMEN JAVED SURATI** AND I WILL BE KNOWN BY MY NEW NAME WHICH PLEASE BE NOTE.
ADD:JAWAHAR ROAD, KHARAKUVA,LUNAWADA, MAHISAGAR-389230-GUJARAT,INDIA

**જાહેર ચેતવણી**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ ઈમરાનખાન. એસ.પઠાણ ઠે.ઉપર મુજબના તે આ જાહેર ચેતવણી જાહેર જનતાને જાણવા જોગ આપી જણાવીએ છીએ કે.....

આથી જાહેર જનતાને જણાવાનું કે અમારા અસીલ સુલેમાન રમજાન જેઠવા, રહે.બી/૨૬ સીદીકાબાદ કોલોની, અંબર ટાવર સામે, સરખેજ રોડ, અમદાવાદનાઓની પુત્રી, નામે-સાહીનાબાનું દિલાવરભાઈ જેઠવા જે હાલ રહે. ગામ-મોટી રાયણ, તા-માંડવી, જિ.-ભુજ, કચ્છનાઓ છેલ્લા ઘણા સમયથી અમારા અસીલની પુત્રી તેઓનું મનમાન્યું કરતા આવેલ છે. અને અમારા અસીલની પુત્રી છેલ્લા ઘણા સમયથી અમારા અસીલ સાથે રહેતા ન હોઈ કે તેઓનું કહેવું માનતા ન હોઈ અને તેઓની ઈચ્છા મુજબનું વર્તન કરતા આવેલ છે. અમારા અસીલનાં કહ્યામાં ન હોઈ આ જાહેર ચેતવણી આપી જણાવાનું કે, અમારા અસીલે તેઓની પુત્રી સાહીનાબાનું દિલાવરભાઈ જેઠવા નાઓને તેઓની તમામ પ્રકારની સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. જેથી અમારા અસીલની પુત્રી સાહીનાબાનુ દિલાવરભાઈ જેઠવા સાથે કોઈપણ પ્રકારનો નાણાકીય કે અન્ય કોઈ વ્યવહાર કરવો-કે કરાવવો નહી. અગર કોઈપણ વ્યવહાર કરેલ હશે તો તેની સંપૂણ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે. અને અમારી પુત્રીના દીવાની કે ફોજદારી કૃત્ય અંગે અમારા અસીલની કે તેમના પરિવારની કોઈ જ જવાબદારી રહેશે નહી. જે આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ.

તા. /૧૦/૨૦૨૪

ઈમરાનખાન. એસ.પઠાણ
એડવોકેટ

સહી
સુલેમાન રમજાન જેઠવા

# કેવી રીતે ખોટા લવ-જેહાદના પ્રચારને કારણે એક મુસ્લિમ યુવકને આજીવન કેદની સજા થઈ

(એજન્સી) તા.૫

'ઇન્ડિયા ટુડે'એ ૩ જી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ અહેવાલ આપ્યો હતો કે ઉત્તર પ્રદેશના બરેલીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ રવિ કુમાર દિવાકરે દાવો કર્યો હતો કે કેટલાક જૂથો ગેરકાયદેસર ધર્મ પરિવર્તન કરવા દબાણ કરવા હિંદુ મહિલાઓને સંબંધોમાં લલચાવી રહ્યા હતા, તેમણે કહ્યું હતું કે, ભારતની એકતા અને સુરક્ષાને ખતરો છે. જસ્ટિસ દિવાકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગેરકાયદેસર ધર્માંતરણ, માનસિક દબાણ અને લગ્નના વચનો હેઠળ કરવામાં આવે છે, વિદેશી સ્ત્રોતો દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે અને તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે, સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે. ન્યાયાધીશે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિઓ બનાવવાની મોટી યોજનાનો ભાગ છે. ત્યારબાદ કોર્ટે ૨૫ વર્ષીય મુહમ્મદ અલીમને ૨૦ વર્ષની વિદ્યાર્થીની પર બળાત્કાર કરવા બદલ આજીવન કેદની સજા ફટકારી હતી. અલીમે પીડિતા સાથે પોતાને 'આનંદ' તરીકે ઓળખાવ્યો હતો અને સંબંધ બાંધ્યા હતા, જે આખરે બળજબરીથી ગર્ભપાત અને ધમકીઓ તરફ દોરી ગયો હતો. કોર્ટે અલીમના પિતા ૬૫ વર્ષીય સાબીરને પણ તેના પુત્રના ગુનામાં મદદ કરવા બદલ બે વર્ષની જેલની સજા ફટકારી છે. વિદ્યાર્થિનીએ આરોપ લગાવ્યો હતો કે આલિમે તેને હિંદુ હોવાનું માનીને તેને ફસાવી હતી. સંબંધ સ્થાપિત કર્યા બાદ અને નકલી લગ્ન સમારોહ યોજીને તેણે તેના પર ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હતું. પોતાના જીવના ડરથી મહિલાએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારી માનુસ પરીકે જણાવ્યું કે અલીમને ભારતીય ન્યાય સંહિતાની અનેક કલમો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ટ્રાયલ દરમિયાન, મહિલાએ તેના આરોપો પાછા ખેંચતા કહ્યું, 'હિન્દુ સંગઠનોના લોકો તેના ઘરે આવ્યા અને તેના માતાપિતા પર દબાણ કરીને કહ્યું કે આ મુસ્લિમ છોકરો છે અને તમારી પુત્રી તેના ઘરે જઈ શકે નહીં.' તેમ છતાં, ન્યાયાધીશ દિવાકરે તેણીના પાછું ખેંચવા અંગે શંકા વ્યક્ત કરી,





અને સૂચવ્યું કે તે આલીમથી પ્રભાવિત છે. કોઈ વ્યક્તિના કૃત્ય માટે, કોઈ સમગ્ર સમુદાયને કેવી રીતે દોષી ઠેરવી શકે અને મુદ્દાને સામાન્ય બનાવી શકે. એવું લાગે છે કે તે કોઈ હિંદુત્વ કાર્યકર્તા દ્વારા લખાયેલ પેપરમાંથી વાંચી રહ્યો છે. દેશના કેટલાક ધિક્કાર ફેલાવતા જૂથો માટે પ્રેમ લગ્નો, લિવ-ઈન યુગલો જ્યારે તેઓ અલગ-અલગ ધર્મના હોય ત્યારે વારંવાર 'જેહાદ' શબ્દનો ઉપયોગ કરે તે ફેન્સી બની ગયું છે. સૌ પ્રથમ, પ્રેમ આંધળો છે અને કોઈ ધર્મ, જાતિ કે રંગ પણ જોતો નથી. ઘટનાઓને ચોક્કસ એંગલથી અને દ્વેષ સાથે જોવાથી અને ઈરાદાથી બધો જ ફરક પડે છે. સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓમાં વધુને વધુ સ્વતંત્રતા પસંદ કરતા યુવાનો એકલા આવા સંબંધોમાં સામેલ થાય છે, જેનો કેટલાક ઉગ્રવાદી જૂથો તેમના પોતાના એજન્ડાને આગળ વધારવા માટે શોષણ કરે છે અને કોઈ ચોક્કસ ધર્મ પર દોષારોપણ કરે છે. ઓછામાં ઓછા જેઓ વહીવટમાં ઉચ્ચ હોદ્દા પર હોય અને પદ, ગુપ્તતા અને બંધારણ પ્રત્યે વફાદારીના શપથ લીધા હોય તેઓએ આવી સાંપ્રદાયિક ટિપ્પણી કરવાનું ટાળવું જોઈએ. આ લોકો મુસ્લિમો અને ઈસ્લામ વિશે વારંવાર જે આક્ષેપ કરે છે તેની સાથે 'જેહાદ' શબ્દનો કોઈ સંબંધ નથી. તેનો અર્થ થાય છે 'પ્રયત્ન કરવા' વ્યક્તિ દ્વારા સાથી જીવો પ્રત્યે સારો માનવી અને સર્જનહાર-નિભાવી ઈશ્વરનો આજ્ઞાકારી-સેવક. મને યાદ છે કે આપણા દેશમાં 'જેહાદ'ના નામે આ પ્રચાર ૨૦૦૯માં કેરળથી શરૂ થયો હતો. મુસ્લિમ યુવકો દ્વારા હિંદુ યુવતીઓને બળજબરીથી ધર્માંતરણ અને લગ્ન કરવાની ફરિયાદો મળ્યા બાદ કેરળ સરકારે ઔપચારિક તપાસનો આદેશ આપ્યો હતો. ૧૨મી નવેમ્બર, ૨૦૦૯ના અખબારના અહેવાલો ('હિન્દુ') મુજબ, તત્કાલીન પોલીસ મહાનિર્દેશક શ્રી જેકબ પુનોસે કેરળ હાઈકોર્ટ સમક્ષ રાજ્ય પોલીસ દ્વારા તપાસનો અહેવાલ મૂક્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે વિભાગને કેટલાક લોકોના આક્ષેપ મુજબ, રાજ્યમાં 'લવ જેહાદ' કાર્યરત છે તે સ્થાપિત કરવા માટે કોઈ નક્કર અથવા નોંધપાત્ર પુરાવા મળ્યા નથી. ખાસ કરીને ટીન-એજ અથવા યુવાનોમાં એક ધર્મમાંથી બીજા ધર્મમાં પરિવર્તનનું પરિબળ એક સાર્વત્રિક મુદ્દો છે. તે સંપૂર્ણ રીતે વ્યક્તિગત પસંદગી અને સ્વતંત્રતાની બાબત છે, જે સામાન્ય રીતે સામાજિક સ્વતંત્રતા ધરાવતા સમાજમાં, શિક્ષણ અથવા કાર્યસ્થળના ક્ષેત્રોમાં દરેક જગ્યાએ જોવા મળે છે. ન્યાયાધીશ રવિ કુમાર દિવાકર પાસે સમાન વિવાદાસ્પદ અને પૂર્વગ્રહયુક્ત ચુકાદાઓ આપવાનો અગાઉનો રેકોર્ડ છે. અમે તાજેતરના દિવસોમાં નીચેનાને જોઈ શકીએ છીએ.૧) ઓલ ઈન્ડિયા લોયર્સ એસોસિએશન ફોર જસ્ટિસ (AILAJ) એ માર્ચ, ૨૦૨૪માં ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ચંદ્રચુડ સમક્ષ સાંપ્રદાયિક ટિપ્પણી કરવા બદલ મામલો ઉઠાવ્યો હતો. ૫ માર્ચ, ૨૦૨૪ના રોજ લાઈવવાયરમાં ઓમર રશીદ દ્વારા અહેવાલ મુજબ, ૨૦૧૦ના રમખાણોના કેસમાં આદેશ પસાર કરતી વખતે તેમણે યુપીના મુખ્ય પ્રધાનની તેમની ધાર્મિક પૃષ્ઠભૂમિ માટે પ્રશંસા કરી હતી અને દેશમાં કોમી રમખાણો માટે મુસ્લિમોને દોષી ઠેરવ્યા હતા.

# પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબનું અપમાન કરવા મુદ્દે અમરાવતીમાં લોકોની ભીડ વિફરી, પથ્થરમારો કરતા ૨૧ પોલીસકર્મી ઘાયલ

(એજન્સી) તા.૫

મહારાષ્ટ્રના અમરાવતીમાં ભારે હંગામો થયો છે. શૈતાન યતિ નરસિંહાનંદે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરતાં લોકોની ભીડ ગુસ્સે ભરાઈ હતી અને આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો હતો જે બાબતે મામલો બીચકતાં અને ફરિયાદ ન લેવાતી હોવાનો મામલો સામે આવતા લોકો ગુસ્સે ભરાયા અને પથ્થરમારો કરી દીધો હોવાની જાણકારી સૂત્રો દ્વારા મળી રહી છે. લોકોની ભીડના પથ્થરમારાના કારણે લગભગ ૨૧ જેટલાં પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. પથ્થરમારામાં પોલીસના અનેક વાહનો અને બાઈકને નુકસાન થયું છે. ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ ઉપરાંત પોલીસે ટીયર ગેસના શેલ પણ છોડ્યા હતા. સ્થળ પરના તણાવને જોતા, પોલીસ કમિશનરે નાગપુરી ગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં BNSની કલમ ૧૬૩ હેઠળ એકઠા થવા પર પ્રતિબંધના આદેશો જારી કર્યા. મળતી માહિતી મુજબ, યુપીના મહંત યતિ નરસિમ્હાનંદ મહારાજ દ્વારા મુસ્લિમ ધર્મગુરૂ વિરૂદ્ધ આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન




બાદ અમરાવતી (Amravati)માં તણાવ વધી ગયો છે. શનિવારે સોશિયલ દેખાવકાર લોકોએ નાગપુરી ગેટ પોલીસ સ્ટેશનમાં પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો અને કાર્યવાહીની માંગ સાથે પ્રદર્શન કર્યું હતું. જ્યારે તેમની સાથે બળજબરી કરવામાં આવતા ત્યાં પથ્થરમારાની ઘટના બની ગઈ હતી અને સ્થિતિ વણસી ગઈ. આ ઘટનામાં ૨૧ જેટલાં પોલીસકર્મીઓ ઘવાયા હતા. પોલીસના ચારથી પાંચ મોટા વાહનો અને ૧૦ થી ૧૫ મોટરસાઈકલની તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું છે.

# ભૂખ્યા લોકો રાહ ન જોઇ શકે : પરપ્રાંતીય શ્રમિકો અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યો સવાલ

(એજન્સી) તા.૫

સુપ્રીમ કોર્ટે એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફટકાર લગાવી છે જેઓ પરપ્રાંતીય કામદારોને રાશન કાર્ડ આપવામાં નિષ્ફળ રહ્યા છે. કડક પગલાં લેતા કોર્ટે સંબંધિત રાજ્યોના અન્ન અને નાગરિક પુરવઠાના સચિવોને ૧૯ નવેમ્બર સુધીમાં કામ પૂર્ણ કરવા માટે ૬ અઠવાડિયાનો સમય આપ્યો છે. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે કેન્દ્ર સરકાર તેમજ રાજ્યોને ચેતવણી આપી હતી કે જો આ વિષય પર જરૂરી પગલાં લેવામાં નહીં આવે તો દોષિત રાજ્ય સચિવોને કોર્ટની અવમાનનાની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. આ કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ અમાનુલ્લાહે કહ્યું કે હવે અમે આ મામલે અમારી ધીરજ ગુમાવી રહ્યા છીએ. જો તમે નિયત સમયમાં કોઈ પગલાં નહીં ભરો અથવા કોઈ નક્કર પગલું નહીં ભરો તો અમને પગલાં લેવાની ફરજ પડશે, અમે તમને પૂરતો સમય આપ્યો છે. હવે કોઈ શિથિલતા રહેશે નહીં. તેમણે કહ્યું કે જે રાજ્યોએ હજુ સુધી પરપ્રાંતિય મજૂરોને રેશન કાર્ડ જારી કર્યા નથી તેઓએ આ કોર્ટ સમક્ષ એફિડેવિટ જારી કરવી જોઈએ અને હજુ સુધી આવું કેમ નથી થયું તેનું કારણ જણાવવું જોઈએ. લોકડાઉન ૨૦૨૦ દરમિયાન પરપ્રાંતિય કામદારોને રાશનની સુવિધા પૂરી પાડવા માટે સુપ્રીમ કોર્ટે આ મુદ્દા પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું.



આ કેસની સુનાવણી દરમિયાન, કોર્ટ સમક્ષ કહેવામાં આવ્યું હતું કે ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જૂન ૨૦૨૧માં આપવામાં આવેલી કોર્ટના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. તે નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે તમામ સરકારોને સ્થળાંતર કામદારો માટે રાશન કાર્ડ જારી કરવા કહ્યું હતું. તેના આદેશમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે પોતાના ગૃહ રાજ્યથી દૂર હોવા છતાં, તે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ પણ પાત્ર છે. કેન્દ્ર સરકાર પર ટિપ્પણી કરતા ખંડપીઠે પૂછ્યું કે અમે અમારી અગાઉની સૂચનાઓમાં સ્પષ્ટ કર્યું હતું કે બાકીના ૮ કરોડ રેશનકાર્ડ ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા લોકોના આધારે જારી કરવા જોઈએ, શું કેન્દ્ર સરકારે આ પ્રક્રિયા પૂર્ણ કરી છે ? આ મામલે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું કે રાજ્યોએ આનો જવાબ આપવો જોઈએ કારણ કે તેઓએ ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ પાત્ર વ્યક્તિઓની ઓળખ કરતા પહેલા વેરિફિકેશન કરવું પડશે. જો રાજ્યો અમને આ મામલે વધુ સારી રીતે તેમનું કામ કરવા કહેશે, તો અમે કોઈપણ સમસ્યાને દૂર કરવાનો અને શક્ય તેટલી વહેલી તકે તેને મુક્ત કરવાનો પ્રયાસ કરીશું. તેના ૧૯ માર્ચના આદેશનું પાલન ન કરવા પર નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે ૬ અઠવાડિયાનો સમય આપ્યો છે. ૧૯ માર્ચે આપેલા પોતાના આદેશમાં કોર્ટે કહ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ બે મહિનાની અંદર પરપ્રાંતિય મજૂરોને રાશન કાર્ડ જારી કરવા પડશે.

# મટન બિરયાનીથી લઈને ચિકન કરી સુધી... પશ્ચિમ બંગાળની જેલમાં કેદીઓને દુર્ગા પૂજા માટે વિશેષ ભોજન પીરસવામાં આવશે

(એજન્સી) તા.૫

બંગાળીઓનો પ્રખ્યાત તહેવાર દુર્ગા પૂજા શરૂ થવામાં હવે ગણતરીના દિવસો જ બાકી છે. દેશભરમાં ભારે ઉત્સાહ સાથે ઉજવાતો આ તહેવાર પશ્ચિમ બંગાળમાં ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ સમય દરમિયાન, માત્ર દેવી દુર્ગાની મોટી પ્રતિમાઓ અને ભવ્ય પંડાલોને શણગારવામાં આવે છે પરંતુ વિવિધ પ્રકારની વાનગીઓ પણ તૈયાર કરવામાં આવે છે. આ બધાની વચ્ચે તહેવાર દરમિયાન પશ્ચિમ બંગાળની જેલોમાં કેદીઓને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવશે. તહેવાર દરમિયાન કેદીઓ જેલ સત્તાવાળાઓને મેનુ બદલવાની અપીલ પણ કરે છે. આવી સ્થિતિમાં, ષષ્ઠીથી દશમી (દુર્ગા પૂજાની શરૂઆત અને અંત) સુધી, જેલ સત્તાવાળાઓ કેદીઓના આહારમાં ફેરફાર લાવવાનો પ્રયાસ કરે છે (તેઓ દોષિત હોય કે અંડરટ્રાયલ). અધિકારીઓનું કહેવું છે કે તહેવારોની સિઝનના થોડા મહિના પહેલા ખોરાકનો એક નાનો હિસ્સો બચાવીને આવું કરવામાં આવે છે જેથી કરીને કોઈ વધારાનો ખર્ચ ન થાય. પશ્ચિમ બંગાળની જેલોમાં કેદીઓને પીરસવામાં આવે છે તેમાં ખાસ તો માછર માથા દિયે પુઈ શાક (માછલીના વડા સાથે મલબાર પાલક), માછર માથા દિયે દાળ (માછલીના વડા સાથે બંગાળી મૂંગની દાળ), લુચી છોલર દાળ (બંગાળી ચણા દાળ પુરી), પાયેશ (ખીર), ચિકન કરી, આલુ પોટોલ ચિંગરી (બંગાળી પ્રોન) પરવાલ અને બટાકા સાથે), રાયતા સાથે મટન બિરયાની, બસંતી



પુલાઓ (કાજુ અને કિસમિસ સાથે ઘીથી લથબથ પીળા પુલાવ)- મેનૂમાં શામેલ છે. એક જાણીતા મીડિયા સાથે વાત કરતા, બેરકપોર સબ-રિફોર્મેશન હોમના એક વરિષ્ઠ જેલ અધિકારીએ જણાવ્યું હતું કે, "જેલો સુધારણા ઘર છે. તહેવારો પહેલા, કેદીઓ અમને પત્રો લખીને વધુ સારૂં ભોજન માંગે છે. આ વર્ષના મેનૂ સાથે, અમે સુધારણા પ્રક્રિયાના ભાગરૂપે કેદીઓમાં સ્મિત લાવવાની આશા રાખીએ છીએ." 'જેલની કેન્ટીનમાં રસોઈયા અને મદદગાર તરીકે કામ કરતા કેદીઓ પાંચ દિવસના તહેવારો માટે વાનગીઓ તૈયાર કરશે,' બર્દવાન સેન્ટ્રલ કરેક્શનલ હોમના એક વરિષ્ઠ જેલ અધિકારીએ જણાવ્યું હતું.

# મહારાષ્ટ્ર : કથિત નફરતથી પ્રેરિત માર્ગ અકસ્માતમાં ત્રણ વર્ષની મુસ્લિમ બાળકી અને તેની માતાનું મોત

(એજન્સી) તા.૫

મહારાષ્ટ્રના લાતુર શહેરમાં ૨૯ સપ્ટેમ્બરે એક કારે બાઈકને ટક્કર મારતા એક મહિલા અને તેની ૩ વર્ષની પુત્રીનું મોત થયું હતું. આ અકસ્માતમાં મહિલાના પતિ અને ૬ વર્ષનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે પાંચ આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. મૃતક મહિલા અને દીકરી મુસ્લિમ હોવાની જાણકારી મળી રહી છે. આ ઘટના મુસ્લિમ સાથે નફરતને પગલે બની હોવાની જાણકારી છે. અકસ્માત કરનારા લુખ્ખા તત્ત્વોએ એવું કહ્યું હતું કે આ તો મુસ્લિમ છે તેને પાઠ તો ભણાવવો જ પડશે. આટલું કહેતા જ એ લોકોએ કારચાલકોએ બાઈક ચાલકને ટક્કર મારી દીધી હતી. મળતી માહિતી મુજબ, ૨૯ સપ્ટેમ્બરે રાત્રે ૮ વાગ્યે સાદિક શેખ તેની પત્ની ઈકરા અને છ વર્ષનો દીકરો અહદ અને ત્રણ વર્ષની દીકરી નાદિયા સાથે ઓસામાં રહેલી બહેનને મળીને લાતુર પરત ફરી રહ્યા હતા. તે જ સમયે પાછળથી એક ફોર વ્હીલરે બેફામ સ્પીડે સાદિક શેખની







સાઈડ કાપી હતી. આથી સાદિકે આગળ જઈને ડ્રાઈવરને કહ્યું, 'ભાઈ ગાડી બરાબર ચલાવ.' આટલું કહેતા ફોરવ્હીલમાં સવાર લોકોએ સાદિક સાથે દલીલ કરી અને ત્યારબાદ સાદિક તેના પરિવાર સાથે ત્યાંથી નીકળી ગયો. દલીલ કરીને શેખ પરિવાર ત્યાંથી નીકળી ગયો. પરંતુ કારમાં સવાર યુવકોએ ૫ કિલોમીટર સુધી આ પરિવારનો પીછો કરીને બુધડા ગામ પાસે બાઈકને ટક્કર મારી હતી. જેમાં સાદિક શેખની પત્ની અને ત્રણ વર્ષની પુત્રીનું મોત થયું હતું. ઘટના પછી, પાંચ આરોપી દિગંબર પંડોલે, કૃષ્ણ વાઘ, બસવરાજ ધોત્રે, મનોજ માને અને મુદામેને સ્થાનિક રહેવાસીઓએ પકડી લીધા હતા. પાંચેય આરોપીઓને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

# મેં શસ્ત્રો હેઠા મૂકી દીધા છે અને હવે હું ગાંધીવાદી છું; અલગતાવાદી નેતા યાસીન મલિક

**એક મુલાકાતમાં મલિકે જણાવ્યું હતું કે મેં સશસ્ત્ર સંઘર્ષનો ત્યાગ કરી દીધો છે અને સંયુક્ત અને સ્વતંત્ર કાશ્મીરના અમારા સંઘર્ષને આગળ ચલાવવા હવે ગાંધીવાદી માર્ગ અપનાવી લીધો છે**

(એજન્સી) શ્રીનગર, તા.૫

જમ્મુ અને કાશ્મીરના અલગતાવાદી નેતા યાસીન મલિકે ગેરકાનૂની પ્રવૃત્તિઓ પ્રતિબંધ ધારાની ટ્રિબ્યુનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ૧૯૯૪થી જ મેં સશસ્ત્ર સંઘર્ષનો ત્યાગ કરી દીધો છે અને અહિંસાનો માર્ગ અપનાવ્યો છે હવે હું ગાંધીવાદી છું. જમ્મુ અને કાશ્મીર લિબ્રેશન ફ્રન્ટના નેતા યાસીન મલિકે સમક્ષ સોગંદનામું રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે હવે કાશ્મીર માટે સંઘર્ષ કરવા માટે ગાંધીવાદી અહિંસાનો માર્ગ અપનાવી લીધો છે. મેં શસ્ત્રોનો ત્યાગ કરી દીધો છે અને હવે હું ગાંધીવાદી છું . યાસીન મલિકે પોતાના નિર્ણય પાછળના કારણને સમજાવતા જણાવ્યું હતું કે સ્વતંત્ર અને સંયુક્ત કાશ્મીર માટેના સંઘર્ષને આગળ લઈ જવા મેં હિંસાનો ત્યાગ કરવાનું નિર્ણય કર્યો છે અને શાંતિમય માર્ગે ચળવળ ચલાવવામાં આવશે. તાજેતરમાં ટ્રિબ્યુનલ દ્વારા મલિકના



મોરચાને બીજા પાંચ વર્ષ માટે ગેરકાનૂની સંગઠન જાહેર કરવામાં આવ્યું હતું. આ સંગઠન ૧૯૯૪થી ટોચના રાજકીય અને સરકારી માથા સાથે સંપર્ક ધરાવે છે એટલે તેની કાયદેસરતા શંકાસ્પદ છે એવું ટ્રિબ્યુનલના આદેશમાં દર્શાવવામાં આવ્યું છે. આતંકવાદી ફંડિંગના કેસમાં યાસીન મલિક તિહાર જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યા છે. શ્રીનગરમાં ૧૯૯૦માં ભારતીય હવાઈ દળના ચાર જવાનોની હત્યામાં મુખ્ય આરોપી તરીકેનું નામ ખુલ્યું હતું અને નજરે જોનારા સાક્ષીઓએ તેમને મુખ્ય શૂટર તરીકે ઓળખી બતાવ્યા હતા. એ પછી આતંકવાદી નાણા સહાયના કેસમાં એની તપાસ પૂરી થયા બાદ મલિક દોષિત જાહેર થતાં મે ૨૦૨૨માં એ કેસમાં આજીવન કેદની સજા પડી હતી. મલિકે એફિડેવિટમાં દર્શાવ્યું હતું કે ૧૯૯૦ બાદ અનેક સરકારી અધિકારીઓએ મને એવી ખાતરી આપી હતી કે હેતુ પૂર્ણ વાટાઘાટોથી કાશ્મીરના વિવાદનો ઉકેલ લાવવામાં આવશે અને મને વચન આપ્યું હતું કે જો હું એક તરફ જાહેર કરૂં તો મારી સામેના તમામ આક્ષેપો અને મારા મોરચા સામેના સભ્યો સામેના તમામ આક્ષેપો પણ પાછા લઈ લેવા છે. તેમ છતાં ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ કેન્દ્ર દ્વારા મારા સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને અધિકારીઓએ એવા નિવેદનો આપ્યા હતા કે મેં શસ્ત્ર ત્યાગ કર્યો છતાં હું આતંકવાદને સમર્થન આપી રહ્યો છું અને તેને ટકાવવામાં મદદ કરી રહ્યો છું.

# લખનૌ : સ્પેશિયલ CBI કોર્ટે ૨૦૧૩માં પૂર્વ DSP અને મર્હૂમ ઝિયા ઉલ હકની હત્યા કેસમાં ૧૦ આરોપીઓને દોષિત ઠેરવ્યા

(એજન્સી) તા.૫

ઉત્તરપ્રદેશના કુંડાના પૂર્વ ડીએસપી ઝિયા ઉલ હકની હત્યાના કેસમાં લખનૌ, યુપીની વિશેષ સીબીઆઈ કોર્ટે ૧૦ આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. ગુનેગારોના નામ છે ફૂલચંદ યાદવ, પવન યાદવ, મનજીત યાદવ, ઘનશ્યામ સરોજ, રામ લખન, છોટે લાલ યાદવ, રામ આશ્રય, મુન્ના લાલ યાદવ, શિવરામ પાસી અને જગત પાલ. સીબીઆઈના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૩માં કુંડાના ડીએસપી ઝિયા ઉલ હક પોલીસ પાર્ટી સાથે બલીપુર વિસ્તારના વડા નન્હે યાદવના ઘરે ગયા હતા. તે સમયે આ વિસ્તારમાં નન્હે યાદવની હત્યાના કારણે સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિને કારણે જ પોલીસ પાર્ટી ત્યાં પહોંચી હતી. આરોપ છે કે મૃતક નન્હે યાદવના પરિવારના સભ્યો અને સમર્થકોએ પોલીસ પર લાકડીઓ અને અન્ય હથિયારોથી હુમલો કર્યો હતો. ટોળાએ સીઓ કુંડા ઝિયા ઉલ હકની હત્યા કરી હતી. કોર્ટ તમામ ગુનેગારોને ૯ ઓક્ટોબરે સજા સંભળાવશે. ઝિયા ઉલ હકની હત્યા બાદ તેની પત્ની પરવીને ૫ આરોપીઓ વિરૂદ્ધ FIR દાખલ કરી



હતી. જેમાં રઘુરાજ પ્રતાપ સિંહ ઉર્ફે રાજા ભૈયાનું નામ ટોચ પર હતું. અન્ય આરોપીઓમાં ગુલશન યાદવ, હિરોમ શ્રીવાસ્તવ, રોહિત સિંહ અને સંજય સિંહ ઉર્ફે ગુડ્ડુ હતા. ઝિયા ઉલ હક હત્યા કેસમાં કુંડાના ધારાસભ્ય રાજા ભૈયાનું નામ પણ ચર્ચામાં હતું. આરોપ હતો કે તેના મેનેજર નન્હે સિંહે ડીએસપી પર ફાયરિંગ કર્યું હતું. જોકે આ હત્યામાં રાજાભૈયાની કોઈ ભૂમિકા હોવાનું જાણવા મળ્યું નથી. સીબીઆઈ તપાસમાં રાજાભૈયાને ફરી ક્લીનચીટ મળી છે.

# અહમદાબાદના સ્થાપક સુલતાન અહમદશાહ બાદશાહ (ર.અ.)ના ઉર્સનો આવતીકાલથી પ્રારંભ



અહમદાબાદ શહેરના સ્થાપક સુલતાન અહમદશાહ (ર.અ.)ના ૬૧૩મા ઉર્સ શરીફનો સોમવારથી પ્રારંભ થશે. શહેરના માણેકચોક વિસ્તારમાં આવેલ બાદશાહના હજીરામાં આપનું મજારશરીફ આવેલ છે. હિન્દુ-મુસ્લિમ અકિદતમંદો આસ્થા ધરાવે છે. મોટાભાગના સ્થાનિક મુસ્લિમ ધંધાર્થીઓ રોજ સવારે અહીં ફાતેહા પઢી કે સલામ કરી ધંધાનો પ્રારંભ કરે છે જયારે હિન્દુ ભાઈઓ પ્રાર્થના કરે છે. આ મજાર શરીફ પર વર્ષોની પરંપરા મુજબ રોજ નોબત અને શરણાઈ વગાડવામાં આવે છે અને લંગર પણ નાતજાતના ભેદભાવ વગર ખવડાવવામાં આવે છે. આમ ન્યાયપ્રિય અને લોકપ્રિય એવા સુલતાન અહેમદશાહ બાદશાહ (ર.અ.)ના ઉર્સ શરીફની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

### હેલમેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી

# હાઈકોર્ટની ટકોર બાદ અમદાવાદ ટ્રાફિક પોલીસ એક્શન મોડમાં

## પહેલીવાર પકડાયા તો ૫૦૦નો દંડ, બે વખતથી વધુ વખત પકડાશો તો થઈ શકે છે લાઈસન્સ રદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરમાં હેલમેટ મામલે હાઈકોર્ટની ટકોરે બાદ પોલીસ એક્શનમાં આવી છે. ટુ-વ્હીલર ચાલકે સુરક્ષા માટે હેલ્મેટ પહેરવું આવશ્યક હોવા છતાં લોકો કોઈને કોઇ કારણસર પહેરવાનું ટાળે છે.ત્યારે આજથી શહેર ટ્રાફિક-પોલીસ હેલ્મેટ મામલે સ્પેશિયલ ડ્રાઈવ કરી રહ્યું છે. જેમાં ૫૦૦ રૂપિયાના દંડથી લઈને લાઈસન્સ સસ્પેન્ડ થવા સુધીને કાર્યવાહી કરાશે.

ટ્રાફિક-પોલીસના ૧૫૦૦ જવાન, ૮૦૦ હોમગાર્ડના જવાન અને ૧૬૦૦ ટીઆરબી જવાન વાહનચાલકોમાં હેલ્મેટ પહેરવાની સેન્સ આવે એ માટે મેદાનમાં ઊતરવાના છે. ટ્રાફિક-પોલીસની આ ડ્રાઈવ માત્ર નવરાત્રિ પૂરતી જ નથી, જ્યાં સુધી લોકો ફરજિયાત હેલ્મેટ પહેરવાનું શરૂ ના કરી દે ત્યાં સુધી ચાલશે.

હાઈકોર્ટ લાલઘૂમ થતાંની સાથે જ પોલીસ એક્શન મોડ પર આવી ગઈ છે. આજથી શહેરમાં જો કોઈ વાહનચાલકે હેલ્મેટ પહેર્યું નહીં હોય તો પોલીસ તેમના વિરૂદ્ધ કડક કાર્યવાહી કરશે. આજથી અનિશ્ચિત સમય સુધી ટ્રાફિક-પોલીસ હેલ્મેટના મામલે સ્પેશિયલ ડ્રાઈવ કરશે. વહેલી સવારે કે મોડીરાતે પણ જો કોઈ ટુ-વ્હીલરચાલક હેલ્મેટ પહેર્યા વગર નીકળશે, તો ટ્રાફિક-પોલીસ તેમને દંડ કરશે. સામાન્ય રીતે પોલીસની ડ્રાઈવ થોડા દિવસો પૂરતી હોય છે, પરંતુ આ વખતે જ્યાં સુધી શહેરમાં ટુ-વ્હીલર ચલાવતા વાહનચાલકો હેલ્મેટ નહીં પહેરે ત્યાં સુધી આ ડ્રાઈવ ચાલુ રખાશે. આ મામલે ટ્રાફિક જેસીપી એન.એન.ચૌધરીએ જણાવ્યુ હતું કે પોલીસની સતત ડ્રાઈવ ચાલુ જ છે. જ્યાં સુધી તમામ લોકો હેલ્મેટના પહેરે ત્યાં સુધી ડ્રાઈવ ચાલુ રખાશે. વહેલી સવારથી લઈને મોડીરાત સુધી પોલીસ પોતાની ડ્યૂટી નિભાવશે અને હેલ્મેટ નહીં પહેરનાર વિરુદ્ધ કાર્યવાહી કરશે. પહેલી વખત જો કોઈ હેલ્મેટ પહેર્યા વગરનો ઝડપાશે તો પોલીસ તેને ૫૦૦ રૂપિયાનો દંડ કરીને મેમો આપશે અને જો કોઈ વ્યક્તિ બેથી વધુ વખત ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં ઝડપાયો હશે તો તેના વિરૂદ્ધ લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ટ્રાફિકના નિયમોના ભંગ કરતા વાહનચાલકો ગમે ત્યારે ટ્રાફિક-પોલીસ સાથે માથાકૂટ કરે અને પછી ભ્રષ્ટાચારના ખોટા ખોટા આરોપ મૂકતા હોય છે. આવી સ્થિતિમાં વાહનચાલક અને ટ્રાફિક- પોલીસ વચ્ચે જો કોઈ માથાકૂટ થાય ત્યારે એનું વીડિયો રેકોર્ડિંગ હોય ત્યારે ખરી હકીકત સામે આવતી હોય છે. ટ્રાફિક-પોલીસ પાસે ૧૫૦૦ બોડીવોર્ન કેમેરા છે, જે પહેરીને હવે ડ્યૂટી કરવામાં આવશે.

### સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ

# VHP અને બજરંગ દળના કાર્યકરો ખેલૈયાઓને તિલક લગાવવા જતાં ઘર્ષણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

નવરાત્રિના બીજા દિવસે (૪ ઓક્ટોબર) સૌથી પ્રીમિયમ ગરબાના નામે રૂા.૧૫,૦૦૦થી લઈ ૨૫,૦૦૦ રૂપિયાના ભાવે વેચાયેલા 'The Sheriaffair'ના ગરબામાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP)-બજરંગદળ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. બજરંગદળના કાર્યકર્તાઓ ગરબામાં તિલક કરવા પહોંચ્યા હતા, ત્યારે બાઉન્સરો અને કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. ત્યારે પોલીસે પણ લાઠીચાર્જ કર્યો હતો. આ સમગ્ર ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જોકે આ સમગ્ર મામલે ગાંધીનગર પોલીસ અને જિલ્લા પોલીસવડાએ કોઈ સ્પષ્ટતા કરી નથી. નવરાત્રીમાં ગુજરાતમાં અલગ અલગ સ્થળો પર ખેલૈયાઓમાં હર્ષ

## ગાંધીનગરમાં પોલીસે લાઠીચાર્જ કર્યો

ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો છે. ખેલૈયાઓ મોંઘાદાટ ગરબાના પાસ ખરીદીને પણ નવરાત્રીની મજા માણવા માટે જતા હોય છે. ત્યારે ગાંધીનગરના સરગાસણ ખાતે આયોજનમાં કરવામાં આવેલા એક ગરબા આયોજનમાં તિલક કરવા બાબતે બબાલ થઈ હોવાની ઘટના સામે આવી છે. બજરંગ દળ તેમજ VHPના કાર્યકર્તાઓનો પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. સરગાસણ ખાતે આવેલા ઠક્કર ફાર્મમાં એક જ દિવસ માટે ગરબાનું આયોજન કરાયુ હતુ. તમામને એન્ટ્રી આપવાનો મેસેજ મળતા બજરંગ દળ ગરબાના ગ્રાઉન્ડ પર પહોંચ્યુ હતુ. કાર્યકર્તાઓ ગરબામાં વીડિયો ઉતારતા હતા. તે દરમિયાન મારામારી થઈ હોવાની ઘટના બની છે. અમદાવાદના કલ્પેશ વકીલ નામના યુવકે VHP કાર્યકર્તાને ફોન કર્યો હતો. ઠક્કર ફાર્મ ગરબાના આયોજનમાં થયેલી બબાલનો ઓડિયો ક્લીપ વાયરલ થઈ રહ્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષથી સૌથી પ્રીમિયમ ગરબાના નામે The Sheriaffair નામથી ગરબાનું આયોજન કરવામાં આવે છે, જેમાં માત્ર સફેદ કપડાં પહેરીને ગરબા રમવા માટે ખેલૈયાએ આવવાનું હોય છે. ૧૮ વર્ષથી લઈને માત્ર ૪૫ વર્ષ સુધીના લોકોને જ ગરબા રમવા માટે પાસ આપવામાં આવે છે. આ ગરબાના આયોજક દ્વારા છેલ્લી ઘડી સુધી કઈ જગ્યાએ ગરબાનું આયોજન કરાયું છે એની જાહેરાત કરવામાં આવી નહોતી. રૂ. ૨૫,૦૦૦ સુધીની કિંમતના પાસ વહેંચાયા હતા. નવરાત્રિના બીજા દિવસે યોજાયેલા આ ગરબા ગાંધીનગરના સરગાસણ પાસે આવેલા ઠાકર ફાર્મહાઉસમાં રાખવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ પણ હાજર હતા. સૂત્રો મુજબ, બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદને આ ગરબાના આયોજકમાં અન્ય ધર્મના લોકો પણ ભાગીદારીમાં હોવાનું જાણવા મળ્યું હતું. બજરંગદળના કાર્યકર્તાઓ જયારે આ ગરબામાં તિલક વિધિ માટે ગયા ત્યારે હાજર સ્થાનિક પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ઉગ્ર બોલાચાલી અને મામલો બિચકતાં પોલીસે લાઠીચાર્જ પણ કર્યો હોવાનું જાણવા મળ્યું છે, જોકે આ સમગ્ર મામલાને દબાવી દેવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

### શૂન્યમાંથી સર્જન કરનાર પ્રજ્ઞાચક્ષુ ઉદ્યોગપતિની પેટ છૂટી વાત

# આગામી દસ વર્ષમાં મારો લક્ષ્ય દેશના રાષ્ટ્રપતિ બનવાનો છે : શ્રીકાંત બોલા

## જેના પરથી ફિલ્મ બની છે તે ઉદ્યોગપતિનો ૨૦૦ દિવ્યાંગોને નોકરી આપવાનો ટાર્ગેટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

જિંદગી રોલર કોસ્ટરની રાઈડ જેવી છે ઉતાર ચઢાવવા આવ્યા કરતા હોય છે. દરેકે આપદામાં અવસર જોવાની જરૂર છે તેમ શૂન્યમાંથી સર્જનનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડનાર અને ૫૦૦ કરોડની ઈન્ડસ્ટ્રી ઊભી કરનાર પ્રજ્ઞા ચક્ષુ ઉદ્યોગપતિ શ્રીકાંત બોલાએ એક વાતચીતમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીકાંત બોલા પરથી બનેલી બોલીવુડ ફિલ્મ તાજેતરમાં રજૂ થઈ હતી. નાનપણથી દ્રષ્ટિ ગુમાવનાર શ્રીકાંત બોલા આજે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપતી વૈશ્વિક સંસ્થા ટાઈની વડોદરામાં યોજાયેલી કોન્ફરન્સમાં હાજરી આપવામાં માટે આવ્યા હતા. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ના શબ્દ મારી ડીક્ષનરીમાં નથી. લોકો મને કહેતા હતા કે તું અંધ છે અને તારાથી કશું નહીં થાય.. જ્યારે મેં કચરાનો બિઝનેસ શરૂ કર્યો ત્યારે પણ લોકોએ મને ગંદો માણસ કહ્યો હતો. પણ મેં મારી જાતમાં વિશ્વાસ રાખ્યો હતો અને મારા ડર પર વિજય પ્રાપ્ત કર્યો હતો. ઉભરતા ઉદ્યોગ સાહસિકોને પણ હું આજ સંદેશ આપવા માગું છું કે તમારી જાત પર વિશ્વાસ રાખજો. બાયો ડીગ્રેડેબલ પ્રોડક્ટ બનાવવાની ફેક્ટરી નાખનાર બોલાએ કહ્યું હતું કે હજી પણ મારે જીવનમાં ઘણું કરવાનું બાકી છે. આગામી દિવસોમાં ૨૦૦ જેટલા દિવ્યાંગોને નોકરી આપવાનું ટાર્ગેટ છે. આગામી ૧૦ વર્ષમાં મારું લક્ષ દેશના રાષ્ટ્રપતિ બનવાનું છે પરંતુ હું તેના માટે રાજકારણીઓની પાછળ ભાગવા નથી માંગતો મારા કાર્યોની નોંધ લઈને તેઓ મને આ જગ્યાએ પહોંચાડશે ડોક્ટર અબ્દુલ કલામ પણ ક્યારેય સામેથી રાષ્ટ્રપતિ બનવા માટે કોઈની પાસે ગયા નહોતા. રાષ્ટ્રપતિ બનીને હું પ્રેરણાદાયી કાર્યો થકી સિસ્ટમ સુધારવા માંગું છું. એક સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે દેશનું આર્થિક ભવિષ્ય ઉજળું છે, પરંતુ સરકારે એમએસએમઈ પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. નાના ઉદ્યોગો માટે મોટા ઉદ્યોગો જેવી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની સ્થિતિ નથી તેમના માટે નિયમો હળવા કરવાની જરૂર છે.

### યુવાનોને બરબાદ કરવાના પ્રયાસને અસફળ કરતી પોલીસ

# અમદાવાદમાં સીઆઈડી ક્રાઈમના દરોડા ૧.૫૩ લાખનું ડ્રગ્સ ઝડપાયું, એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

અમદાવાદમાં CID ક્રાઈમે દરોડા પાડતા ડ્રગ્સ સાથે એકની ધરપકડ કરી. CID ક્રાઈમને મળેલ બાતમીના આધારે લાલદરવાજા બાવા લતીફની ગલીમાં દરોડા પાડ્યા હતા. આ દરોડામાં એક મકાનમાંથી ૧.૫૩ લાખનું ૧૫.૩૩ ગ્રામ ડ્રગ્સ ઝડપાયું છે. CID ક્રાઈમે ડ્રગ્સના મોટા જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ શખ્સનું નામ અમઝદખાન પઠાણ હોવાનું સામે આવ્યું છે. પોલીસના ચોપડામાં અમઝદખાન પઠાણ સામે અનેક ગુનામાં દાખલ હોવાનું નોંધાયું છે. આ દરોડામાં અમઝદની ધરપકડ કરવામાં આવી છે જ્યારે અન્ય ૧ આરોપી ફરાર છે. રાજયમાં અત્યારે નવરાત્રિનો તહેવાર ચાલી રહ્યો છે. નવરાત્રિનો તહેવાર યુવાનો માટે વધુ ખાસ હોય છે. આ તહેવારમાં ૯ દિવસ સોસાયટી, શેરીઓ અને પાર્ટીપ્લોટમાં ગરબાનું આયોજન થાય છે. રાત્રે કરાતી ગરબાની ઉજવણીમાં યુવાન મનમૂકીને ગરબા રમતા હોય છે. ત્યારે અસમાજિક તત્વો પણ તહેવારનો લાભ લઈ યુવાનોને નિશાન બનાવી રહ્યા છે. અમદાવાદમાં યુવાનોને નશાના રવાડે ચડાવવા ડ્રગ્સની ઘૂસણખોરી કરાવાના અસામાજિક તત્વો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા છે.

# ગાંધીનગરના ચિલોડા પાસેથી પોલીસે દારૂના જથ્થા સાથે સાત લાખનો મદ્દામાલ ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓને માહિતી મળી હતી કે ચિલોડાના પાલેજ ગામ આઈટીઆઈ ગેટની સામે કારમાં દારૂનો જથ્થો લઈને કેટલાક શખ્સો જઈ રહ્યા છે.. માહિતીને આધારે પોલીસે કાર અટકાવીને તપાસ કરતા અંદરથી રૂ.૨,૬૪,૦૮૬ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જોકે ચાર આરોપી ફરાર થઈ ગયા હતા. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળીને રૂ.૯.૬૪,૦૮૬ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે કારના ડ્રાઈવર, માલિક, દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનારા સહિત ચાર શખ્શોની શોધ હાથ ધરી છે. આ અંગે ચિલોડા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જેન્ડર અસમાનતાનો કેટલાક સંજોગોમાં પુરૂષ પણ ભોગ બને છે : ચીફ જસ્ટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫





જેન્ડર અસમાનતા માત્ર મહિલાઓ પૂરતુ બાધક બનતુ નથી પરંતુ કેટલાક સંજોગોમાં પુરૂષ પણ તેનો ભોગ બને છે. કાર્યસ્થળે સ્ત્રી અને પુરૂષ સમાનતાથી અને ખાસ કરીને સ્ત્રી સલામતીથી સંસ્થાના ધ્યેય સિધ્ધ કરવા કામ કરી શકે તે માટે જેન્ડર ન્યુટ્રલ વર્ક પ્લેસ અનિવાર્ય છે એમ અત્રે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે જણાવ્યું હતું. જેન્ડર સેન્સીટાઈઝેશન કાર્યક્રમ- અહેસાસ ન્યાય કા સબ કે લિયે ના નામથી અનોખી ઝુંબેશનો પ્રારંભ કરાવતા ચીફ જસ્ટિસે આ મુજબ જણાવ્યુ હતું.બાળકોનું જાતીય શોષણ અને જાતીય સતામણી એ ગંભીર સામાજિક પ્રશ્ન છે અને આ સંવેદનશીલ મુદ્દે સમયાંતરે બાળકોને સમજ અને જાગૃતિ આપવા પર ચીફ જસ્ટિસે ભાર મૂકયો હતો. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના મુખ્ય સંરક્ષક અને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે ઉમેર્યું કે, આજે સમગ્ર દેશમાં સૌપ્રથમવાર આટલા મોટા સ્વરૂપે જેન્ડર સેન્સીટાઈઝેશનની ઝુંબેશ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા શરૂ કરવામાં આવી છે તે એક ગૌરવની વાત છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને સેવા સત્તામંડળના કારોબારી અધ્યક્ષ બીરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાજયની તમામ અદાલતોના ન્યાયાધીશો, અધિકારીઓ તેમ જ કર્મચારીઓ માટે જેન્ડર સેન્સીટાઈઝેશન ઝુંબેશનો આજે ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરીયમ ખાતે પ્રારંભ કરાવાયો હતો. જેના મુખ્ય વકતા તરીકે વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીના સામાજિક વિજ્ઞાનના ડીન ભાવના મહેતા દ્વારા જેન્ડર સ્ટીરીયોટાઈપ્સની ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ ડો.રાકેશ શંકર, હાઈકોર્ટના ૬૪૫થી વધુ અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા ગુજરાત હાઈકોર્ટની આંતરિક ફરિયાદ સમિતિ માટેની સત્તાવાર વેબસાઈટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### ટીપીસીની માત્રા વધારે પ્રમાણમાં હતી

# કાંકરિયા ખાતે આવેલ ગાંઠિયા રથમાં બળેલું તેલ મળી આવતા સીલ

## ફૂડ વિભાગ દ્વારા ત્રણ દિવસમાં ૧૦૪ સ્ટોલ ચેક કરાયાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫





અમદાવાદ શહેરમાં તહેવારોને લઈ AMCનું વિભાગ સક્રિય બન્યું છે. શહેરના કાંકરિયા વિસ્તારમાં પુષ્પકુંજ સર્કલ પાસે આવેલા ગાંઠિયા રથમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ દ્વારા ગાંઠિયા સહિતની ચીજ વસ્તુઓ તળવા માટે જે તેલનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં ટીપીસીની માત્રા ચેક કરવામાં આવી હતી જે ખૂબ વધારે પ્રમાણમાં મળી આવી હતી. બળેલું તેલ વાપરવામાં આવ્યું હતું. કિચન વેસ્ટનો કોન્ટ્રાક્ટ પણ હતો નહીં જેના પગલે ફૂડ વિભાગની ટીમ દ્વારા તેને બંધ કરાવવામાં આવી છે. નવરાત્રી દરમિયાન બે દિવસમાં ૧૦૪ ફૂડ સ્ટોલમાં તપાસ કરી ત્રણ જગ્યાએથી નમૂના લેવામાં આવ્યા છે. ૬૬ નોટિસ આપી ૨૬,૦૦૦ ચાર્જ વસૂલ કર્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનો હોટલો, ફૂડ કોર્ટ, રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ કરી નમુના લેવામાં આવતા હોય છે. નવરાત્રી દરમિયાન અનેક જગ્યાએ ખાણીપીણીના સ્ટોલ અને મીઠાઈનું વેચાણ વધુ થતું હોય ત્યારે ૨૯ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધીમાં ૪૪૮ ખાદ્ય એકમોની તપાસ કરી હતી. મીઠાઈના ૩૪, દૂધ અને દૂધની બનાવટોના ૧૦, ખાદ્ય તેલના ૦૯, મસાલાના ૦૨, બેસન-સોજીના ૦૪ અને અન્ય ૩૩ એમ કુલ ૯૩ નમૂના લેવામાં આવ્યા છે. ૧૭૭ જગ્યાને નોટિસ આપી છે. ૨૨૮ કિલો અને ૧૯૪ લિટર બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો નિકાલ કર્યો છે. રૂા.૭.૭૩ લાખ વહીવટી ચાર્જ વસૂલ કર્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ ફૂડ વિભાગ દરેક જગ્યાએ ચેકિંગ હાથ ધરશે.

# સ્વામી યતિ નરસિંહાનંદની નિંદાત્મક ટિપ્પણીને વખોડતી જમાઅતે ઈસ્લામી હિંદ

અમદાવાદ, તા.૫

JIHના ઉપાધ્યક્ષ, મલિક મોઅતસિમ ખાને, સ્વામી યતિ નરસિંહાનંદ દ્વારા પયગમ્બર મુહમ્મદ (સ. અ. વ.) સાહેબ વિરૂદ્ધ કરાયેલ નિંદાજનક ટિપ્પણીની નિંદા કરી છે અને તેની તાત્કાલિક ધરપકડની માંગ કરી છે.

JIH ઉપાધ્યક્ષે જણાવ્યું હતુ કે, 'અમે સ્વામી યતિ નરસિંહાનંદ દ્વારા પયગમ્બર મુહમ્મદ (સ. અ. વ.) સાહેબ વિરૂદ્ધ કરવામાં આવેલી અત્યંત નિંદાત્મક ટિપ્પણીની સખત નિંદા કરીએ છીએ. આ નિવેદનો માત્ર લાખો મુસ્લિમોને ઊંડે ઠેસ પહોંચાડનાર નથી પરંતુ એક ઈરાદાપૂર્વકનું દુષ્કૃત્ય છે. ઉશ્કેરણીનો હેતુ કોમી તણાવને ઉશ્કેરવાનો છે. સ્વામી નરસિંહની વારંવારની અપમાનજનક ટિપ્પણી તદ્દન અસહ્ય છે, અને અધિકારીઓ દ્વારા તેમની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ. આવા દુષ્ટ લોકો દેશમાં શાંતિ અને કાયદો અને વ્યવસ્થા માટે નોંધપાત્ર ખતરો છે. સરકાર અને ન્યાયતંત્રની ફરજ છે કે તેઓ નિર્ણાયક રીતે કાર્ય કરે અને આવી વ્યક્તિઓને સાંપ્રદાયિક સૌહાર્દમાં ખલેલ પહોંચાડતા અટકાવે.' JIH ઉપાધ્યક્ષે ભારપૂર્વક જણાવ્યું કે, 'મુસ્લિમોએ યાદ રાખવું જોઈએ કે પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની પ્રતિષ્ઠા અને આદર અમુક અજ્ઞાની અને ધિક્કારપાત્ર વ્યક્તિઓના અધમ શબ્દોથી ઘટી શકતા નથી. આવી ઉશ્કેરણી સામે આપણે શાંત રહેવું જોઈએ અને તેનો સામનો શાણપણ, ધીરજ અને ગૌરવ સાથે કરવો જોઈએ.

-: અધિસુચના :-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

જુઓ નિયમ ૨૬ (૯)

**નગર રચના યોજના નં. ૯૬/એ(હાંસોલ-અસારવા)**

**આખરી યોજના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬(૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-(૩) માં જોગવાઈઓ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૯૬/એ(હાંસોલ-અસારવા) ની આખરી યોજના અંગેના મારા નિર્ણયો તા.૦૪/૧૦/૨૦૨૪ ને શુક્રવારના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૯ ની જોગવાઇઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા, નમૂના- 'ડ' મુજબ નગર રચના યોજના નં. ૯૬/એ(હાંસોલ-અસારવા) માં આવતી મિલકતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહી છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થતો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ/ માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળ્યેથી એક (૧) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે અપીલ બોર્ડના નિર્ણયો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૫ અનુસાર રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર, C/O મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦/એ, ચ-૩ ક્રોસ રોડ, ગાંધીનગરને જરૂરી કોર્ટ ફી નો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મૂળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જ્યારે કલમ-૫૪ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો અધિનિયમની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે. તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત અંતિમ યોજનાની સંપૂર્ણ માહિતી, નિર્ણયો અને નકશાઓ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરીના સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

(ડી.કે. [illegible])

નગર રચના અધિકારી

નગર નિયોજક-૧

અમદાવાદ નગર રચના યોજના એકમ-૩,

અમદાવાદ

તા. ૦૪/૧૦/૨૦૨૪

સ્થળ: અમદાવાદ

કચેરીનું હાલનું સરનામુ:-

નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧,

અમદાવાદ નગર રચના યોજના એકમ-૩,

૪૦૭,ચોથો માળ, શ્યામજી કૃષ્ણવર્મા રમત ગમત સાંસ્કૃતિક અને વાણીજ્ય ભવન, ન્યુ ક્લોથ માર્કેટની સામે, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૨.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૩૫/૨૦૧૪

# ન્યૂઝક્લિક વેબસાઈટ પર કાર્યવાહીની પ્રથમ વર્ષગાંઠ પર મીડિયા હાઉસને સતર્ક રહેવા અપીલ કરાઈ

(એજન્સી) તા.૫

બે દિવસ પહેલા પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા પરિસરમાં એક કાર્યક્રમમાં ન્યૂઝક્લિક પર દરોડાની પ્રથમ વર્ષગાંઠ અને સ્વતંત્ર પત્રકારત્વના બચાવ માટે પ્રેસ ક્લબ ઑફ ઈન્ડિયા, દિલ્હી યુનિયન ઑફ જર્નાલિસ્ટ્સ, ઈન્ડિયન વુમન્સ પ્રેસ કોર્પ્સ, પ્રેસ એસોસિએશન, કેરળ યુનિયન ઑફ વર્કિંગ જર્નાલિસ્ટ્સ, સંપાદકો, લેખકો, નાગરિક સમાજના સભ્યો અને એકત્ર થયેલા સામાજિક અને માનવ અધિકારોના રક્ષકો સહિત મીડિયા સંબંધિત વિવિધ સંસ્થાઓએ એકતા વ્યક્ત કરી છે. 'જાગ્રત રહો' એ પ્રકારની ચેતવણી આપવામાં આવી હતી જે અગ્રણી મીડિયા વ્યક્તિઓએ સ્વતંત્ર પત્રકારત્વના બચાવ માટે એક મીટિંગમાં તેમના સાથીદારોને આપી હતી. આ ચેતવણી એવા દિવસે આવી છે કે જે ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ- ન્યૂઝક્લિક-સાથે સંકળાયેલા ૭૦થી વધુ પત્રકારો પરના દરોડા અને UAPA હેઠળ તેના સ્થાપક-સંપાદક પ્રબીર પુરકાયસ્થની ધરપકડના એક વર્ષને ચિહ્નિત કરે છે. આ બેઠકમાં UAPAની કઠોર જોગવાઈઓ હેઠળ પત્રકાર સિદ્દીક કપ્પનની ધરપકડના ચોથા વર્ષને પણ ચિહ્નિત કરવામાં આવ્યું હતું. ધ વાયરના સ્થાપક સંપાદકોમાંના એક સિદ્ધાર્થ વરદરાજને જણાવ્યું હતું કે, 'મોદી સરકારે ૨૦૧૪ પછી મેળવેલી પ્રથમ જીત એ સુનિશ્ચિત કરી રહી હતી કે મોટાભાગનું ટેલિવિઝન મીડિયા સત્તાવાર આદેશોને વશ થઈ ગયું. એક ચેનલ NDTV સિવાય ૨૦૧૬ સુધીમાં ટેલિવિઝન નીરસ, એકસમાન અને સ્થાપના તરફી બની ગયું છે. એનડીટીવી કેસનો ઉલ્લેખ કરતી વખતે તેમણે કહ્યું, "કેસની સ્થાપનાનું કારણ અને કેસ બંધ કરવામાં આવ્યો તેનું કારણ એનડીટીવીને રાહ પર લાવવાનું હતું. હવે મિશન પૂર્ણ થયું છે, કેસની ઉપયોગિતા હવે અસ્તિત્વમાં નથી અને પુસ્તક બંધ કરવામાં આવ્યું હતું. અમે વિપક્ષ માટે પણ આ જોયું છે પરંતુ અમે પત્રકારો, ફ્રીલાન્સ રિપોર્ટર્સ, ન્યૂઝક્લિક અને તેના પ્રમોટર્સ પર દરોડા અને UAPA, PSA હેઠળ ખૂબ જ ગંભીર અને કઠોર અને ખોટા આરોપો હેઠળના પત્રકારો વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલા કેસ વિશે ખૂબ જ સ્પષ્ટપણે કહીએ. કેસની આ લગામ શા માટે દાખલ કરવામાં આવી રહી છે તેનું સંપૂર્ણ કારણ સ્વતંત્ર મીડિયાને ચૂપ કરવાનું છે."અમે આત્મસંતુષ્ટ ન હોઈ શકીએ અને અમારી તકેદારી ઓછી કરી શકીએ. અમે ન્યૂઝ ક્લિક અને અન્ય લોકો કે જેઓ ફોજદારી કેસોની ધમકીઓનો સામનો કરી રહ્યા છે સાથે અમે જે એકતા દર્શાવી છે, તેને મજબૂત કરવાની જરૂર છે,"તેમણે ઉમેર્યું. ધ હિન્દુના પૂર્વ એડિટર-ઈન-ચીફ એન. રામે તેમનો સંદેશ ઓનલાઈન શેર કરતી વખતે જણાવ્યું હતું કે, "ન્યૂઝ ક્લિક પર લશ્કરી શૈલીનો હુમલો ૧૯૭૫-૧૯૭૭ની કટોકટી પછી ભારતમાં મીડિયાની સ્વતંત્રતા માટે સૌથી નીચો બિંદુ દર્શાવે છે. આ અનિવાર્યપણે પોલીસ ચલાવી રહેલા રમખાણો વિશેની વાર્તા નથી, તે એક




રાજકીય વાર્તા છે, એક મધ્યમ કદના પ્રગતિશીલ અને ડાબેરી લક્ષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક અને તે રજૂ કરે છે તે સ્વતંત્ર જટિલ પડકારજનક પત્રકારત્વ સાથે યુદ્ધમાં સરમુખત્યારશાહી શાસનની વાર્તા છે. આપણા બધા માટે પ્રબીર સ્વતંત્ર, વિવેચક અને લોકો તરફી મીડિયાને દબાવવાના સરમુખત્યારશાહી રાજ્યના પ્રયાસ સામે પ્રતિકારનું પ્રતીક છે." એક ઓનલાઈન સંદેશમાં જાણીતા લેખક અને કટારલેખક પી સાઈનાથે કહ્યું, "આ શાસન પત્રકારત્વની સ્વતંત્રતાને ભયાનક ગતિએ ખતમ કરી રહ્યું છે. અમે અમારા ઈતિહાસમાં ભૂતકાળમાં ખૂબ મોટા પાયે દમન અને એકંદર ક્રિયાઓ જોઈ છે, હું એક જ કામગીરીમાં એક જ પ્રકાશનમાં ક્રેકડાઉનના કિસ્સામાં શોધી શક્યો નથી અને તે પણ, હું કટોકટી દરમિયાન અથવા તો કોઈ દાખલો શોધી શક્યો નથી. બ્રિટિશ રાજ દરમિયાન પણ ન્યૂઝક્લિકે સમર્પણ કર્યું ન હતું અને શાસનને શરણાગતિ આપી ન હતી. આપણે ૩ ઓક્ટોબરને પ્રેસની સ્વતંત્રતા પરના આવા મનસ્વી ક્રેકડાઉન સામે પ્રતિકારની શરૂઆતની વર્ષગાંઠ તરીકે જોવાનું શરૂ કરી શકીએ છીએ. હું પ્રેસની સ્વતંત્રતા અને તેમની અખંડિતતા પરના આવા હુમલાનો પ્રતિકાર કરી રહેલા તમામ પત્રકારો સાથે મારી એકતા વ્યક્ત કરવા માંગુ છું."

# પવારની જેમ રાહુલ ગાંધીએ પણ કહ્યું : બંધારણની સુરક્ષા માટે ૫૦ ટકા અનામતની મર્યાદા હટાવવી જરૂરી

(એજન્સી) તા.૫

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ નથી, છતાં તમામ રાજકીય પક્ષો ચૂંટણી મોડમાં આવી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષી નેતા રાહુલ ગાંધી બંને મોટા નેતાઓ શનિવારે (પાંચમી ઓકટોબર) મહારાષ્ટ્રમાં છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ કોલ્હાપુરમાં મોટી જાહેરાત કરતા કહ્યું કે, 'જો કોંગ્રેસ સત્તામાં આવશે તો અનામતની મર્યાદા વધારવામાં આવશે.' નોંધનીય છે કે, હાલમાં આરક્ષણ પર ૫૦ ટકાની મર્યાદા છે. કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વચન આપતા કહ્યું હતું કે, 'જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે. સામાજિક-આર્થિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે. અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારવી જોઈએ.' અગાઉ શરદ પવારે પણ સાંગલીમાં આ જ વાત કહી હતી. આનાથી સ્પષ્ટ છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષ અનામતને મહત્ત્વનો મુદ્દો બનાવવા જઈ રહ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'જો કોંગ્રેસ સત્તામાં આવશે તો જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. કોની કેટલી વસ્તી છે અને તેમની પાસે કેટલી આર્થિક પકડ છે. આ માટે અમે સામાજિક-આર્થિક સર્વે પણ કરીશું. ભારતના IAS ક્યાં બેઠા છે અને ક્યાં



છે. પછાત દલિતો આનો સર્વે કરાવીશું અને આ બિલ પસાર થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું, 'પહેલા પીએમ મોદી ૪૦૦ પાર કહેતા હતા. ત્યારબાદ હિન્દુસ્તાનના લોકોએ કહ્યું કે તેને સ્પર્શ કરી શકશો નહીં, બાદમાં મોદીજીને બંધારણ સામે ઝૂકવું પડ્યું. બંધારણની રક્ષા કરવાના બે રસ્તા છે. જાતિ આધારિત ગણતરી અને ૫૦ ટકા અનામતની દિવાલ તોડી. મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણનો મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે.'

# આર.જી. કર હોસ્પિટલના જુનિયર ડોકટરો હડતાળનો અંત લાવ્યા; ભૂખ હડતાળ કરવાની યોજના

(એજન્સી) તા.૫

કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના એક યુવા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં ન્યાયની માંગ સાથે હડતાળ પર ઉતરેલા જુનિયર ડૉક્ટરોએ હડતાળ પાછી ખેંચી હતી, પરંતુ આ વખતે તેઓએ સરકારને તેમની માંગણીઓ પૂરી કરવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો હતો. તેમણે રાજ્ય સરકાર પાસે આરોગ્ય સચિવ નારાયણ સ્વરૂપ નિગમને હટાવવાની માંગ કરી હતી. શુક્રવારે ધર્મતલા કોલકાતાના આંદોલનકારી જુનિયર ડૉક્ટર દેબાશિષ હલદરે જાહેરાત કરી કે તેઓ હડતાળને પાછી ખેંચી રહ્યાં છે. જો કે, જો ૨૪ કલાકમાં તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો તેમણે ભૂખ હડતાળ પર જવાની ચેતવણી આપી છે. શુક્રવારે સાંજે ધર્મતલ્લા ચોક પર તેમની સરઘસને લઈને તણાવ સર્જાયો હતો. આરોપ છે કે પોલીસ અને જુનિયર ડોક્ટરોએ મંચ પર બેરિકેડ લગાવીને પ્રદર્શનકારીઓને બળજબરીથી હટાવ્યા હતા. આ પછી આંદોલનકારીઓ ધર્મતલ્લા ચોક પર બેસીને ડૉ. જેના કારણે રોડનો એક ભાગ બ્લોક થઈ ગયો હતો. રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અહીં જુનિયર ડોક્ટરોએ તેમની હડતાળ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. જો કે, આંદોલનકારી ડોક્ટર દેબાશીષ હલદરે કહ્યું કે તેઓ તેમની



માંગણીઓને લઈને આંદોલનના માર્ગથી હટી રહ્યાં નથી. ધર્મતલા શોભાયાત્રામાંથી દેબાશીષ હલદરે કહ્યું કે અમે પીડિતાને ન્યાયની માંગ સાથે ૫૮ દિવસથી હડતાળ પર છીએ. અમે જે માંગણીઓ કરી છે તે દરેકની સુરક્ષા માટે છે. સરકારે કહ્યું કે સીસીટીવી લગાવવા સહિતનું ૨૬ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. જો કોઈ એવું વિચારે છે કે અમે સરકારને શરણે ગયા છીએ તો તે ખોટું છે. અમે જનતા વતી અને પીડિતાને ન્યાય મળે તે માટે આ નિર્ણય લીધો છે. મેડિકલ સર્વિસ સેન્ટરના રાજ્ય સચિવ બિપ્લબ ચંદ્રાએ જણાવ્યું હતું કે આરજી ટેક્સ આંદોલનના ૫૮ દિવસ પછી, પશ્ચિમ બંગાળ જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટે આખરે હડતાલને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. અમે આ નિર્ણયને આવકારીએ છીએ. જો કે અમારું માનવું છે કે આ નિર્ણય પહેલા જ લેવો જોઈતો હતો, પરંતુ હજુ સુધી અમને ન્યાય મળ્યો નથી. તેથી, આપણે કોલેજોમાં ન્યાય અને સમાનતાની માંગને આવશ્યકપણે ઉઠાવવી જોઈએ. તમને જણાવી દઈએ કે ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની એક મહિલા ડોક્ટરનો મૃતદેહ મળ્યો હતો. બાદમાં બળાત્કાર અને હત્યાની પુષ્ટિ થઈ હતી. હાલમાં સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી છે અને મુખ્ય આરોપી સંજય રોય, આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ અને પૂર્વ ઓસી અભિજીત મંડલની ધરપકડ કરવામાં આવી છે.

# રાજસ્થાન : અજમેર પોલીસે યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ) સાહેબ વિરૂદ્ધ દ્વેષપૂર્ણ ભાષણ સાથે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ ફરિયાદ દાખલ કરી; વીડિયો વાયરલ

(એજન્સી) જયપુર, તા.૫

રાજસ્થાનના અજમેર દરગાહ પોલીસ સ્ટેશનમાં શુક્રવારના રોજ ગાઝિયાબાદના ડાસના મંદિરના મુખ્ય પૂજારી યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદ ઓલ ઈન્ડિયા સૂફી સજ્જાદાનશીન કાઉન્સિલ (AISSC)ના સેક્રેટરી ગુલામ નઝમી ફારૂકીએ નોંધાવી હતી.

તેમના ફરિયાદ પત્રમાં, તેમણે નરસિંહાનંદ પર ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો અને દેશમાં અરાજકતા ફેલાવવાનો આરોપ મૂક્યો હતો; અને IT એક્ટ હેઠળ તેમની સામે કેસ નોંધવા પોલીસને વિનંતી કરી.

ફારૂકીએ નરસિંહાનંદ પર મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા માટે જાણીજોઈને પયગમ્બર મુહમ્મદ(સ.અ.વ) સાહેબ વિરૂદ્ધ નફરતભર્યા ભાષણ આપવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો મુજબ, આવી વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવી ફરજિયાત છે જે નફરતભર્યા ભાષણ આપે છે, સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવાનો પ્રયાસ કરે છે અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. ફરિયાદીએ નરસિંહાનંદની તાત્કાલિક ધરપકડ કરવાની પણ માંગ કરી હતી. તાજેતરની ઘટનામાંથી નરસિંહાનંદનો એક કથિત વીડિયો સોશિયલ



મીડિયા પર ફરતો થઈ રહ્યો છે, જેમાં તે પયગંબર સાહેબ વિરૂદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરતા જોઈ શકાય છે. આ પહેલીવાર નથી જ્યારે નરસિંહાનંદે પોતાની ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો હોય. ૨૦૨૨માં એક મહિલાએ તેમની સામે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ફરિયાદ નોંધાવ્યા પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

# ઓનલાઈન મેમ્બરશિપ ડ્રાઈવના ૨૦ દિવસમાં બે લાખથી વધુ મહિલાઓ કોંગ્રેસમાં જોડાઈ : અલકા લાંબા

## AIMC પ્રમુખ કહે છે કે પાર્ટીનું ધ્યાન રાહુલ ગાંધીના નેતૃત્વમાં મહિલાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવા પર છે

(એજન્સી) તા.૫

ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસ (AIMC)ના પ્રમુખ અલકા લાંબાએ શનિવારે, ૫ ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે માત્ર ૨૦ દિવસમાં ૨ લાખથી વધુ મહિલાઓ તેની રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન મેમ્બરશિપ ડ્રાઈવ દ્વારા કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ છે. રાષ્ટ્રીય રાજધાનીમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મુખ્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, લાંબાએ રાહુલ ગાંધીના નેતૃત્વમાં મહિલાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવા પર પાર્ટીના ધ્યાન પર ભાર મૂક્યો. ચાલી રહેલી ભારત જોડો ન્યાય યાત્રાનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના નેતાએ મહિલાઓ માટે રાજકીય, નાણાકીય અને સામાજિક ન્યાય પર વિશેષ ભાર સાથે સભ્યપદ અભિયાનના પાંચ મુખ્ય ઉદ્દેશ્યોના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે હરિયાણામાં ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી મહિલાઓના મતદાનથી સંતોષ વ્યક્ત કર્યો અને ટિપ્પણી કરી કે, 'અમે ઘણી મહિલાઓને તેમનો મત આપવા માટે કતારમાં જોઈ રહ્યા છીએ. તેમની સામેલગીરી વિકાસ અને પરિવર્તન તરફના તેમના પગલાને દર્શાવે છે.' લાંબાએ વધુમાં સમજાવ્યું કે હરિયાણામાં પાર્ટીના પ્રચાર દરમિયાન, મહિલાઓની ચિંતાઓ રાજ્ય માટે કોંગ્રેસની ગેરંટી ખાસ કરીને વધુ રાજકીય પ્રતિનિધિત્વની માંગ સાથે જોડાયેલી હતી,. તેમણે જણાવ્યું હતું કે, 'આ મહિલાઓ માટે રાજકીય ન્યાયનો માર્ગ મોકળો કરશે,' કોંગ્રેસે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ૯૦ મતવિસ્તારોમાંથી ૧૨ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જો કે, લાંબાએ મહિલા અનામત બિલની રચનામાં અવરોધ ઉભો કરવા માટે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી, જેનાથી મહિલાઓનું પ્રતિનિધિત્વ વધીને ૩૩ ટકા થયું હોત. તેમણે ભાજપ



પર મહિલાઓને રાજકારણમાં તેમની યોગ્ય ભાગીદારીથી વંચિત કરવાનો આરોપ લગાવ્યો. ફુગાવાના મુદ્દાને સંબોધતા, લાંબાએ હરિયાણામાં વચન મુજબ એલપીજી સિલિન્ડરની કિંમત રૂ.૫૦૦ સુધી ઘટાડવાની કોંગ્રેસની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને નોંધ્યું કે આ પહેલ મહિલાઓ માટે નાણાકીય બોજને નોંધપાત્ર રીતે હળવી કરશે. લાંબાએ કુસ્તીબાજ અને કોંગ્રેસના ઉમેદવાર વિનેશ ફોગાટનું પણ સમર્થન કર્યું, જે જુલાના વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે અને લોકોને તેમની પુત્રીઓને સશક્ત બનાવવા માટે મત આપવા વિનંતી કરી રહ્યા છે. તેમણે ફોગાટ અને દિલ્હી પોલીસને મળવામાં નિષ્ફળ રહેવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિલ્હીમાં શેરી વિરોધ દરમિયાન ફોગાટ અને અન્ય કુસ્તીબાજો સાથે ઊભા રહેવામાં નિષ્ફળ રહેવા બદલ ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે ફોગાટને ચૂંટણીમાં તેમની ઉમેદવારીને ટેકો આપીને સશક્તિકરણ કર્યું હતું અને દેશભરમાં મહિલાઓ માટે સામાજિક ન્યાય માટે લડત ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# કેરળ : ફોન ટેપિંગ કેસમાં ધારાસભ્ય અનવર સામે બીજો કેસ, તેમણે કહ્યું, કોંગ્રેસમાં નહીં જોડાઉ

## FIR કહે છે કે અનવરે ગેરકાયદેસર રીતે ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમને અટકાવી હતી અને વરિષ્ઠ અધિકારીઓના ફોનની વિગતો ટેપ કરી હતી

(એજન્સી) તા.૫

અધિકારીઓએ જણાવ્યુંહતું કે, ફોન ટેપિંગ કેસના સંબંધમાં કથિત રીતે સત્તાવાર રહસ્યો લીક કરવા બદલ કેરળ પોલીસે ડાબેરી સમર્થિત અપક્ષ ધારાસભ્ય પી.વી.અનવર વિરૂદ્ધ વધુ એક કેસ નોંધ્યો છે. મંજેરી પોલીસે જણાવ્યું હતું કે, ૩ ઓક્ટોબરના રોજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો હતો.

આ કેસ ઓફિશિયલ્સ સિક્રેટ એક્ટ અને આઈટી એક્ટ હેઠળ નોંધવામાં આવ્યો હતો. ધારાસભ્ય સામે ગુનાહિત કાવતરાનો ગુનો પણ નોંધવામાં આવ્યો હોવાનું તેઓએ જણાવ્યું હતું. અગાઉ ૨૯ સપ્ટેમ્બરના રોજ, કારૂકાચલ પોલીસે રાજ્યના કેટલાક વરિષ્ઠ અધિકારીઓના ફોન કોલને ગેરકાયદેસર રીતે ટેપ કરવા બદલ અનવર સામે કેસ નોંધ્યો હતો.

એફઆઈઆર કહે છે કે અનવરે ગેરકાયદેસર રીતે ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમને અટકાવી હતી અને રાજ્યના વરિષ્ઠ અધિકારીઓની ફોન વિગતો ટેપ કરી હતી. જે જાહેર સુરક્ષાને અસર કરે છે અને તેને ટેલિવિઝન ચેનલો દ્વારા ફેલાવી હતી. અનવર જેમની સાથે સીપીઆઈ(એમ) એ વિવિધ મુદ્દાઓ પર મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન સામે આક્ષેપો કર્યા પછી તેના સંબંધો તોડી નાખ્યા હતા, તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં તેમની કથિત સંડોવણી અંગે કેટલાક પોલીસ અધિકારીઓ સામે તેની કથિત નિષ્ક્રિયતા માટે પોલીસ વિભાગને નિશાન બનાવે છે. દરમિયાન, કેરળમાં શાસક સીપીઆઈ(એમ) સાથેના તેમના મતભેદ હોવા છતાં, અનવરે કહ્યું કે તે કેરળ વિધાનસભામાં વિરોધ પક્ષ કોંગ્રેસમાં જોડાશે નહીં. તેમણે જાહેર કર્યું કે,"હું ગૃહના ફ્લોર પર પણ બેસી શકું છું," અને ભારપૂર્વક જણાવ્યું કે તેઓ કોઈપણ હુમલા



સામે પોતાનો બચાવ કરવામાં અચકાશે નહીં. અનવરે એપ્રિલમાં થ્રિસુર પુરમ ઉત્સવની કથિત તોડફોડ અંગે તાજેતરમાં જાહેર કરાયેલી ત્રિ-સ્તરીય તપાસ અંગે પણ નિરાશા વ્યક્ત કરી હતી અને ગુપ્તચર વિભાગની સંડોવણી અંગે ચિંતા વ્યક્ત કરી હતી, તે તરફ ધ્યાન દોર્યું હતું કે IPS અધિકારી અંકિત અશોકન, જેમણે તહેવારને વિક્ષેપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે તે હાલમાં ગુપ્તચર એડીજીપી (પોલીસના વધારાના ડિરેક્ટર જનરલ) મનોજ અબ્રાહમ હેઠળ કામ કરી રહ્યા છે. તેમણે ટિપ્પણી કરી કે,"અહીં શું થઈ રહ્યું છે ? આ 'બનાના રિપબ્લિક' કરતાં પણ ખરાબ છે."

મીડિયા સાથે વાત કરતા અનવરે તેની સામે દાખલ થયેલા કેસોનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું, "તેમને કેસ નોંધવા દો. હાઈકોર્ટ જોઈ રહી છે. હું પહેલા લોકો સમક્ષ સત્ય ઉજાગર કરીશ અને પછી કાનૂની કાર્યવાહી કરીશ." તેમણે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનના રાજકીય સચિવ પી. સસી સામેના તેમના આક્ષેપોને પણ સમર્થન આપ્યું હતું, અને જાહેર કર્યું હતું કે તેમણે પક્ષને ફરિયાદ સબમિટ કરી હતી પરંતુ તેને સંબોધવામાં આવ્યો હતો કે કેમ તે અંગે તેઓ અચોક્કસ હતા.

અનવરે એડીજીપી (કાયદો અને વ્યવસ્થા) એમઆર અજિથ કુમાર અને સાસીનો ઉલ્લેખ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અત્યાર સુધી જે બહાર આવ્યું છે તે ખૂબ જ અસામાન્ય છે. મેં સોનાની દાણચોરીના કેસોમાં સંડોવાયેલા બે મુખ્ય વ્યક્તિઓને ખુલ્લા પાડ્યા છે."

તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમણે હંમેશા પાર્ટીના કાર્યકરો અને કેરળના લોકો માટે હિમાયત કરી છે. "પરંતુ પાર્ટી (CPI-M) હવે મને આરોપી તરીકે લેબલ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ મને જેલમાં મોકલવા માંગે છે."

અનવરે રવિવારે સાંજે મંજેરીમાં એક જાહેર કાર્યક્રમની જાહેરાત કરી, જેમાં દરેકને હાજરી આપવા આમંત્રણ આપ્યું અને જાહેર જનતાની ચિંતાઓનો અવાજ ઉઠાવવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું.

મુખ્ય પ્રધાને ગુરૂવાર, ૩ ઑક્ટોબરના રોજ ત્રિશૂર પૂરમ ઉત્સવના વિક્ષેપની વ્યાપક ત્રણ-સ્તરીય પુનઃ તપાસનો આદેશ આપ્યો હતો. કેરળ વિધાનસભા સત્ર પહેલા કેબિનેટની બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, જે આજે ૪ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહી છે.

મુખ્ય પ્રધાને કેબિનેટ દ્વારા લેવામાં આવેલા કેટલાક મુખ્ય નિર્ણયોની રૂપરેખા આપતા, ભવિષ્યમાં ત્રિશૂર પૂરમ ઉત્સવ સરળતાથી અને વિક્ષેપ વિના આગળ વધે તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) હવે આ વર્ષે એપ્રિલમાં તહેવારના વિક્ષેપ પાછળના કાવતરાની શક્યતા અને સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિઓની તપાસ કરશે. આ ટીમનું નેતૃત્વ ક્રાઈમ બ્રાન્ચના એડીજીપી એચ. વેંકટેશ કરશે.

આ ઉપરાંત, ઈન્ટેલિજન્સ બ્યુરોના વડા એડીજીપી અબ્રાહમને તહેવારની સત્તાવાર સંસ્થામાં કોઈપણ ક્ષતિઓની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. દરમિયાન, પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) એસ. દરવેશ સાહેબ તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાનો હવાલો સંભાળતા અજિત કુમારની કથિત નિષ્ફળતાઓની તપાસ કરશે.

# કોંગ્રેસ હરિયાણાની ગાદી ફરી મેળવશે, જમ્મુ-કાશ્મીરમાં રસાકસીના જંગમાં ઈન્ડિયા બ્લોક આગળ : ઈન્ડિયા ટુડેનો એક્ઝીટ પોલ

**હરિયાણામાં કોંગ્રેસને ૫૦-૫૮ બેઠકો સાથે પૂરી બહુમતી મળવાની શક્યતા**

**ભાજપને ૨૦-૨૮ બેઠકો મળવાનું અનુમાન**

**જન નાયક જનતા પાર્ટીને માત્ર બે બેઠકો મળી શકે**

**જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સનો દબદબો, ૪૦-૪૮ બેઠકો મળી શકે : ભાજપને ૨૭-૩૨ બેઠકો મળવાનું અનુમાન**

## મહેબૂબા મુફતીની પાર્ટી PDPનો સફાયો માત્ર ૬-૧૧ બેઠકો જ મળવાનું અનુમાન

(એજન્સી) તા.૫

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું. આઠમી ઓક્ટોબરે ખબર પડશે કે ભાજપ અહીં જીતની હેટ્રિક પુરી કરશે કે કોંગ્રેસ ૧૦ વર્ષ બાદ ફરી સત્તામાં આવશે. કોંગ્રેસ હરિયાણામાં સૌથી મોટી પાર્ટી બનશે અને પોતાના દમ પર સરકાર પણ બનાવી શકે છે. સતત બે ટર્મથી સરકાર બનાવી રહેલ ભાજપ બહુમત માટે જરૂરી ૪૬ બેઠકોના આંકડાથી દૂર જણાઈ રહ્યું છે. પાર્ટી બીજા સ્થાને રહેશે. જો કે નિષ્ણાતોનું માનવું છે કે ૧૮ બેઠકો એવી છે કે જ્યાં બંને વચ્ચે જોરદાર ટક્કર છે. નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસનું ગઠબંધન મહત્તમ સીટો મેળવી શકે છે. બીજેપી બીજા સ્થાને રહી શકે છે. અગાઉના સીએમ મહેબૂબા મુફતીની પાર્ટી પીડીપીની સીટો ભલે ઓછી હોય, પરંતુ તેઓ કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. આ વખતે અપક્ષ ઉમેદવારો પણ સરકાર બનાવવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસનું ગઠબંધન સરકાર બનાવવાની સૌથી નજીક છે. તેને ૩૫થી ૪૦ સીટો મળી શકે છે. આટલી બેઠકો સરકાર બનાવવા માટે પૂરતી નથી, તેથી પીડીપી અથવા અપક્ષોની જરૂર પડશે. કાશ્મીરની ૪૭ બેઠકોમાંથી મોટાભાગની બેઠકો પર આ ગઠબંધન મજબૂત દેખાઈ રહ્યું છે. ૨૦૧૪માં બંને પક્ષોએ ૨૭ બેઠકો જીતી હતી. આ સંદર્ભમાં ગઠબંધનને ૧૦થી વધુ બેઠકોનો ફાયદો થઈ શકે છે. ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં બીજા નંબરે રહેલ ભાજપ આ વખતે પણ એ જ સ્થિતિમાં રહી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં પાર્ટીને ૨૦થી ૨૫ સીટો મળી શકે છે. ભાજપ જમ્મુની ૪૩ બેઠકોમાંથી અડધી અથવા વધુ બેઠકો જીતી શકે છે. આ વખતે કાશ્મીર ઘાટીમાં પાર્ટીનું ખાતું ખુલી શકે છે. આશા ગુરેઝ બેઠકની છે. ફકીર મોહમ્મદ ખાન અહીંથી પાર્ટીના ઉમેદવાર છે. ફકીર મોહમ્મદ ૨૮ વર્ષ પહેલા ૧૯૯૬માં ગુરેઝથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. આ પછી તેઓ ચાર વખત ચૂંટણી લડ્યા હતા પરંતુ દરેક વખતે તેઓ ઓછા માર્જિનથી હારી ગયા હતા. નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર નઝીર અહેમદ ખાન છેલ્લી ત્રણ ચૂંટણીઓથી સતત ગુરેઝ બેઠક પરથી જીતી રહ્યા છે. આ વખતે તેઓ ચૂંટણી લડી રહ્યા છે. લોકસભા ચૂંટણીના પરિણામોથી સ્પષ્ટ થઈ ગયું હતું કે મહેબૂબા મુફતીની પાર્ટી પીડીપી ઘાટીના રાજકારણમાં પોતાની પકડ ગુમાવી રહી છે. લોકસભા ચૂંટણીમાં પાર્ટી એક પણ સીટ જીતી શકી નથી. મહેબૂબા મુફતી પોતે અનંતનાગથી ચૂંટણી હારી ગયાં. વિધાનસભાની ચૂંટણીમાં પણ પરિણામો કંઈક અલગ હોય તેવું લાગતું નથી. શરૂઆતમાં પીડીપી નબળી દેખાતી હતી. બીજા અને ત્રીજા તબક્કાની ચૂંટણી સુધીમાં પરિસ્થિતિ થોડી સુધરી હતી. નિષ્ણાતો માને છે કે પીડીપી માત્ર ૪-૭ બેઠકો જીતી શકે છે. આમ છતાં સરકાર બનાવવા માટે તેમને અન્ય પક્ષોની જરૂર પડશે. ચૂંટણી બાદ પીડીપી ઈન્ડિયા બ્લોક એટલે કે નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવે તેવી પુરી શક્યતાઓ છે. ભાજપ-કોંગ્રેસ સિવાય INLD-BSP ગઠબંધન, JJP-SP ગઠબંધન અને આમ આદમી પાર્ટી જેવા અન્ય પક્ષો કોઈ ફેરફાર કરતા જોવા મળતા નથી. હરિયાણામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું. આઠમી ઓક્ટોબરે ખબર પડશે કે ભાજપ અહીં જીતની હેટ્રિક પુરી કરશે કે કોંગ્રેસ ૧૦ વર્ષ બાદ ફરી સત્તામાં આવશે. આ સવાલોના જવાબ જાણવા ભાસ્કરના પત્રકારો હરિયાણાની તમામ ૯૦ વિધાનસભા બેઠકો પર પહોંચ્યા હતા. રાજકીય નિષ્ણાતો, વરિષ્ઠ પત્રકારો અને સામાન્ય લોકો સાથે વાત કરીને અમે પવનની દિશા સમજી શક્યા.

આ વાતચીતથી સમજાયું કે, કોંગ્રેસ હરિયાણામાં સૌથી મોટી પાર્ટી બનશે અને પોતાના દમ પર સરકાર પણ બનાવી શકે છે. સતત બે ટર્મથી સરકાર બનાવી રહેલ ભાજપ બહુમત માટે જરૂરી ૪૬ બેઠકોના આંકડાથી દૂર જણાઈ રહ્યું છે. પાર્ટી બીજા સ્થાને રહેશે. જો કે નિષ્ણાતોનું માનવું છે કે ૧૮ બેઠકો એવી છે કે જ્યાં બંને વચ્ચે જોરદાર ટક્કર છે.

ભાજપ-કોંગ્રેસ સિવાય INLD-BSP ગઠબંધન, JJP-SP ગઠબંધન અને આમ આદમી પાર્ટી જેવા અન્ય પક્ષો કોઈ ફેરફાર કરતા જોવા મળતા નથી. ચૂંટણીની શરૂઆતથી જ વાતાવરણ કોંગ્રેસ તરફી રહ્યું છે. સત્તાવિરોધી, ખેડૂતોની નારાજગી, યુવાનો અને રેસલર્સના આંદોલનને કારણે ભાજપ શરૂઆતથી જ પાછળ દેખાતો હતો. મોટી રેલીઓ બાદ થોડી ગતિ સર્જાઈ હતી, પરંતુ સમય ઓછો હોવાથી તેનો લાભ લઈ શકાયો ન હતો. હરિયાણાના પોલિટિકલ એક્સપર્ટ કહે છે, 'મને નથી લાગતું કે ભાજપ આ વખતે જીતની હેટ્રિક ફટકારી શકશે. પહેલું કારણ એ છે કે PM મોદીનું નામ ૨૦૧૪ અને ૨૦૧૯માં લોકપ્રિય હતું, હવે એવું નથી. ખેડૂતોને ૧૩ મહિના સુધી આંદોલન પર બેસવું પડ્યું. જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં પાર્ટી વિરુદ્ધ વાતાવરણ સર્જાયું છે. ત્યાંના લોકો ભાજપને પસંદ નથી કરતા. 'બીજું કારણ મનોહર લાલ ખટ્ટર છે. ૧૦ વર્ષ સુધી અન્ય નેતાઓને કાઢવાની રાજનીતિ કરી. જેના કારણે નુકસાન થતું હોય તેવું લાગી રહ્યું છે. જાટ નેતાઓને કાઢ્યા કર્યો હતો. અનિલ વિજને સાઈડલાઈન કર્યા હતા. આ બાબતો મહત્વની છે. જૂના નેતાઓને હટાવવામાં નુકસાન થયું હતું. કોંગ્રેસ છોડી ગયેલા નેતાઓની વિશ્વસનિયતા ઘટી છે. ત્રીજું કારણ છેલ્લી ઘડીએ નાયબ સૈનીને મુખ્યમંત્રી બનાવવાનું છે. તેની બહુ અસર થઈ ન હતી. સૈની સમાજનું સમર્થન ચોક્કસપણે છે, પરંતુ સમગ્ર સમાજ ક્યારેય એક નેતાના સમર્થનમાં નથી. જો સૈનીને પહેલા સીએમ બનાવ્યા હોત તો કદાચ તેઓ ભાજપને સારી સ્થિતિમાં લાવી શક્યા હોત. જો કોંગ્રેસની વાત કરીએ તો કુમારી સેલજા કોંગ્રેસને બહુ નુકસાન કરી શકશે નહીં. રણદીપ સુરજેવાલા અને કિરણ ચૌધરી નુકસાન કરી શકે છે. કોંગ્રેસે સારૂં કર્યું કે તેમણે જૂથબંધી મુજબ ટિકિટની વહેંચણી કરી નથી. તેમણે આવું ૨૦૧૯માં કર્યું, ત્યારે પાર્ટી હારી ગઈ હતી.

# PMની નીતિઓના 'ચક્રવ્યુહ'ને તોડવા માટે હરિયાણા મરણતોલ પ્રહાર કરશે: રાહુલ ગાંધી

## કોંગ્રેસ નેતાએ કહ્યું કે ભાજપે ખામીયુક્ત GST અને નોટબંધીથી નાના ઉદ્યોગોની કમર તોડી નાખી છે

(એજન્સી) તા.૫

ભાજપે હરિયાણામાં અર્થવ્યવસ્થાને 'નિષ્ફળ' કરી હોવાનો આરોપ લગાવતા, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, રાજ્યના લોકો ટૂંક સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'ક્રોની મૂડીવાદી નીતિઓ'ના 'ચક્રવ્યુહ'ને તોડવા માટે આગામી ફટકો મારશે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા ફેલાયેલી 'બેરોજગારીની બિમારી'એ રાજ્યના યુવાનોના ભાવિને 'ઊંડા જોખમમાં' મૂક્યું છે અને કોંગ્રેસની સરકાર રોજગાર પરત આવે અને દરેક કુટુંબ સમૃદ્ધ બને તે સુનિશ્ચિત કરશે. રાહુલ ગાંધીએ X પર તેમની તાજેતરની વિજય સંકલ્પ યાત્રા દરમિયાન મહિલાઓના જૂથ સાથેની તેમની વાતચીતનો વીડિયો શેર કર્યો હતો.



વિડિયોની સાથે, તેમણે X પર હિન્દીમાં પોતાની પોસ્ટમાં કહ્યું, 'ભાજપ દ્વારા ફેલાવવામાં આવેલી બેરોજગારીની બિમારીએ હરિયાણાના મૂળ, યુવાનોનું ભવિષ્ય અને રાજ્યની સુરક્ષાને ઊંડા જોખમમાં મૂકી દીધી છે.' રાહુલ ગાંધીએ કહ્યું, 'હરિયાણાની કેટલીક બહેનોએ વિજય સંકલ્પ યાત્રા દરમિયાન આશ્રય આપ્યો, ખૂબ પ્રેમથી ઘરે બનાવેલા રોટલા ખવડાવ્યા અને રાજ્યની જટિલ સમસ્યાઓ પણ સમજાવી.' તેમણે જણાવ્યું કે,આજે, હરિયાણામાં ભારતમાં સૌથી વધુ બેરોજગારી છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'આનું કારણ એ છે કે ભાજપે એક દાયકામાં રાજ્યના યુવાનોને રોજગાર પ્રદાન કરતી દરેક સિસ્ટમની કમર તોડી નાખી છે.' રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપે ખામીયુક્ત GST અને નોટબંધીથી નાના ઉદ્યોગોની કમર તોડી નાખી છે. તેણે અગ્નિવીર સાથે સૈન્યની તૈયારી કરી રહેલા યુવાનોના જુસ્સાને તોડી નાખ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, ભાજપે કાળા કાયદાથી ખેતીનો ધંધો કરનારાઓની હિંમત તોડી નાખી છે અને તેમનું સમર્થન છીનવીને ખેલાડીઓના સપના તોડી નાખ્યા છે. તેણે 'પરિવાર પહેચાન પત્ર' સાથેની સરકારી ભરતી અટકાવીને પરિવારોને તોડી નાખ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું, 'તેનું પરિણામઃ યુવા પ્રતિભા ડ્રગ્સની પકડમાં બરબાદ થઈ રહી છે. નિરાશ યુવાનો અપરાધનો માર્ગ અપનાવે છે. ડંકી જેવા જોખમોની મુસાફરીથી પરિવારો બરબાદ થઈ રહ્યા છે.' તેમણે જણાવ્યું હતું કે,રાજ્યમાં સત્તામાં આવનારી કોંગ્રેસ સરકાર ૨ લાખ કાયમી નોકરીઓ આપશે અને હરિયાણાને ડ્રગ ફ્રી બનાવશે. રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'મેં હરિયાણાની બહેનોને વચન આપ્યું છે કે હું આ બરબાદીને રોકીશ, હું તેમના બાળકોની રક્ષા કરીશ - રોજગાર પરત આવશે, અને દરેક પરિવાર સમૃદ્ધ થશે.' X પરની બીજી પોસ્ટમાં, કોંગ્રેસના પૂર્વ વડાએ યાદ કર્યું કે તેમણે તાજેતરમાં ગોહાનામાં સ્વાદિષ્ટ જલેબીઓ અને તેને વધુ વ્યાપક રીતે વેચવાની તક વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,ભારતમાં સમાન નાના ઉત્પાદકોના ૫,૫૦૦ ક્લસ્ટર છે જેઓ યોગ્ય સમર્થન આપવામાં આવે તો વિશ્વ સમક્ષ તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ કરી શકે છે. તેમણે ફાઈનાન્સ, ટેક્નોલોજી, નેટવર્ક, બ્રાન્ડિંગ અને બહેતર સંગઠન પ્રદાન કરવા માટે નીતિઓની જરૂર હોવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, 'આ સમર્થનથી, વિશ્વ માત્ર આપણી મીઠાઈ જ નહીં પરંતુ સોપોરના સફરજન, બલ્લારીના જીન્સ, કોલ્હાપુરી ચપ્પલ, મેઘાલયના અનાનસ, બિહારના મખાના, મુરાદાબાદના પિત્તળના વાસણ અને અન્ય ઘણી વસ્તુઓનો આનંદ માણી શકે છે. બનારસી સાડીઓની વૈશ્વિક સફળતા એક ઉત્તમ ઉદાહરણ છે કે શું શક્ય છે.' રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતને ઝડપી આર્થિક વૃદ્ધિની જરૂર છે જે દરેકને લાભ આપે અને વધુ ઉત્પાદક અર્થતંત્ર જે વૈશ્વિક મંચ પર સ્પર્ધા કરી શકે. તેમણે કહ્યું કે, 'મોદીજી, કેટલીક ક્રોની કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે અમારા નાના ઉદ્યોગોને સશક્ત કરીને જ આ કરી શકાય છે.' તેમણે કહ્યું કે, યુવા, શિક્ષિત અને ઊર્જાસભર પેઢીની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને ભારતના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ભારતને જરૂરી કરોડો ઔપચારિક નોકરીઓનું સર્જન કરવાનો આવો સર્વસમાવેશક વિકાસ એકમાત્ર રસ્તો છે. રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે, 'ભાજપે હરિયાણા અને ભારતમાં અર્થવ્યવસ્થાને નિષ્ફળ બનાવી છે. તેઓએ કરોડોને અનૌપચારિક નોકરીઓમાં ધકેલ્યા છે અને લાખો લોકોને નાના ઉદ્યોગોને નષ્ટ કરીને ભારત છોડવા મજબૂર કર્યા છે. તેમનો એક માત્ર રસ અદાણી દ્વારા મોટા પ્રમાણમાં ઉત્પાદિત ઉત્પાદનોમાં છે !' તેમણે કહ્યું, 'હરિયાણાના લોકો આ સારી રીતે સમજે છે. તેઓ ટૂંક સમયમાં મોદીજીની મૂડીવાદી નીતિઓના 'ચક્રવ્યુહ'ને તોડવા માટે આગામી ફટકો મારશે.' હરિયાણામાં મત ગણતરી ૮ ઓક્ટોબરે થશે.

# હરિયાણા એક્ઝિટ પોલ ૨૦૨૪ : ભાજપ સામે મજબૂત લીડ સાથે કોંગ્રેસ વિજય પથ પર

(એજન્સી) તા.૫

જમ્મુ કાશ્મીરમાં ૯૦ વિધાનસભા બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થઈ ચૂક્યું છે. જ્યારે હરિયાણામાં શનિવારે (૫ ઑક્ટોબર) ૯૦ બેઠકો પર મતદાન પૂર્ણ થયું છે. મતગણતરી ૮ ઑક્ટોબરે થશે. ત્યારે હરિયાણાનું મતદાન પૂર્ણ થતાં જ આજે ૬ વાગ્યે એક્ઝિટ પોલના પરિણામ સામે આવી રહ્યા છે. તેનાથી એક ચિત્ર સ્પષ્ટ થાય છે કે રાજ્યમાં કોની સરકાર બનવા જઈ રહી છે. ઈન્ડિયા ટુડે-સી વોટરના સર્વે અનુસાર, જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધનને બહુમતી મળતી જોવા મળી રહી છે. એક્ઝિટ પોલના અનુસાર, ૯૦ બેઠકો વાળા રાજ્યમાં કોંગ્રેસ-નેશનલ ગઠબંધનને ૪૦-૪૮ બેઠકો, ભાજપને ૨૭-૩૨ બેઠકો, પીડીપીને ૬-૧૨ બેઠકો, અન્યના ખાતામાં ૬-૧૧ બેઠકો મળવાનો અંદાજ છે. મોટાભાગના સર્વેમાં હરિયાણામાં કોંગ્રેસની ૧૦ વર્ષ બાદ વાપસી જોવા મળી રહી છે. રિપબ્લિક ભારત-મૈટ્રિઝના એક્ઝિટ પોલમાં ભાજપને ૧૮-૨૪, કોંગ્રેસને ૫૫-૬૨, જેજેપી ગઠબંધનના ખાતામાં ૦-૩, આઈએનએલડી ગઠબંધનના ખાતામાં ૩-૬ અને અન્યના ખાતામાં ૨-૫ બેઠકો મળવાનો અંદાજ છે. હરિયાણામાં મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, ભૂપેન્દ્રસિંહ હુડ્ડા, કોંગ્રેસની વિનેશ ફોગાટ અને જેજેપીના દુષ્યંત ચૌટાલા સહિતના ૧૦૨૭ ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં કેદ થઈ ગયું છે. આ વખતે સત્તાધારી ભાજપ રાજ્યની જીતની હેટ્રિક લગાવવાના આશા લગાવી રહી છે, જ્યારે કોંગ્રેસ એક દાયકા બાદ વાપસીની આશા રાખી રહ્યું છે. આ ચૂંટણીમાં મુખ્ય રીતે ભાજપ, કોંગ્રેસ, આપ ઈનેલો-બસપા અને જેજેપી-આઝાદ સમાજ પાર્ટી સામેલ છે. હરિયાણાના એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા છે. લગભગ તમામ એક્ઝિટ પોલમાં કોંગ્રેસની જીતની આગાહી કરવામાં આવી છે. સટ્ટા બજારે કોંગ્રેસ માટે ૫૬-૫૭ બેઠકો અને ભાજપને ૨૨-૨૩ બેઠકો સાથે જીતની આગાહી કરી છે. મેટ્રિઝ સર્વેમાં કોંગ્રેસ માટે ૫૫-૬૨ બેઠકો અને ભાજપ માટે ૧૮-૨૪ બેઠકો સાથે જીતની આગાહી કરવામાં આવી હતી; પીપલ્સ પલ્સે ૪૯-૬૧ બેઠકો સાથે કોંગ્રેસની જીત અને બીજેપી ૨૦-૩૨ બેઠકો સાથે બીજા ક્રમે આવવાનું અનુમાન કર્યું હતું; ધ્રુવ સંશોધને કોંગ્રેસને ૫૭ અને ભાજપને ૨૭ બેઠકો મળવાની આગાહી કરી છે. પી માર્કે ૫૬ બેઠકો સાથે કોંગ્રેસની જીત અને ભાજપ ૩૧ બેઠકો પર પાછળ હોવાનું અનુમાન કર્યું છે. સરેરાશ મતદાન સૂચવે છે કે કોંગ્રેસ ૫૫ બેઠકો જીતશે, જ્યારે ભાજપ ૨૬ બેઠકો જીતશે.

# ઈઝરાયેલે પેલેસ્ટીનીઓ સામેના તેના નરસંહારના યુદ્ધ દરમિયાન ગાઝામાં ૭૯% મસ્જિદો, ૩ ચર્ચનો નાશ કર્યો

(એજન્સી) ગાઝા, તા.૫

ગાઝામાં ધાર્મિક બાબતોના મંત્રાલયે જાહેરાત કરી હતી કે ઈઝરાયેલે પેલેસ્ટીનીઓ સામેના તેના નરસંહારના યુદ્ધ દરમિયાન ગાઝા પટ્ટીમાં ૭૯% મસ્જિદોનો નાશ કર્યો હતો. ઈઝરાયેલી સેનાએ ગાઝાની ૧,૨૪૫ મસ્જિદોમાંથી ૮૧૪ મસ્જિદોને જમીનદોસ્ત કરી દીધી છે અને તેના તીવ્ર બોમ્બમારા દરમિયાન અન્ય ૧૪૮ને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાનું મંત્રાલયે જાહેર કર્યું. નિવેદનમાં જણાવાયું છે કે, મસ્જિદોની સાથે, ત્રણ ચર્ચને પણ નષ્ટ કરવામાં આવ્યા હતા અને ૬૦ કબ્રસ્તાનમાંથી ૧૯ને જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા. મંત્રાલયની મિલકતોને થયેલા નુકસાનની અંદાજિત નાણાકીય કિંમત ૩૫.૦ કરોડ ડોલર હોવાનું મંત્રાલયે ઉમેર્યું હતું. મંત્રાલયે ઈઝરાયેલી સેના પર કબરોની અપવિત્રતા, મૃતદેહોને બહાર કાઢવા અને મૃત્યુ પામેલા લોકો સામે ક્રૂર હિંસા કરવા, જેમ કે તેમના અવશેષો ચોરવા અને તેમને વિકૃત કરવાનો આરોપ મૂક્યો હતો. પૂજા સ્થાનોના વિનાશ ઉપરાંત, મંત્રાલયે નોંધ્યું હતું કે તેની સત્તા હેઠળની ૧૧ વહીવટી અને શૈક્ષણિક સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો હતો, જે ગાઝામાં આવા માળખાના ૭૯% માટે જવાબદાર છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે ઈઝરાયલી દળોએ તેના ૨૩૮ કર્મચારીઓને મારી નાખ્યા અને ૧૯ અન્યને પ્રદેશમાં જમીની હુમલા દરમિયાન અટકાયતમાં લીધા. મંત્રાલયે ગાઝાના ધાર્મિક સ્થળો પરના હુમલાની નિંદા કરી અને વિશ્વ સરકારો અને ઈસ્લામિક સંગઠનો સહિત આંતરરાષ્ટ્રીય સમુદાયને 'ચાલુ સંહારના યુદ્ધ'ને રોકવા



માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરવા છતાં, ગયા ઑક્ટોબર ૭ના પેલેસ્ટીની જૂથ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર તેનું ક્રૂર આક્રમણ ચાલુ રાખ્યું છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્યારથી ૪૧,૮૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૯૬,૮૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ચાલુ નાકાબંધી વચ્ચે ઈઝરાયેલના આક્રમણે પ્રદેશની લગભગ આખી વસ્તીને વિસ્થાપિત કરી દીધી છે જેના કારણે ખોરાક, સ્વચ્છ પાણી અને દવાની તીવ્ર અછત સર્જાઈ છે. ઈઝરાયેલ ગાઝામાં તેની ક્રિયાઓ બદલ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં નરસંહારના કેસનો સામનો કરી રહ્યું છે.

## ઈઝરાયેલના હુમલામાં બૈરૂતનું હિઝબુલ્લાહ લડાકુ જૂથનું ગુપ્ત મથક સદંતરનાશ પામ્યું અને કાટમાળનો ઢગલો થઈ ગયો

(એજન્સી) બૈરૂત, તા.૫

દક્ષિણ બૈરૂતના મધ્ય ભાગમાં આવેલા દાહિયા જિલ્લા વિસ્તાર પર ઈઝરાયેલના ભયંકર હવાઈ આક્રમણમાં હિઝબુલ્લાહના ૨૫ લડાકુ માર્યા ગયા હતા. તેમ ઈન્ડિયા ટૂડેના રિપોર્ટર અશરફ વાણીએ જણાવ્યું હતું. વાણીએ જણાવ્યું હતું કે, બોમ્બ મારાથી લડાકુ જૂથના છૂપા મથકવાળા બિલ્ડિંગનું સદંતર નાશ થઈ ગયો છે. કાટમાળ બની ગયેલી ઈમારતના વીડિયો અશરફે જાહેર કર્યા છે. દરમિયાન ઈઝરાયેલના લશ્કરે દાવો કર્યો હતો કે, છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયેલી સૈનાએ હિઝબુલ્લાહના ૧૦૦ લડાકુએ મારી નાખ્યા છે.

## ફ્રાંસ સરકારનો અહેવાલ, બૂરકીના ફાસોમાં ઈસ્લામિક બંડખોરોએ ગણતરીના કલાકોમાં ૬૦૦ નાગરિકોનો હત્યાકાંડ કર્યો

### આફ્રિકી દેશમાં ભયાનક હાલત, અલકાયદાના આતંકવાદીઓએ લોહીની હોળી ખેલી

(એજન્સી) પેરિસ, તા.૫

આફ્રિકી દેશ બૂરકીના ફાસોમાં અલકાયદાના આતંકવાદીઓ ત્રાટક્યિા હતા અને બેફામ ભયાનક ગોળીબાર કરીને ૬૦૦ નાગરિકોની હત્યા કરી નાખી હતી. તેમ ફ્રાંસની સરકારે જાહેર કર્યું હતું. તાજેતરના સમયમાં આફ્રિકા ખંડમાં ખેલાયેલો આ સૌથી મોટો ભયાનક નરસંહાર છે. મહિલાઓ અને બાળકોની લાશોથી એક આખું ગામ ભરાઈ ગયું હતું. મોટરસાઈકલ પર બેસીને અલકાયદાના ત્રાસવાદીઓ ધસી આવ્યા હતા અને ગોળીઓનો વરસાદ વરસાવી દીધો હતો આ ઘટનાથી સમગ્ર આફ્રિકા ખંડમાં હાહાકાર મચી ગયો છે. પશ્ચિમ આફ્રિકી દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી જીહાદીઓના હુમલા ચાલુ રહ્યા છે. પરિણામે સેંકડો બાળકો અત્યારસુધીમાં માર્યા ગયા છે. ૨૦ લાખ જેટલા લોકો વિસ્થાપિત થઈ ગયા છે.

# PM મોદીએ થાણે ખાતે રૂા.૩૨,૮૦૦ કરોડના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું

## તેમણે કહ્યું કે સરકારના સપના અને મહત્વાકાંક્ષાઓ 'વિકસિત ભારત' પર કેન્દ્રિત છે

(એજન્સી) તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૫ ઑક્ટોબર, ૨૦૨૪) થાણે ખાતે રૂા.૩૨,૮૦૦ કરોડના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું, જેમાં થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રીવે એક્સટેન્શનનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હાજર રહ્યા હતા. આ પ્રદેશમાં શહેરી ગતિશીલતાને વેગ આપવાના મુખ્ય પ્રયાસરૂપે, વડા પ્રધાને લગભગ રૂા.૧૪,૧૨૦ કરોડના ખર્ચે 'મુંબઈ મેટ્રો લાઈન ૩'ના BKCથી આરે JVLR વિભાગનું ઉદ્ઘાટન કર્યું. મુંબઈ શહેર અને ઉપનગરો વચ્ચે મુસાફરીમાં સુધારો કરવા માટે આ એક મુખ્ય જાહેર પરિવહન પ્રોજેક્ટ છે. સંપૂર્ણ રીતે કાર્યરત લાઈન-૩ દરરોજ લગભગ ૧૨ લાખ મુસાફરોને સુવિધા પૂરી પાડે તેવી અપેક્ષા છે. તેમણે થાણેમાં એક કાર્યક્રમમાં નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લુઅન્સ નોટિફાઈડ એરિયા (NAINA) પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો. થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટનું નિર્માણ લગભગ રૂા.૧૨,૨૦૦ કરોડમાં થશે.



પ્રોજેક્ટની કુલ લંબાઈ ૨૯ કિમી છે જેમાં ૨૦ એલિવેટેડ અને ૨ ભૂગર્ભ સ્ટેશન છે. પીએમ મોદીએ કહ્યું કે, થાણે અને મુંબઈમાં અનાવરણ કરાયેલા પ્રોજેક્ટ ઐતિહાસિક ઓળખ હશે. તેમણે કહ્યું 'હું થાણે ખાતે શ્રી કોકિલેશ્વર, છત્રપતિ શિવાજી મહારાજ અને ડૉ. આંબેડકરની પૂજા કરૂં છું.' તેમણે કહ્યું કે સરકારના સપના અને મહત્વાકાંક્ષાઓ 'વિકસિત ભારત' પર કેન્દ્રિત છે. તેમણે ઉમેર્યું કે, 'આ ઘણું અઘરું કામ હતું કારણ કે અમારે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું અને તે જ સમયે કોંગ્રેસને પણ સંભાળવાની હતી' પીએમ મોદીએ થાણે અને મુંબઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની લાંબી યાદીનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે સરકાર મુંબઈ અને થાણેની છબી સુધારશે. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસ અને મહા વિકાસ આઘાડી (MVA) જ્યારે પણ તક મળશે ત્યારે વિકાસના કામો અટકાવશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવી યોજનાઓ અટકી જવા માટે પણ તેમણે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો. મોદીએ ઉમેર્યું કે, 'જે લોકો વિકાસને અટકાવી રહ્યા છે તેમને સત્તાથી દૂર રાખવા જોઈએ.' પાણી અને ગટર જોડાણો માટે પરિવારો પાસેથી ચાર્જ લેવાના હિમાચલ પ્રદેશ સરકારના પગલાની ટીકા કરતા શ્રી મોદીએ કહ્યું કે, 'જ્યારે આપણે કહીએ છીએ કે શૌચાલય બનાવો, કોંગ્રેસ શૌચાલયો પર ટેક્સ લાવે છે.' મોદીએ થાણેમાં દાવો કર્યો કે, 'કોંગ્રેસ શહેરી નક્સલીઓની ટોળકી દ્વારા ચલાવવામાં આવે છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે, 'કોંગ્રેસ ફરીથી કલમ ૩૭૦ લાવશે,' 'એનડીએ મહારાષ્ટ્રના સપના પૂરા કરશે.' PMએ લગભગ રૂા.૭૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવનાર થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો શિલાન્યાસ પણ કર્યો.

# કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાએ કન્નડ રાજ્યની 'વ્યવસાયિક ભાષા' બનાવવાનો રાગ આલાપ્યો

## સિદ્ધારમૈયાએ લોકોને તમામ ભાષાઓનો આદર કરવા, બને તેટલી ભાષાઓ શીખવા કહ્યું પરંતુ આ ભૂમિની ભાષા કન્નડને છોડવા જેટલાં ઉદાર ક્યારેય ન બનવાની શીખ આપી

(એજન્સી) તા.૫

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કર્ણાટકના લોકોને કન્નડને તેમની 'વ્યવસાયિક ભાષા' બનાવવાની સ્પષ્ટ અપીલ કરી હતી.

અગાઉના મૈસૂર રાજ્યને કર્ણાટક નામ આપવાના ૫૦ વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં બોલતા, મુખ્યમંત્રીએ લોકોને કર્ણાટકને કન્નડ રાજ્ય બનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, 'અહીં રહેતા તમામ લોકો કન્નડીગ છે. તમારી ઘરની ભાષા ગમે તે હોય, 'વ્યવસાયિક ભાષા' કન્નડ હોવી જોઈએ. કન્નડ રાજ્યની મુખ્ય અને પ્રથમ ભાષા હોવી જોઈએ.' તેમણે ઉમેર્યું, 'દરેક ભાષા શીખો, પરંતુ કન્નડ રાજ્યમાં સત્તાવાર ભાષા હોવી જોઈએ.' ગોકાક આંદોલન પર ધ્યાન આપતા, જે કન્નડને રાજ્યમાં પ્રથમ ભાષાનો દરજ્જો આપવા સંબંધિત હતું, મુખ્ય પ્રધાને કહ્યું કે કર્ણાટકમાં કન્નડને સમૃદ્ધ બનાવવા માટે વાતાવરણ બનાવવા માટે 'કન્નડ કવલુ સમિતિ'ની રચના કરવામાં આવી હતી. બાદમાં, સમિતિ કન્નડ વિકાસ સત્તામંડળ બની. સિદ્ધારમૈયાએ લોકોને તમામ ભાષાઓનો આદર કરવા, બને તેટલી ભાષાઓ શીખવા કહ્યું પરંતુ આ ભૂમિની ભાષા કન્નડને છોડવા જેટલાં ઉદાર ક્યારેય ન બનવાની શીખ આપી. આ પ્રસંગે, મુખ્યમંત્રીએ વરિષ્ઠ કન્નડ કાર્યકરો અને ગોકાક આંદોલનના નેતાઓનું સન્માન કર્યું હતું.

# યુપી કોર્ટે ભાજપ કાર્યકર તેના મિત્ર અને બે પોલીસ કર્મચારીની જુબાનીના આધારે 'સામૂહિક ધર્માંતરણ' માટે ત્રણને દોષિત ઠેરવ્યા

(એજન્સી) તા.૫

ભારતીય જનતા પાર્ટી (BJP)ના એક કાર્યકર, તેના મિત્ર અને બે પોલીસકર્મીઓ આ ચાર માણસોની જુબાનીના આધારે, ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાની એક અદાલતે ત્રણ લોકોને "સામૂહિક ધર્માંતરણ"ના ગુના માટે દોષિત ઠેરવ્યા છે અને તેમને છ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

આઝમગઢ કોર્ટના ચુકાદા પછી ધ વાયરને જણાવ્યું હતું કે પરંતુ તે તારણ આપે છે કે, કોઈએ તેનો ધર્મ હિંદુમાંથી ખ્રિસ્તી બનાવ્યો ન હતો. હકીકતમાં, આ કેસમાં કોઈ વાસ્તવિક સ્વતંત્ર સાક્ષીઓ ન હતા. 'મેં કન્વર્ટ નથી કર્યું. હું તે ક્યારેય કરશે. હું હિંદુ છું. હું હિંદુ રહીશ,' ભારતીય જનતા પાર્ટીના સભ્ય અશોક કુમાર યાદવે (૩૫), જેની ફરિયાદ પર આ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ પ્રોહિબિશન ઑફ લોફુલ કન્વર્ઝન ઑફ રિલિજિયન એક્ટ, ૨૦૨૧ મુજબ, સામૂહિક ધર્માંતરણનો અર્થ છે ખોટી રજૂઆત, બળ, અયોગ્ય પ્રભાવ, બળજબરી, લાલચ અથવા ઢોંગ જેવા કોઈપણ કપટપૂર્ણ માધ્યમ દ્વારા બે કે તેથી વધુ વ્યક્તિઓનું ગેરકાયદેસર ધર્માંતરણ. તે ૧૦ વર્ષ સુધીની જેલની સજાને પાત્ર છે. ફરિયાદ પક્ષે માત્ર ચાર સાક્ષીઓ રજૂ કર્યા હતા. આઝમગઢમાં, સેશન્સ જજ સંજીવ શુક્લાએ ત્રણ આરોપીઓને - બાલચંદ જયસાવર, ગોપાલ પ્રજાપતિ અને નીરજ કુમારને ૨૬ સપ્ટેમ્બરના રોજ સામૂહિક ધર્મ પરિવર્તન માટે દોષિત ઠેરવ્યા હતા, તેમ છતાં આ કેસ યાદવના આરોપો પર કેન્દ્રિત હતો કે તેઓએ તેને ખ્રિસ્તી ધર્મ અપનાવવાનો પ્રયાસ કર્યો હતો અને જ્યારે તે ના પાડી, દુર્વ્યવહાર કર્યો અને તેને ધમકી આપી.

ભાયલી વિસ્તારમાં સમિયાલા રોડના એકાંત સ્થળે બે બાઈક પર હવસખોરો ધસી આવ્યા હતા

# વડોદરામાં પ્રેમી સાથે ફરવા ગયેલી ૧૬ વર્ષીય સગીરા પર થયો ગેંગરેપ

## પ્રેમી યુવકને પકડી રાખી આચર્યું દુષ્કર્મ : તૂટેલા ચશ્મા અને ઝાંઝર મળ્યાં

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

હાલમાં નવરાત્રિ ચાલી રહી છે ત્યારે બીજા નોરતે વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં સામૂહિક દુષ્કર્મની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. જેમાં ૧૬ વર્ષીય સગીરા પોતાના પ્રેમી યુવક સાથે રાત્રિના સમયે ફરવા માટે નીકળી હતી અને સમિયાલા રોડ પર એકાંત જગ્યામાં બંને બેઠા હતા. તે દરમિયાન ત્રણ જેટલા શખ્સો ધસી આવી યુવકને પકડી રાખ્યા બાદ ત્રણ જણાએ વારાફરતી સગીરા પર દુષ્કર્મ ગુજારી ત્યાંથી નાસી ગયા હતા. ૪ ઓક્ટોબરના રોજ રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં ૧૬ વર્ષની પરપ્રાંતીય સગીરા લક્ષ્મીપુરા વિસ્તારમાં તેના પ્રેમી યુવકને મળી હતી અને ત્યારબાદ બંને જણા ફરવા માટે નીકળ્યા હતા. ફરતા ફરતા તેઓ ભાયલીથી



ભાયલી વિસ્તારમાં પ્રેમીને પકડી રાખી ૧૬ વર્ષની સગીરા પર સામૂહિક બળાત્કારના બનાવને પગલે ચકચાર મચી જવા પામી છે. તસવીરમાં ઘટના સ્થળે મળી આવેલ ઝાંઝર અને તૂટેલા ચશ્મા દશ્યમાન થાય છે. (તસ્વીર : અતિક શેખ, વડોદરા)

આગળ સમિયાલા જવાના રોડ પર એક સૂમસામ જગ્યા પર બંને બેઠા હતા. અગિયારથી એક વાગ્યાના સમયગાળા દરમિયાન બે બાઈક પર ત્રણ જેટલા અજાણ્યા શખસો યુવક અને સગીરા પાસે ધસી આવ્યા હતા. ત્યારબાદ યુવકને પકડી રાખ્યો હતો અને યુવતી પર ત્રણેય જણાએ વારાફરતી સામૂહિક રીતે બળાત્કાર ગુજાર્યો હતો. સગીરા પરપ્રાંતીય છે અને એને વડોદરાના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. દરમિયાન બાઈક પર આવેલા ત્રણ શખ્સો હિન્દી ભાષામાં એકબીજા સાથે વાતો કરતા હતા. સગીરા પર દુષ્કર્મ બાદ ત્રણેય જણા બાઈકો લઈને ફરાર થઈ ગયા હતા. સગીરા સાથે ઘટના અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેથી જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને સ્થાનિક પોલીસ સહિતની વિવિધ ટીમો બનાવીને બળાત્કાર ગુજારનાર આરોપીઓને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરી છે. સ્થળ પર દોડી ગયેલી પોલીસને ચશ્મા અને સગીરાના પાયલ મળી આવ્યા હતા. હાલમાં તાલુકા પોલીસે સગીરાનું મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. વડોદરા ભાયલી વિસ્તારની ઘટનાના પગલે શહેર અને જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથેનો કાફલો ઘટનાસ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી છે. પોલીસ તેમજ FSLની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળે માર્કિંગ કરી સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

કચ્છ વિસ્તારના અડ્ડાઓના સરનામા-બુટલેગરોના નામ સાથે આઈજીને આપતા મેવાણી

# ગુજરાતમાં પોલીસની રહેમ નજરથી ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ સામે આક્રમક બન્યા ધારાસભ્ય

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૫

કચ્છ જિલ્લામાં અને ભચાઉ પંથકમાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરવા બાબત કોંગ્રેસ પક્ષના કાર્યકારી અધ્યક્ષ અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો રેન્જ આઈજીને પત્ર લખ્યો છે પત્રમાં ધારાસભ્યએ દારૂના અડ્ડાના સરનામા પણ આપ્યા છે. આ સાથે તેમણે ટવિટ કરી અને હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી પર આક્ષેપો સાથે પ્રહારો પણ કર્યા છે. રાજ્યમાં એક તરફ નવરાત્રિનું પવિત્ર પર્વ ચાલી રહ્યું છે. બીજી તરફ ડ્રાય સ્ટેટ ગુજરાતમાં દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાના આક્ષેપ કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ

### નવરાત્રિમાં ચાલતા ગોરખધંધાને લઈ ભ્રષ્ટ અધિકારી સામે પગલાં લેવાશે કે પછી ?: મેવાણીના પ્રહારો

મેવાણીએ કર્યા છે. આ સાથે તેમણે રેન્જ આઈ.જી.ને પત્ર લખી અને દારૂના અડ્ડાના સરનામા અને બુટલેગરોના નામ પણ મોકલી પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. જિગ્નેશ મેવાણીએ સોશિયલ મીડિયા પર ટવીટ કરી જણાવ્યું છે કે, કાળા કારોબારની ચરમસીમા જુઓ..ગુજરાતના કચ્છ જિલ્લામાં જયાં જયાં નવરાત્રિના તહેવારની ઉજવણી થાય છે ત્યાં ત્યાં નવરાત્રિના આ દિવસો દરમ્યાન પણ દારૂ અને જુગારના કાળા કારોબાર ડીએસપીના નાક નીચે બેશરમ રીતે ચાલી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર નવરાત્રિ દરમ્યાન આ ધંધો વધુ મજબૂત થઈ આગળ વધી રહ્યો છે. ગુજરાતના હિન્દુઓ અને ખાસ કરીને ગરબા પ્રેમી લોકોની લાગણી અને સુરક્ષા સાથે આ એક મોટી ગરબડ છે. શું રાજયના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી આ ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઈ પગલાં લેશે ? કે પછી બધા સાથે ભેગા મળી વહેંચીને મલાઈ ખાશે ? તેવા ગંભીર આક્ષેપો ટવીટ થકી ધારાસભ્યે કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે જિગ્નેશ મેવાણીએ કચ્છ રેન્જ આઈ.જી.ને પાઠવેલ પત્રમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે ડીવાયએસપીની રહેમ નજર હેઠળ ચાલતા દેશી-વિદેશી દારૂના પોઈન્ટની પ્રાથમિક વિગતો અમુક કિસ્સામાં બુટલેગરોના લીસ્ટ સાથે નીચે મુજબ છે. આ ગેરકાયદે ધંધા બંધ કરવા તાત્કાલિક આદેશ આપશો અને ડીવાયએસપી એસ.પી.ની ભૂમિકાની પણ તપાસ કરશો એમ રજૂઆતમાં તેમણે વધુમાં જણાવ્યું હતું. આ સાથે ડીઝલ ચોરી તથા લોખંડ, બાયોડીઝલ, રેતી ચોરી વગેરેના ગોરખધંધા પણ ચાલતા હોવાની વાત તેમણે કરી છે.

# વડોદરાના હરણી એરપોર્ટને ગર્ભિત ધમકીભર્યો ઈમેઈલ મળતા પોલીસ એજન્સીઓ હાઈ એલર્ટ પર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫

હાલમાં નવરાત્રિનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે સમગ્ર વડોદરા શહેર ગરબે ઘૂમવામાં ગમગીન બની ગયું છે. બીજી તરફ પોલીસ દ્વારા પણ નવરાત્રિ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે સતત ડોગ અને બોમ્બ સ્કોડ દ્વારા ચેકિંગ કરાવી રહ્યું છે. ત્યારે વડોદરા શહેરના હરણી ખાતે આવેલા એરપોર્ટ પર સીઆઈએસએફના ઈમેલ એડ્રેસ પર એક શખ્સ દ્વારા ગર્ભિત ધમકી ભર્યો મેસેજ કરીને મેલ મોકલતા એરપોર્ટ ઓથોરિટી અને પોલીસ સહિતની વિવિધ ટીમો એક્શનમાં આવી ગઈ હતી અને એરપોર્ટ સંકુલમાં બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા અને બોમ્બ અને ડોગ દ્વારા ટર્મિનલ સહિતના વિસ્તારમાં ચેકિંગ કરાયું હતું. પરંતુ કોઈ શંકાસ્પદ પદાર્થ કે વસ્તુ મળી આવી ન હતી. જ્યારે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાનો મેઈલ મળ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. વડોદરા શહેરના હરણી એરપોર્ટ ખાતે સીઆઈએસએફ યુનિટ એએસજી ખાતે ફરજ બજાવતા પ્રદીપકુમાર, ડી, રામે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ૪ ઓક્ટોબરના રોજ હરણી




### રાજકોટ એરપોર્ટને પણ ઉડાવી દેવાનો મેઈલ મળ્યાની ચર્ચાથી ગભરાટ ફેલાયો

એરપોર્ટ ખાતે ફરજ ઉપર હાજર હતા. ત્યારે સવારના ૧૧:૦૦ વાગ્યાના અરસામાં એરપોર્ટ ઓથોરિટી પાસેની સીઆઈએસએફના આઈડી પર કોઈ અજાણ્યા શખ્સ દ્વારા General Shiva General shiva 76rediffmail.com આઈડીથી મેલ કર્યો હતો. ધમકી ભર્યો ઈ મેઈલ ઈંગ્લિશમાં એક મેસેજ લખેલો હતો કે I have tickled their ego and have frustrated them! Hahahaha! Result? Boom, boom and BANGS! BIG BIG B A N G S ! ! Hohohohohoho! No stopping, no escape! Let the games begin! Jai mahakal jai ma adishakti. જેથી અમે ઉચ્ચ અધિકારી સહિત હરણી પોલીસ અને એરપોર્ટ ઓથોરિટીને જાણ કરી હતી જેથી. એરપોર્ટ ખાતે ટાવર તાત્કાલિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો દોડી આવ્યો હતો. સ્થાનિક પોલીસ સ્ટાફના માણસોને બંદોબસ્તમાં તાત્કાલિક ગોઠવી દેવામાં આવ્યો હતો તેમજ ફાયરબ્રીગેડની ટીમ જગ્યા ઉપર ટીમ સાથે બોમ તથા ડોગ સ્કોડ દ્વારા હરણી એરપોર્ટના સંકુલમાં ઉપરાંત તેની આજુબાજુ ચેકિંગ કરવામાં આવ્યું હતું પરંતુ આ જગ્યાઓ પરથી કોઈ બોંબ કે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી. પોલીસ દ્વારા જે ઈ-મેલ પરથી ધમકી ભર્યો મેસેજ આવ્યો હતો તેની તપાસ શરૂ કરાઈ છે. બીજી તરફ રાજકોટ અમદાવાદ હાઈ-વે પર આવેલા હિરાસરમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈમેલ મળ્યો હોવાની ચર્ચાઓને લઈ આજે બપોરે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ તેમજ એસ.ઓ.જી. ઉપરાંત BDDS એટલે કે બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ સહિતની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને ચેકિંગ હાથ ધર્યું હતું. આ સાથે જ તેઓએ ડોગ સ્કવોડ પણ સાથે રાખી હતી. આ દરમિયાન પોલીસની ટીમ દ્વારા તમામ મુસાફરોનો માલ સામાન ડોગ સ્કવોડ તેમજ મેટલ ડિટેક્ટર મારફત તપાસવામાં આવ્યો હતો. આ સમયે પોલીસ કાફલો ચેકિંગ કરતો હોવાથી મુસાફરોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો. જો કે, મહત્વની વાત એ છે કે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈ-મેઈલ મળ્યો હોવાની સૂત્રો પાસેથી માહિતી મળી છે અને તેના આધારે જ પોલીસની ટીમ કડક ચેકિંગ કરી રહી છે પરંતુ, એરપોર્ટ ડાયરેક્ટર દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો કોઈ જ ઈ-મેઈલ તેઓને મળ્યો નથી.

કેશોદમાં સામૂહિક આપઘાતનો પ્રયાસ

# એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા ગટગટાવી : માતા-પુત્રીનાં મોત

### પુત્ર સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ,તા.૫

જૂનાગઢના એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પી લેતા માતા-પુત્રીના મોત નીપજયા છે. જ્યારે પુત્ર હાલ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ હોવાનું જાણવા મળ્યું છે. જૂનાગઢના કેશોદમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. કેશોદના ચર ગામમાં એક પરિવારે સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. માતાનું કેશોદની હોસ્પિટલમાં મોત નીપજયું હતું. જ્યારે પુત્રીનું જૂનાગઢની હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું છે. જ્યારે

### આઠ મહિના પહેલા પુત્રના મૃત્યુ બાદ પરિવાર શોકમગ્ન હતો



પુત્ર હાલ સારવાર હેઠળ છે. પોલીસે હાલ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, આઠ મહિના પહેલા એક પુત્રના મૃત્યુ બાદ પરિવાર શોકમગ્ન હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મહિલાના પતિ ઘરે મોડી રાત્રે સુતા હોય તે સમયે સૌપ્રથમ પરિવારની મહિલા અને તેની પુત્રીએ ઝેરી દવા ગટગટાવી હતી. જે બાદ પાછળથી ઘરે આવેલા યુવકે તેની બહેન અને માતાને બેભાન અવસ્થામાં જોઈ તેણે પણ મોત વહાલું કરવા ઝેર ગટગટાવ્યું હતું. પરિવારમાં પત્ની, પુત્રીના મોતના પગલે પતિ બાબુભાઈ સહિત સંબંધીઓમાં માતમ છવાયું છે. આઠ મહિના પહેલા પુત્રના મોતના પગલે પરિવાર શોકમગ્ન રહેતો હતો. પતિની જાણ બહાર મહિલા સહિત તેના પુત્ર અને પુત્રીને લાગી આવતા આત્મહત્યાનું પગલું ભર્યાનું અનુમાન છે. મહિલા અને તેની પુત્રીના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાલ ચાલી રહી છે. તેમજ આત્મહત્યાના પ્રયાસ મામલે તપાસ હાથ ધરી છે. સામુહિક આત્મહત્યાના પ્રયાસની ઘટના બનતા ચર ગામમાં શોક છવાયો છે. ઉલ્લેખનીય છે કે, આઠ મહિના પહેલા એપ્રિલ મહિનામાં રાજકોટ શાપર ખાતે દિવ્યેશ રાઠોડ નામના ૧૯ વર્ષના પુત્રએ ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. જે ઘટના બાદથી પરિવાર શોકમગ્ન રહેતો હતો.

હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા

# કોળિયાક ગામના ત્રણ જાંબાજ મુસ્લિમ યુવાનોનું તળાજા ખાતે સન્માન કરાયું

## તામિલનાડુના ૨૯ હિન્દુ શ્રદ્ધાળુઓની બસ વરસાદને લીધે ફસાઈ ગઈ હતી, જે તમામને ધસમસતા પ્રવાહમાં પોતાની જાનની પરવા કર્યા વિના બે ટ્રક લઈ જઈને ત્રણેય યુવાનોએ બસમાંથી સહીસલામત બહાર કાઢ્યા હતા

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લાના તળાજા ખાતે સિપાઈ જમાતની વાડીમાં ગત તારીખ ૨૬.૯.૨૦૨૪ના રોજ તામિલનાડુના ૨૯ હિન્દુ શ્રદ્ધાળુ મુસાફરોની બસ ભાવનગરના કોળીયાક ખાતે ભારે વરસાદ લીધે ફસાઈ હતી જેની જાણ થતાં સ્થાનિક લોકોએ જાનના જોખમે તમામ મુસાફરોને ધસમસતા પ્રવાહમાંથી સહી સલામત બહાર કાઢ્યા હતા જેમાં મહેબુબભાઈ સૈયદ, રફીકભાઈ તથા હુસેનભાઈ સરવૈયાએ પોતાની જાનની પરવા કર્યા વગર પોતાના પોતાના બબ્બે ટ્રકને ધસમસતા પાણીના પ્રવાહમાં લઈ જઈને ૨૯ હિન્દુ યાત્રિકોને સહી સલામત બસમાંથી બહાર કાઢ્યા હતા અને હિન્દુ મુસ્લિમ કોમી એકતા અને ભાઈચારા એક મિસાલ કાયમ કરનાર વ્યક્તિઆનું તળાજા ખાતે સિપાઈ જમાતની વાડીમાં હિંદુ અને મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા ત્રણેય યુવાનોને સન્માનિત કરવામાં આવ્યું હતા આ કાર્યક્રમની અંદર સામાજિક અને રાજકીય અગ્રણી જોરસંગભાઈ ગોહિલ, શિવાભાઈ ગઢવી, ઘનશ્યામસિંહ સરવૈયા, સખવદરગામના સરપંચશ્રી, એસ.એન.વાળા, આનંદભાઈ રાજદેવ, નરેશભાઈ ગજ્જર, કમલેશભાઈ ચૌહાણ, વનરાજભાઈ પરમાર સહિત મુસ્લિમ સમાજ વતી તળાજા



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

સિપાહી જમાત, ઘાંચી જમાત, મેમણ જમાત, ફકીર જમાત, ગળીયારા જમાત, દાઉદી વ્હોરા જમાત, શિયા ખોજા જમાત, ઈસ્માઈલી ખોજા જમાત તથા તેમના વિભાગીય પ્રમુખ અને આગેવાનો સહિતના હિંદુ તથા મુસ્લિમ સમાજના રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા તેમજ લોકો મોટી સંખ્યામાં હાજર રહી આ ત્રણ મુસ્લીમ યુવાનોનું સન્માન કર્યુંહતું. આ કાર્યક્રમનુંઆયોજક કરનાર અયુબભાઈ કરીમભાઈ દસાડીયા, (તળાજા સીપાઈ જમાતના પ્રમુખ) મુસ્તાકભાઈ મેમણ, ફિરોજભાઈ દસાડીયા, અલ્તાફભાઈ ચુડેસરા, અનિષભાઈ માસ્તર, સતારભાઈ સમા, મુનાભાઈ એ.ટી.ઈમરાનભાઈ પઠાણ, આસિફભાઈ ચોકીયા સહિતના એ આ કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જ જહેમત ઉઠાવી ખૂબજ સરાહનીય કામગીરી કરીને આ કાર્યક્રામને સફળ બનાવ્યો હતો.

# હજ માટે પસંદગી અંગે વેબસાઈટ પરથી વિગતો મેળવવા અનુરોધ

### રેન્ડમ ડિજિટલ સિલેકશન પદ્ધતિ દ્વારા પસંદગી પામેલ યાત્રિકોનું લિસ્ટ મળશે

અમદાવાદ,તા.૫ : હજ ૨૦૨૫ માટે જે હજ યાત્રિકોની પસંદગી બાબતે હજ યાત્રિકો પોતાનો કવર નંબર હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર ઈન્કવાયરી ઓપ્શનમાં કવર નંબર નાખી હજ વર્ષ ૨૦૨૫ સિલેકટ કરી 'Send Details' બટન પર કલીક કરતા કવર ઈન્કવાયરીનું પેજ ઓપન થશે. જેમાં તેઓનો કવર નંબર નીચે પ્રોવિઝનલ સિલેકશન લખેલું બતાવે તો એનો અર્થ તમારી હજ ૨૦૨૫માં પસંદગી થયેલ છે. નહીંતર કવર નંબર વેઈટીંગમાં છે એમ સમજવાનું ગુજરાત રાજ્ય હજ સમિતિએ જણાવ્યું છે. ઉકત બાબતે જણાવાયું છે કે દરેક હજ અરજદાર તા.૭-૧૦-૨૦૨૪, સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાક પછી ડ્રોની પ્રક્રિયા પૂરી થયા બાદ ઓનલાઈન જોઈ શકશે. ઉપરાંત પસંદગી પામેલા હજ યાત્રિકોના કવર નંબરની યાદી જોવાની વ્યવસ્થા ગાંધી હોલ, જુહાપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવી છે તેમ ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ. એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે અને વધુ વિગતો માટે દરેકને હજ કમિટીની વેબસાઈટ જોતા રહેવાની અપીલ કરી છે.

જ્વલ્લેજ બનતી ઘટનામાં રવિવારે સરકાર દ્વારા કેબિનેટ બેઠક બોલાવાની હોઈ તર્ક-વિતર્ક

# ગુજરાત સરકારની આજે કેબિનેટ બેઠકને લઈ અટકળો સાથે રાજકીય માહોલ ગરમાયો

## મંત્રી મંડળના વિસ્તરણ, અમિત શાહના પ્રવાસ, દિવાળી સહિતના કારણોની અટકળો બની તેજ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૫

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આવતીકાલે એટલે કે રવિવારે અચાનક જ કેબિનેટ બેઠક બોલાવતા રાજકીય વાતાવરણ ગરમાયું છે. નવરાત્રી દરમિયાન અચાનક જ સર્જાયેલી રાજકીય ગરમીમાં ચર્ચા-અટકળોનું બજાર તેજ બન્યું છે. હજુ બુધવારે જ રાજ્ય કેબિનેટની બેઠક મળી હતી અને સામાન્ય રીતે દર સપ્તાહે આ પ્રકારે બુધવારે જ બેઠક મળે છે ત્યારે રવિવારે ૪-૩૦ કલાકે કેબિનેટ બેઠક બોલાવવાનું કંઈક અસામાન્ય હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજયના એક સિનિયર મંત્રીએ કેબિનેટ બેઠક મળનારી હોવાના અહેવાલને સમર્થન આપતા કહ્યું હતું કે અમોને સંદેશ મોકલી અપાયો છે અને સાંજે બેઠક હોવાથી સવારે જ ગાંધીનગર પહોંચી જવાની પણ સુચના છે.

અત્રે ઉલ્લખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છેલ્લા બે દિવસથી ગુજરાતમાં જ હતા અને તેઓ મુખ્યમંત્રી સાથે અનેક કાર્યક્રમોમાં વ્યસ્ત હતા તો અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દિવસની મુલાકાતમાં રાજભવનમાં ખાસ્સો સમય રોકાયા હતા. આમ રાષ્ટ્રીય નેતાઓના પ્રવાસને પણ રસપ્રદ રીતે જોવાઈ રહ્યા છે. થોડા સમય પૂર્વે મુખ્યમંત્રી વિદેશ જઈ રહ્યા હોવાની ચર્ચા હતી. હવે કાલની કેબિનેટ બેઠક પર સૌની નજર છે. બીજી એક ચર્ચા કેબિનેટ વિસ્તરણની છે જે લાંબા સમયથી તોળાઈ રહી છે. તે વાત પણ હોઈ શકે તેમ મનાય છે.

અનેક અફવા વચ્ચે કેબિનેટ બેઠકમાં એવો તો શું નિર્ણય લેવાશે એ અંગે આતુરતાપૂર્વક અધિકારીઓ અને મંત્રીઓ રાહ જોઈ રહ્યા છે. જોકે સવાલ એ છે કે આખરે બે દિવસ પહેલાં કેબિનેટ બેઠક યોજાવાની છે એવો મેસેજ મીડિયામાં વહેતા થયા એના પરથી જ લાગે છે કે સરકાર જ ઈચ્છે છે કે મીડિયામાં કેબિનેટ બેઠક અંગે ચર્ચા થાય.

રવિવારના રોજ બેઠક યોજવા પાછળ થોડા દિવસ પહેલાં પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત બાદ ભૂપેન્દ્ર પટેલ અમેરિકા જતા હોવાની તેમજ ગૃહમંત્રી અમિત શાહની ગુજરાત મુલાકાત બાદ મંત્રીમંડળમાં વિસ્તરણ અંગેની એમ બે અફવા ચાલી રહી હતી. આ બંને સિવાય ત્રીજો તર્ક એ પણ લગાવાઈ રહ્યો છે કે આગામી સમયમાં મહારાષ્ટ્ર ઈલેક્શન હોવાથી ગુજરાત સરકારના મંત્રીમંડળના અનેક મંત્રી પ્રચાર માટે જવાના છે. આ સિવાય એક એવી પણ ચર્ચા ચાલી રહી છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતના સીએમ તરીકે સત્તા સંભાળી ત્યારે ૭ ઓક્ટોબર હતી. આ સમયગાળાને ૨૨ વર્ષ પૂરાં થયાં હોવાથી ગુજરાત સરકાર સફળતા સપ્તાહની ઉજવણી કરવા ઈચ્છતી હોવા અંગે કેબિનેટ બેઠકમાં નિર્ણય લઈને બાદમાં જાહેરાત કરી શકે છે. આ ઉપરાંત એક વાત એવી પણ છે કે આગામી ૧૫ દિવસ બાદ દિવાળીની શરૂઆત થઈ રહી છે, ત્યારે કર્મચારીઓને એડવાન્સમાં પગારની ચુકવણી કરવા તેમજ મોંઘવારી ભથ્થાની જાહેરાત અંગે નિર્ણય કરવા માટે કેબિનેટ બેઠક બોલાવી હોઈ શકે છે. જોકે એવું નથી કે ઈતિહાસમાં પ્રથમ વખત રવિવારના દિવસે કેબિનેટ બેઠક બોલાવવામાં આવી હોય, અગાઉ પણ ૩ મુખ્યમંત્રી આ રીતે રવિવારના રોજ કેબિનેટ બેઠક બોલાવી ચૂક્યા છે અને મહત્ત્વના નિર્ણય જાહેર કર્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રવિવારના દિવસે કેબિનેટ બેઠક બોલાવી હતી. આ બેઠક કરવા પાછળ ઉદેશ હતો ગોધરાકાંડની ઘટના. વર્ષ ૨૦૦૨ના ફેબ્રુઆરી માસમાં શુક્રવારે સાબરમતી એક્સપ્રેસનો ડબ્બો સળગાવ્યો હતો. એ સમયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રવિવારના રોજ કેબિનેટ બેઠક બોલાવવામાં આવી હતી. બીજી વખત તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહ સોહરાબુદ્દીન એક્રાઉન્ટર કેસમાં સીટ સમક્ષ હાજર થયા હતા ત્યારે તેમણે ગૃહમંત્રીપદ પરથી રાજીનામું આપ્યું હતું. અમિત શાહને બદલે પ્રફુલ પટેલ ગૃહમંત્રી બન્યા હતા. આ સમયે પણ રવિવારે કેબિનેટ બેઠક યોજાઈ હતી. આનંદીબેન પટેલ ગુજરાતનાં મુખ્યમંત્રી હતાં ત્યારે પણ રવિવારના રોજ કેબિનેટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક બાદ કર્મચારીઓ માટે સાતમું પગારપંચ લાગુ કરવાની ભેટ આપતો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો.

વિજય રૂપાણી મુખ્યમંત્રી હતા ત્યારે કોરોના જાહેર થયા બાદ ૨૨ માર્ચ ૨૦૨૨ના રોજથી સરકારમાં કામગીરી બંધ કરવામાં આવી હતી, એટલે કે વિધાનસભાની કામગીરી અધવચ્ચેથી રોકવામાં આવી હતી. બાદમાં જયારે કોરોનાની સ્થિતિ થાળે વળી ત્યારે કામગીરી રાબેતા મુજબ કરવા માટે સૌપ્રથમ જે કેબિનેટ બેઠક યોજાઈ હતી એ પણ રવિવારના રોજ યોજાઈ હતી.

### અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોબર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૦૬ ઓક્ટોબર-૨૦૨૪ | રૂા. | ૫૦.૦૦ |

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

રવિવાર મેઘધનુષ

ગુજરાત ટુડે

તા.૬-૧૦-૨૦૨૪

# પ્રોફેશનલ એડવાઇઝર એટલે શું ? આ ક્ષેત્રમાં સારી કરિયર બનાવીને કમાણી થઇ શકે કે નહીં ? જાણો A to Z





ઉત્પાદન અને સેવાઓના વિશ્વના સિમાડા વિસ્તરતા જાય છે. ગ્રાહકોનું મહત્વ વધી ગયું છે. ગ્રાહક પણ જાગૃત થયો છે. આથી તેમને લગતા પ્રશ્નોના જવાબ આપવા માટે કોઇને કોઇ વ્યક્તિ જોઇએ. ધારો કે તમે કાર લેવા જાવ તો સામે વાળો વ્યક્તિ તમને એમ કહેશે કે હું કાર એડવાઇઝર છું કે કસ્ટમર એડવાઇઝર છું. તેઓ તમને ઉત્પાદન કે સર્વિસ બાબતે માહિતી આપશે. ત્યારબાદ તમારા દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન કરશે અને છેલ્લે તમને તે પ્રોડક્ટ વિશે જાગૃતિ લાવીને વેચાણ વધે તે માટે પ્રયત્ન કરશે. દરેક ક્ષેત્રમાં એડવાઇઝરની ભૂમિકા મહત્વની બની રહી છે. તેઓની સલાહ અને માર્ગદર્શન હેઠળ બિઝનેસ કે સેવાઓને સાચી દિશા તરફ દોરી જઇને આખરી ધ્યેય હોય છે તે પરિપૂર્ણ કરી શકાય છે.

મિત્રો પ્રોફેશનલ વિશ્વમાં તમે ઘણી જગ્યાએ "એડવાઇઝર" શબ્દનો ઉપયોગ થતો જોવા મળતો હશે. વળી તમે ક્યાંક જતા હશો તો ઓફિસ, ફેક્ટરી, વર્કશોપ, શોરૂમ, હોસ્પિટલ, શોપિંગ મોલ વગેરેમાં એડવાઇઝર કક્ષાના વ્યક્તિને મળવાનું પણ થતું હશે. આ ઉપરાંત ઘણી વખત ઓનલાઇન વાતચીત દરમિયાન પણ તમને સામે વાળી વ્યક્તિ પોતાને એડવાઇઝર તરીકે ઓળખાવતી હશે. તમને તેઓ જે-તે ક્ષેત્રની સલાહ આપતા હોય છે. તો તમને થતું હશે કે આવ એડવાઇઝર શું ભણ્યા હશે, તેમને શું પગાર મળતો હશે, મારે પણ બનવું હોય તો શું કરી શકાય. તો આજે આપણે આ બાબતે વિગતવાર ચર્ચા કરીશું.

આજે તમને કરિયરની વાત કરવી છે કે જે કરિયર છે એડવાઇઝરની. છે તો તે વર્ષો જૂનું પરંતુ તેનું મહત્ત્વ આજકાલ ખૂબ જ વધી ગયું છે. કારણ કે ઉત્પાદન અને સેવાઓના વિશ્વના સિમાડા વિસ્તરતા જાય છે. ગ્રાહકોનું મહત્વ વધી ગયુ છે. ગ્રાહક પણ જાગૃત થયો છે. આથી તેમને લગતા પ્રશ્નોના જવાબ આપવા માટે કોઇને કોઇ વ્યક્તિ જોઇએ. ધારો કે તમે કાર લેવા જાવ તો સામે વાળો વ્યક્તિ તમને એમ કહેશે કે હું કાર એડવાઇઝર છું કે કસ્ટમર એડવાઇઝર છું. તેઓ તમને ઉત્પાદન કે સર્વિસ બાબતે માહિતી આપશે. ત્યારબાદ તમારા દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન કરશે અને છેલ્લે તમને તે પ્રોડક્ટ વિશે જાગૃતિ લાવીને વેચાણ વધે તે માટે પ્રયત્ન કરશે. તો તમને તો એમ થશે કે આ તો માર્કેટીંગવાળાનું કામ છે. તમે ઘણા ખરા અર્થે સાચા છો પરંતુ નવા જમાનામાં આ એક નવા જ પ્રકારના કાર્યક્ષેત્રનો ઉમેરો થયો છે કે નામનો ઉમેરો થયો છે. આથી તમે માર્કેટિંગની કે સેલ્સની સાથે આ પ્રોફેશનનો જોડી દેશો તો વાંધો આવશે નહીં. અગાઉના જમાનામાં અત્યંત અનુભવી અને જે તે ક્ષેત્રની નિષ્ણાત વ્યક્તિ એડવાઇઝરની ભૂમિકા ભજવતી હતી પરંતુ હવે તો ટેકનોલોજીના આધારે વિશ્વ એક થઇ જતા નાની મોટી કંપનીઓ ગ્રાહક સાથે સીધા સંપર્ક માટે એડવાઇઝરને નોકરીએ રાખતી થઇ ગઇ છે. આ ઉપરાંત મોટા સ્તરે એડવાઇઝર હોય તો અલગ જ હોય છે. તેઓને કમિશન અથવા તો એડવાઇઝરીની ચોક્કસ ફી મળતી હોય છે. જે લાખ્ખો રૂપિયામાં હોઇ શકે છે.

**પ્રોફેશનલ એડવાઇઝરની ભૂમિકા કેમ મહત્ત્વની છે ?**

દરેક ક્ષેત્રમાં એડવાઇઝરની ભૂમિકા મહત્ત્વની બની રહી છે. કારણ કે જે તે બિઝનેસ કે સેવાઓને પોતાના વિકાસ માટે સાચી સલાહ અને માર્ગદર્શન જોઇતું હોય છે ત્યારે પ્રોફેશનલ એડવાઇઝર એટલે કે વ્યવસાયિક સલાહકારોની ભૂમિકા ખૂબ જ મહત્વની પુરવાર થાય છે. તેઓની સલાહ અને માર્ગદર્શન હેઠળ બિઝનેસ કે સેવાઓને સાચી દિશા તરફ દોરી જઇને આખરી ધ્યેય હોય છે તે પરિપૂર્ણ કરી શકાય છે. જ્યારે દેશમાં સર્વિસ, મેન્યુફેક્ચરીંગ, ટ્રેડીંગ અને આયાત નિકાસ ક્ષેત્રમાં અત્યારે નિષ્ણાત સલાહકારોની ખૂબ જ ડિમાન્ડ છે અને તેમની સેવાઓ લઇને કંપનીઓ પોતાનો વિકાસ કરતી હોય છે. એડવાઇઝર કોઇપણ વિષયના નિષ્ણાત અને તેઓને તેનું ઊંડુ જ્ઞાન હોય છે. આ જ્ઞાન થીયરીકલ અને પ્રેક્ટીકલ બંને રીતનું હોય છે. એટલે કે ગ્રાઉન્ડ રિયાલીટીમાં કેવી રીતે કામ થાય છે તેનું તેઓને નોલેજ હોય છે. આથી એડવાઇઝર પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ પોતાના ક્લાયન્ટને આપે છે અને તેની ફીની વસૂલાત કરે છે.

**પ્રોફેશનલ એડવાઇઝરની ભૂમિકા**

દાખલા તરીકે કોઇ ફુડ પ્રોસેસીગ યુનિટ છે તેને ફુડ પ્લાન્ટ નાખીને કોઇ ખાદ્ય પદાર્થ બનાવવાનો કોઇ પ્રોજેક્ટ કરવો છે તો તે પ્રોજેક્ટ તૈયાર કરવો શક્ય છે કે નહીં, તેમાં કેટલી સરળતા રહેશે કે કેટલી મુશ્કેલી આવશે, મુશ્કેલી આવશે તો કઇ રીતે ઉકેલ લાવી શકાય અને કઇ રીતે આકાર પામશે, સરકારી નિતી નિયમો શું છે, તેનું પાલન કેવી રીતે કરવાનું રહે, કરારો કરવાના કે નહીં

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

કરવા તે તમામ બાબતોની સરળ રીતે ક્લાયન્ટને માહિતી આપતા હોય છે. આથી એડવાઇઝર દ્વારા અટકી પડેલા કામોને પાર પાડવામાં આવે છે અથવા તો કામની શરૂઆત કરતા પહેલા જ તેમની સેવાઓ લેવામાં આવે છે અને કામ અથવા તો પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓની સેવા રહે છે. અમુક સલાહકારો પ્રોજેક્ટ બેઝ હોય છે એટલે કે પ્રોજેક્ટ પુરતુ જ કામ કરે છે. જ્યારે અમુક કાયમી સલાહકાર હોય છે અને ક્લાયન્ટને જ્યારે પણ જરૂર પડે ત્યારે તેઓ પોતાનું માર્ગદર્શન આપતા હોય છે. તેઓની ફી પ્રોજેક્ટના આધારિત અથવા તો કાયમી મહેનતાણુ બે રીતે હોય છે. આથી આપને અંદાજ આવી ગયો હશે કે સલાહકાર કોને કહેવાય.

**એડવાઇઝર બનવા માટે શું કરાય ?**

એડવાઇઝર બે રીતે બની શકાય છે એક તો તેના માટે જે-તે વિષયનું પ્રાથમિક શિક્ષણ લઇને કે તેના ઉપર ઊંડુ જ્ઞાન મેળવીને આગળ વધી શકો છો. અનુભવના આધારે તમે ધીરે ધીરે આગળ વધી શકો છો. તેના વિષય ઉપર પકડ આવી જવાથી લોકોને તમારી જરૂર પડે છે અને પછીથી તમારા અનુભવનો લાભ આપીને લોકોને કારમાં સમારકામ વિશે સમજ આપીને સેવાઓ પરિપૂર્ણ કરીને ગ્રાહકોની શાબાશી મેળવી શકો છે. તેવી જ રીતે બેંકિંગ, ફાઇનાન્સ, ઇન્વેસ્ટમેન્ટ, ઇન્સ્યોરન્સ, ઓટોમોબાઇલ, ફૂડ, પબ્લિક રીલેશન, ક્રોપોરેટ કોમ્યુનિકેશન, એડવર્ટાઇઝીંગ, બ્રાન્ડિંગ જેવા ઉદ્યોગોમાં આવી રીતે એડવાઇઝરની જરૂર પડતી હોય છે. ઘણા તો આ ક્ષેત્રમાં કંપનીના માલિક બની જતા હોય છે. એટલું જ નહીં ઘણી કંપનીઓમાં ટોચની પોઝીશન ઉપર કામ કરતા હોય છે. વકીલ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે ડિગ્રી મેળવીને સલાહો આપવાનું કામ કરતા હોય છે તેને તમે લીગલ કે ફાઇનાન્સ એડવાઇઝર કહી શકો. અમુક એડવાઇઝર એવા હોય છે કે જેમની પાસે ડિગ્રી હોતી નથી પરંતુ વર્ષોનો અનુભવ હોય છે અને તેના જ્ઞાનના આધારે એડવાઇઝરી ફર્મ ચલાવતા હોય છે. પરંતુ બન્ને બાબતોમાં શરત એટલી છે કે, તમારે વિષયનું ઊંડુ જ્ઞાન અને અનુભવ હોવો અત્યંત જરૂરી હોય છે. તમારા ક્લાયન્ટ તમારી પાસે કોઇ આશા લઇને આવે છે અને તે પરિપૂર્ણ થાય અને તેને પૂર્ણ સંતોષ મળે તે જરૂરી છે. આથી જે પણ સલાહકાર હોય તને પોતાના વિષયનું પુરૂં જ્ઞાન હોવું જરૂરી છે. માત્ર પુસ્તકીયુ જ્ઞાન નહીં પરંતુ પ્રેક્ટીકલ એટલે કે ગ્રાઉન્ડ રિયાલીટીમાં કામ કેવી રીતે થતું હોય છે, માર્કેટમાં ટ્રેન્ડ શું ચાલે છે, લેટેસ્ટ નિયમો શું છે તેની જાણકારી હોવી જરૂરી છે.

**એડવાઇઝર બનવા માટે શું કરી શકાય ?**

દરેક વ્યકિતને ડિગ્રી મેળવ્યા પછી કામ કરવાનો અનુભવ હોવો પણ જરૂરી છે. માત્ર ડિગ્રી મેળવવાથી તમામ કામ આવડી જાય તેવું હોતું નથી. ત્યારબાદ પૂરતો અનુભવ મેળવીને તેઓ એડવાઇઝરનું કામ કરતા હોય છે. ત્યારબાદ તમે જમીન અને રેવન્યુના નિષ્ણાત, સોલર એનર્જી, વોટર પ્યુરીફાયર, પાણી અને વિજળીને લગતી બાબતો, ગ્રાહકને લગતી બાબતોના કાયદા, એકાઉન્ટન્ટ, ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર, વીઝા એડવાઇઝર, બેંકિંગ ક્ષેત્ર, એજ્યુકેશન સલાહકાર સહિતના ક્ષેત્રમાં લાગુ પડે છે. એટલે જે એડવાઇઝરીનું કામ કરતો હોય તે અનુભવી હોય છે તે બાબત માની લેવામાં આવે છે. કોઇ નોકરિયાત હોય તો તે પણ એડવાઇઝર બની શકે છે. તેની પાસે ધારો કે ડિગ્રી ના હોય પરંતુ તેને જે નોકરી દરમિયાન અનુભવ મળ્યો હોય અને કામ કરી આપવાની મહારત હાંસલ થઇ ગઇ હોય, પોતાનામાં આત્મવિશ્વાસ આવી ગયો હોય, બજારમાં સંપર્કો હોય તો તેઓ આ કામ કરી શકે છે. અમુક જ વ્યવસાય એવા હોય છે કે, જેમાં ક્વોલિફાઇડ ડિગ્રીની જરૂરિયાત હોય છે. તો આવા કિસ્સાઓમાં એડવાઇઝર સ્વતંત્ર રીતે કામ કરતો હોય તો પછી ક્વોલિફાઇડ ડિગ્રી હોલ્ડર સાથે સંયુક્ત રીતે કામ કરતા હોય છે. ઘણી વખત તમે જે ક્ષેત્રમાં કામ કરતા હોવ તે બાબતના એજ્યુકેશન ડિપ્લોમા કે પ્રમાણપત્રના કોર્ષ ચાલતા હોય છે. તેમાં પ્રવેશ મેળવીને તેની ડિગ્રી લઇ લેવામાં આવે તો તમારી વેલ્યુ અને નોલેજ વધે છે. અમુક સરકારી કે મોટી ખાનગી કંપનીના કામો લેવામાં આવી ડિગ્રી કે પ્રમાણપત્રો કામે લાગે છે. ઘણા બધા યુવાનો પોત પોતાના ક્ષેત્રમાં લાંબો અનુભવ મેળવીને પોતાનામાં આત્મવિશ્વાસ આવે તે પછી એડવાઇઝરીને પોતાનો બિઝનેસ સ્થાપીને સારી એવી કરિયર બનાવતા હોય છે. તો તમે પણ આ રીતે વિચારી શકો છો. ઘણા બધા સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ નિવૃત્તી બાદ જે ખાતામાં કામ કર્યું હોય તે ખાતાની કામગીરી કે કાયદા કાનુન બાબતે સલાહકારની ભૂમિકા ભજવતા હોય છે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

E-mail:sahebtoday@gmail.com

# પિતાના ખોળામાં મૃત પુત્રની છબી કેવી રીતે બીજા પેલેસ્ટીની બળવા માટે નિમિત્ત બની ગઇ હતી

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં ગાઝામાં જમાલ અલ-દુરાહ અને તેના ૧૨ વર્ષના પુત્ર મુહમ્મદ એક ચિત્રમાં જોવા મળ્યા હતા અને બીજા પેલેસ્ટીની વિદ્રોહ માટે તે એક નિર્ણાયક છબી બની ગઈ હતી**



**જમાલ અલ-દુરાહ તેના પુત્રને ઇઝરાયેલી દળોથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.**

**આ** વાત ૨૪ વર્ષ પહેલાંની છે. ઈઝરાયેલી સૈનિકો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ચલાવવામાં આવતી ગોળીઓથી બચવા માટે એક આડશ વચ્ચે ગાઝાની એક શેરીમાં એક પેલેસ્ટીની વ્યક્તિ તેના પુત્રને કોંક્રિટ બ્લોક પાછળ રાખીને પોતે તેની ઢાલ બની ગયો હતો. આ ભયાનક ગોળીબાર બાદ, ૧૨ વર્ષનો આ છોકરો તેના પિતાના ખોળામાં ગતિહીન પડેલો જોવા મળ્યો હતો. જમાલ અલ-દુરાહ અને તેના પુત્ર મુહમ્મદની આ હૃદયને હચમચાવી દેનારી ઘટના બીજા પેલેસ્ટીની વિદ્રોહની નિર્ણાયક છબી બની ગઈ હતી. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ જમાલને ૧૨ ગોળીઓ વાગી હતી. ઈઝરાયેલના ગોળીબાર વચ્ચે કોંક્રિટ બ્લોક પાછળ છુપાઈ રહેલા પિતા-પુત્રની આ જોડીની શક્તિશાળી છબીને યુએસ ૯/૧૧ના હુમલા બાદ અલ-કાયદા દ્વારા પણ રજૂ કરવામાં આવી હતી.

હવે આ ઘટનાના ત્રેવીસ વર્ષ પછી, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસના ઈઝરાયેલ પર હુમલા પછી ઈઝરાયેલી કાઉન્ટર દરમિયાન જમાલે તેના બે ભાઈઓ, એક ભાભી અને તેની ભત્રીજીને પણ આ લડાઈમાં ગુમાવી દીધા છે. જમાલ એવા હજારો પેલેસ્ટીનીઓ પૈકી એક છે જે બીજા ઈન્ટિફીદાની ભયાનકતા આ લડાઈમાં ફરીથી જોઈ રહ્યો છે અને ઇઝરાયેલ હમાસનો નાશ કરવા ગાઝા પર સતત હુમલા કરી રહ્યું છે.

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ શું થયું હતું ?**

આ પિતા-પુત્રની જોડી માટે ગાઝામાં તે દિવસની શરૂઆત કાર ખરીદવા માટે સહેલગાહ જવા સાથે થઈ હતી. તેઓ આ દુર્ઘટના વિશે બહુ ઓછું જાણતા હતા જે હવે તેમની સાથે થવાની હતી. જમાલ અને મુહમ્મદ બુરીજ શરણાર્થી શિબિરમાં તેમના ઘરેથી ગાઝા શહેરના એક કાર માર્કેટ સુધી ગયા હતા.

ઇ.સ. ૨૦૦૦માં, ૨૧ યહૂદી વસાહતોને સુરક્ષિત કરવા માટે ગાઝા પટ્ટીને ઈઝરાયેલી સૈન્ય ચોકીઓ અને આર્મી પોસ્ટ્સ સાથે ઢાંકી દેવામાં આવી હતી. જો કે, આ વખતે નસીબ અલ-દુરાહની તરફેણમાં ન હતું, અને તેઓએ કાર ખરીદ્યા વિના પાછા ફરવું પડ્યું હતું. તેઓ ટેક્સીમાં પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની ટેક્સીને ઉત્તર અને દક્ષિણ ગાઝા વચ્ચે સ્થિત નેત્ઝારીમ જંક્શન પર રોકવી પડી હતી, કારણ કે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) અને પેલેસ્ટીની યુવાનો વચ્ચે લડાઈ ફાટી નીકળી હતી. તે પછી જમાલ અને મુહમ્મદ પગપાળા નેત્ઝારીમ જંકશન પાર કરવા આગળ વધ્યા હતા. આ ભારે ગોળીબાર વચ્ચે, પિતા-પુત્રની જોડીએ ઇઝરાયેલી લશ્કરી ચોકી પર રહેલ સિમેન્ટ બ્લોક પાછળ આશ્રય લીધો હતો. જમાલે ૨૦૧૩માં ધ ગાર્ડિયન સાથેની એક મુલાકાતમાં આ ઘટનાનું વર્ણન કર્યું હતું અને કહ્યું કે, "મેં મારા હાથ ઊંચા કરીને સંકેત આપ્યો હતો અને તેઓને આ ગોળીબાર રોકવા માટે કહ્યું હતું પરંતુ તેઓએ શૂટિંગ બંધ કર્યું ન હતું. જમાલ અને તેના પુત્રએ ૪૫ મિનિટ સુધી સતત આ ગોળીબાર વચ્ચે સમય વિતાવ્યો હતો. જમાલે કહ્યું કે, આ સમયે અમને સેકન્ડો કલાકો અને અનેક દિવસો જેવી લાગતી હતી... જ્યારે તેને પહેલી ગોળી વાગી હતી, ત્યારે મેં તેને કહ્યું હતું કે ગભરાશો નહીં, હમણાં એમ્બ્યુલન્સ આવશે પણ જ્યારે તે મારા ખોળામાં આવીને નિસ્તેજ પડ્યો ત્યારે મને સમજાયું કે તે મરી ગયો છે. આ ભયાનક ઘટના ફ્રાન્સ ૨ માટે કામ કરતા એક પત્રકારે કેમેરામાં કેદ કરી હતી. આ વીડિયોમાં મોહમ્મદ તેના પિતાની પાછળ છુપાયેલો અને આ આતંકના ડરથી ચીસો પાડતો જોવા મળ્યો હતો. જમાલની ત્રણ મહિના સુધી જોર્ડનની એક હોસ્પિટલમાં સારવાર થઈ હતી. આ ઘટનાના બે વર્ષ પછી જમાલને બીજો પુત્ર થયો અને તેણે તેનું નામ મુહમ્મદ રાખ્યું હતું. જો કે, આ ઘટનાએ મુહમ્મદના મૃત્યુને લઈને લાંબા અને ઉગ્ર યુદ્ધને ઉત્તેજન આપ્યું હતું. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ દ્વારા આપવામાં આવેલા ઈઝરાયેલના એક અહેવાલમાં સૂચવવામાં આવ્યું હતું કે આ આખી ઘટના કદાચ પ્રચાર કવાયત તરીકે યોજવામાં આવી હશે. જો કે, આ ખોટા દાવાઓને જમાલ, તલાલ અબુ રહમા, કેમેરોપર્સન જેણે આ ઘટનાનું શૂટિંગ કર્યું હતું અને ફ્રાન્સ ૨ દ્વારા ફગાવી દેવામાં આવ્યા હતા.

**- અભિષેક દેવ (સૌ. : ઈન્ડિયા ટુડે ન્યૂઝ ડેસ્ક)**

# આજ મેં જાણ્યું સરોવર ભીતરેથી રણ હતું, આપણી વચ્ચે અનામી એ જ તો સગપણ હતું

**બુ**દ્ધિ જ્યારે પોતાની કરામત બતાવવાનું શરૂ કરી દે છે એ જ ક્ષણથી દિલ પોતાની લાગણીઓના પ્રવાહને અટકાવી દે છે. કોઈ તમારી લાગણીઓ સાથે રમત રમે, તમારી ઉદારતા સાથે ખિલવાડ કરે કે પછી તમારી નિખાલસતા અને સાલસતાને તમારી નબળાઈ સમજવા માંડે એ જ ક્ષણથી તમારે તમારી લાગણીઓને હૃદયમાં મ્યાન કરી લેવી જોઈએ, ઉદારતા સમજાવી-પટાવી હૃદયમાં સૂવાડી દેવી જોઈએ અને તમારી નિખાલસતા કે સાલસતાને કોઈ ચલણી સિક્કાની જેમ વટાવી ખાવાની ભૂગર્ભ પ્રવૃત્તિ કરે ત્યારે એ નિખાલસતા કે સાલસતાને થોડા સમય પૂરતી મૂર્છિત કરી નાખવી જોઈએ !

તમારી લાગણીઓને એટલી પોચટ ન બનાવો કે કોઈપણ લલ્લુ-પંજુ લાગણીઓની મજાક કરતો રહે. કેટલાક લોકો પાસે પોતાની ક્ષમતા, પાત્રતા કે લાયકાત ન હોવા છતાં, કોઈની કૃપા વડે, કોઈની ખુશામત કરીને કે પછી કોઈની પગચંપી કરીને કોઈ સત્તા કે પદ મેળવ્યાં હોય અને એ અધિકાર ભાવે એ વ્યક્તિ તમારી લાયકાત, ક્ષમતા કે પાત્રતાનો, માત્રને માત્ર પોતાનો જ સ્વાર્થ સાધવા સાધન તરીકે ઉપયોગ કરવા માંડે ત્યારે તમારા જેવા લાગણીશીલ માણસોએ ચેતી જવું જોઈએ. સત્તાના કે પદના નશામાં ગળાડૂબ રહેનારા આવા લોકોને એક ખાસ ટેવ હોય છે કે તમારી લાગણીઓનુ મૂળ અને કૂળ એ બરોબર પારખી લે છે અને પછી જ તમારી આવડતનો કે તમારો લાભ લેવાનું શરૂ કરી દે છે.

સવાલ એ નથી મિત્રો કે કોઈના પ્રત્યે લાગણી દર્શાવવી જ નહીં, પણ સવાલ એ છે કે દાન જેમ સુપાત્રને જ અપાય, એમ લાગણીઓ પણ કોઈ સુપાત્ર માટે જ પ્રગટાવાય. માત્ર પોતાના હોદ્દાને કારણે એ વ્યક્તિ તમારી પાસે પોતાનો જ સ્વાર્થ સાધવા માટે તમને ક્યારેક, નહીં ગમતું કે તમારા સ્વભાવ અને સિદ્ધાંત વિરૂદ્ધ કોઈ કામ કરાવવાનો એ આગ્રહ રાખે ત્યારે ભલે તમે તમારી લાગણીઓને કારણે એ કામ કરી આપો, પણ ત્યારે તમારા હાથે એકદમ સૂક્ષ્મપણે તમારા સિદ્ધાંતનું ખૂન થઈ ગયું, એનો અજંપો તમને ચેન પડવા દે.

કહેવાય છે કે જે ગામમાં તમારૂં માન જળવાતું ન હોય ત્યા

## દસ્તક



**હર્ષદ પંડ્યા**

એક દિવસ પણ રહેવાય નહીં. આજનો સમય એટલો તો બદલાઈ ગયો છે દોસ્તો, કે મોટાભાગના માણસો પોતાનાં મન અને માનનાં ભોગે પણ ક્ષણિક સ્વાર્થ સંતોષવા ભાગાભાગી કરતો હોય છે. શરીરમાં જેમ રક્તકણ અને શ્વેતકણ હોય છે એમ કેટલાક માણસોના શરીરમાં સ્વાર્થકણ પણ હોય છે. આવા માણસો કાંતો રાજકારણમાં હોય કાંતો રાજકારણીઓના ખુશામતખોરો હોય- પણ સાહિત્યના ક્ષેત્રમાં તો હોઈ જ ના શકે ! આ 'હોઈ જ ના શકે'ની શકયતા આજે સંપૂર્ણપણે 'હોઈ જ શકે'ની સંભાવનામાં ફેરવાઈ ગઈ છે. મિત્રો, લેખક અને વાચક વચ્ચે પણ એક ઋણાનુંબંધ હોય છે. આ ઋણાનુંબંધ ક્યારે શરૂ થાય અને કયારે એ અટકી જાય એનું કોઈ ચોક્કસ પંચાગ કે કેલેન્ડર નથી હોતું. કેટલાક લોકો કયારેક એવું પણ બોલતા હોય છે કે 'ઋણાનુંબંધ પૂરો થયો' ! પણ એવું નથી. ખરેખર તો કોઈનોય ઋણાનુંબંધ કયારેક પૂરો નથી થતો. હા, ક્યારેક એ કયાંક અટકી જરૂર જાય, પણ પૂરો તો એ થતો જ નથી. સંબંધ કદાચ પૂરો થઈ જાય- જો એ માત્રને માત્ર સ્થૂળપણે રચાયો હોય તો ! બાકી સંબંધ પણ કોઈનો, કયારેય પૂરો થતો નથી- સૂક્ષ્મપણે તો એ યુગો સુધી પેલા ઋણાનુંબંધની જેમ જળવાઈ જ રહે છે.

કેટલાક લોકો-જેઓ સંબંધના સમીકરણ માંડતાં હોય છે એ લોકો એવું માનતા હોય છે કે સંબંધ કે ઋણાનુંબંધ કયારેય એકમાર્ગીય કે 'one way' ના હોઈ શકે, હું હંમેશા માનતો આવ્યો છું અને માનું છું કે સાચો સંબંધ કે સાચો ઋણાનુંબંધ 'one way' હોઈપણ શકે. આ 'one way' સંબંધને 'પ્લેટોનિક રિલેશન' કહેવાય. આવા સંબંધ તમને કયારેય એકલતાની આગમાં ધકેલી નહીં દે. આ સંબંધ તમારા એકાંતને તમારો મિત્ર બનાવી દે છે. તમને તમારી સાથે સંવાદ કરતા કરી દે છે. કયારેય તમને જિંદગીના અડધા રસ્તે તરછોડી ના દે એવો તમારો અભિન્ન મિત્ર બની જાય છે. આવો વન-વે સંબંધ !

જેમ તળિયા વગરના વાસણનો ભરોસો ના કરાય એમ તળિયા વગરના માણસનો પણ ભરોસો ના કરાય. તરસ જો ખાનદાન હોય, કુળવાન હોય તો એ નાનકડા વીરડાના પાણીનું પણ માન જાળવતી હોય છે. આવી તરસ કયારેય તળિયા વગરની ના હોય. એને મન તો જળ ગંગાનું હોય કે સાબરતીનું હોય, પાણી માનસરોવરનું હોય કે નળ સરોવરનું હોય, કોઈ જ ફરક નથી પડતો. મીરાંબાઈ ઝેર પણ અમૃત સમજીને પી ગયેલાં ! ઝેર અને અમૃત બંનેના પ્રવાહીપણાને મીરાંબાઈની ભક્તિ સારી રીતે અને સાચી રીતે ઓળખી શકેલી ! કાશ, આપણે પણ માણસ માણસ વચ્ચેના માણસપણાને ઓળખી શકતા હોત !! આ સમયે 'શબ્દપ્રીત' યાદ આવે છે એ કહે છે :

**"આજ મેં જાણ્યું સરોવર ભીતરેથી રણ હતું,**
**આપણી વચ્ચે અનામી એ જ તો સગપણ હતું"**

**:::: ટહુકો ::::**

**કુછ હવા ભી સર્દ થી, કુછ તેરા ખયાલ ભી,**
**દિલકો ખુશી કે સાથ હોત રહા મલાલ ભી,**
**મેરી તલબ થા ઈક શખ્સ, વો જો નહીં મિલા તો ફિર,**
**હાથ દુઆસે યું ગીરા ભૂલ ગયા સવાલ ભી.**

**- પરવીન શાકીર**

# દેવીની આરાધના ને સ્ત્રીની અવમાનના...

નવરાત્રિનું પર્વ ચાલે છે ને અનેક લોકો ભક્તિભાવથી દેવી દુર્ગાની આરાધના ને પૂજા-અર્ચનામાં વ્યસ્ત છે. નવ દિવસના ઉપવાસ થાય છે. કોલકાતામાં તો દુર્ગોત્સવનો ભારે મહિમા છે. ગુજરાતમાં તમામ શક્તિ મંદિરોમાં આનંદ ઉલ્લાસથી નવરાત્રિનું પર્વ ઉજવાય છે. નવેનવ દિવસ શક્તિનાં જુદાં જુદાં સ્વરૂપોની ભક્તિ થાય છે. એમ મનાય છે કે નવરાત્રિનું પર્વ સ્ત્રીઓનો જ ઉત્સવ છે, પણ એવું નથી. માતાની આરાધનામાં પુરૂષો પણ વધારે આસ્થા અને ઉમળકાથી જોડાય છે. ગુજરાતમાં તો અંબાજીનું મંદિર આસ્થાનું પવિત્ર ધામ છે.

આ બધાંની સાથે ગુજરાતી પ્રજા માટે નવરાત્રિમાં ગરબાનું અદકેરૂં મહત્વ છે. આમ તો ગરબા હવે દેશ-વિદેશમાં પણ ગવાય છે, ગરબા વગરના ગુજરાતની કલ્પના જ ન થઈ શકે. ઘણાં ઘરોમાં માતાજીનાં ઘટ સ્થાપન થાય છે ને રોજ પૂજા આરતી ભજન, કીર્તન વગેરે થાય છે. આજે પણ મહોલ્લાઓમાં ગરબા ગવાય છે. જોકે, ગરબો હવે મહોલ્લાઓમાંથી નીકળીને સોસાયટીઓમાં, પાર્કમાં, ઓડિટોરિયમમાં કે મેદાનોમાં પહોંચ્યો છે. ક્યાંક તો એની ટિકિટો પણ હોય છે. મહિનાઓથી ગરબાના ક્લાસીસ ચાલે છે ને યુવા વર્ગ તેમાં પ્રેક્ટિસ કરે છે. ગરબાના પણ સગવડ પ્રમાણે પ્રકારો પડ્યા છે. હવે તો ટ્રેડિશનલ ડ્રેસમાં કે લેટેસ્ટ ફેશનનાં વસ્ત્રાલંકારોમાં રોશનીઓની ઝાકઝમાળમાં અનેક વર્તુળોમાં



## સ્ત્રી સશક્તીકરણ

**- રવીન્દ્ર પારેખ**

ગરબા ઝગમગે છે, પણ તેનો ધાર્મિક મહિમા ઘટતો ગયો છે ને ધંધાદારી ઉપયોગ વધતો આવ્યો છે. લાઉડ સ્પીકરના ઘોંઘાટો વધ્યા છે. ધંધાદારી ગાયકો વ્યાવસાયિક રીતે એનો લાભ લે છે. હવે તો ફિલ્મી ધૂનો કે રેકોર્ડેડ ગરબાઓ કે ડીજેના ઉપયોગથી યુવા જગતને રાત્રિ આનંદોલ્લાસથી પસાર કરવાનું બહાનું મળી ગયું છે. એનો કેટલાંક તત્ત્વો લાભ પણ લે છે. યુવક-યુવતીઓ પણ રાત્રિ એકાંતનો લાભ લેતાં રહ્યાં છે. દુષ્કર્મ પણ થયાં છે. જેમ સારૂં થાય છે, એમ જ નબળું પણ થાય છે ને દુઃખદ એ છે કે એ નવરાત્રિને નિમિત્તે થાય છે.

આટલું ઓછું હોય તેમ આ વખતે સરકારે ગરબા મોડી રાત સુધી, એટલે કે સવારે પાંચ વાગ્યા સુધી ગાવાની છૂટ આપી છે. નવ દિવસ આ રીતની છૂટ યુવા વર્ગમાં શારીરિક શ્રમ પહોંચવાને કારણે માંદગીની શક્યતાઓ વધારશે. આખી રાત રખડવાની ને બીજી જોખમી તકો વધશે. આમેય પોલીસ પહોંચી નથી શકતી ત્યાં તેની જવાબદારીઓ પણ વધશે. વડોદરા પણ ગરબા માટે ખ્યાત છે, અમદાવાદ જેવામાં ૧૪૦૦૦ પોલીસો સ્ટેન્ડ બાય રાખવાની વાત છે. સુરત, રાજકોટ અને અન્ય નગરોની જરૂર પ્રમાણે સુરક્ષા વ્યવસ્થા કરવાની થાય. ટ્રાફિક કંટ્રોલ કરવાનો સમય પણ વધે. ટૂંકમાં, આખી રાતના ગરબા અનેક દૂષણોને આમંત્રણ આપે એમ બને. આટલું કર્યા પછી પણ એમાં ધર્મ કેટલો રહેશે તે પ્રશ્ન જ છે. કેટલાં ઘરોમાં ગરબા પછી શાંતિ રહેશે તેની કલ્પના કરવાનું અઘરૂં નથી. આ બધું માતાજીને નામે થશે.

એક વસ્તુ સ્પષ્ટ છે કે નવરાત્રિ શક્તિનો મહોત્સવ છે. દેવીનો, નારીનો મહિમા એમાં થાય છે. દુર્ગા આયુધો ધારણ કરનારી ને આસુરી શક્તિનો નાશ કરનારી દેવી છે. મહિષાસુર મર્દિની છે. પાર્વતીનું એ અર્ધાંગિની સ્વરૂપ નથી, સ્વતંત્ર અંબિકા સ્વરૂપ છે. તે રણચંડી પણ થઈ શકે છે. મહાકાળીનું રૌદ્રરૂપ પણ અજાણ્યું નથી. જો દેવી આરાધ્ય રૂપ હોય, શક્તિ સ્વરૂપ હોય તો સ્ત્રી પણ શક્તિ સ્વરૂપ ગણાય. તેનું ભક્તિ રૂપ ગળે ન ઊતરે કદાચ, પણ શક્તિ સ્વરૂપ તો સ્વીકાર્ય બનવું જોઈએ. બને છે ? જવાબ હકારમાં ઓછો જ આવે.

જે દેવીનું નારી રૂપ આરાધ્ય છે, એનું વાસ્તવિક સ્વરૂપ શક્તિ તરીકે પણ સ્વીકાર્ય ન હોય તો આપણી શક્તિપૂજા કે દુર્ગાપૂજાનો કોઈ મતલબ ખરો ? જે માતા છે, તેનાં પર નજર બગાડનાર દેવી ભક્ત હોય ખરો ? જે દીકરી હોય એને બાપ જ ગર્ભવતી કરે એ શક્તિનો પૂજારી હોઈ શકે ? જરા વિચારીએ કે દુષ્કર્મથી બચી હોય એવી કોઈ ઉંમર સ્ત્રીની છે ખરી ? વરસેકની પણ ન હોય એવી બાળકી પર હેવાનિયત કરનાર દેવીનો તો ખરો જ, સમગ્ર નારી જાતિનો પણ શત્રુ છે. હવસ સંતોષવા કોઈ ડોશી પણ આ હેવાનોને ખપે છે. બીજી તરફ દાહોદનો આચાર્ય દુષ્કર્મમાં નિષ્ફળ જતાં છ વર્ષની બાળકીની હત્યા કરી નાખે તો કઈ દેવીની આરાધના આપણે કરીએ છીએ તે વિચારવાનું રહે.

સાચું તો એ છે કે આપણે દંભી છીએ. આપણા ચાવવાના ને બતાવવાના જુદા છે. અહીં એ કહેવાનું નથી કે જે ભક્ત છે તે જ ભોગી છે. એવું નથી. કહેવાનું એ છે કે એક પ્રજા તરીકે, હિન્દુ તરીકે, આપણી રીતિ નીતિમાં ફરક છે. કોલકાતામાં ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર થયો. એ ઘટનાએ દેશભરમાં ચર્ચા જગાવી. દેશે આઘાત અનુભવ્યો, એ આઘાતથી દેશમાં દુષ્કર્મની ઘટનાઓ અટકી ? ના, એવું નથી થયું. એ પછી એક દિવસ એવો ગયો નથી કે દુષ્કર્મના સમાચાર આવ્યા ન હોય. એટલે ક્યાં તો પેલી ભક્તિમાં ગરબડ છે અથવા તો દુષ્કર્મના સમાચાર સાચા નથી.

અહીં એક સવાલ થઈ શકે કે ભક્તો ને ગુનેગારો એક નથી તો આ બંનેને સાંકળવાની જરૂર શી છે ? હા, એ સાચું છે કે ભક્તો ને ભોગીઓ એક નથી, પણ બંને એક જ દેશના છે. ભક્તોને ન વગોવાવા જોઈએ, એ ખરૂં, પણ ખરૂં તો એ પણ છે કે શહેર, રાજ્ય, દેશ વગોવાય છે. મુદ્દો પ્રજા તરીકેની માનસિક્તાનો છે. જે પ્રજા ભક્તિ કરે છે, એ જ પ્રજાના કેટલાક હેવાનો બળાત્કાર પણ કરે છે ને આટલી સજા ને કાયદા છતાં ગુનાઓ અટકવાને બદલે વધે છે. નિર્ભયા કાંડ દિલ્હીમાં થયો, ત્યાંથી અટકવું જોઈતું હતું, પણ તેમ ન થયું. ટ્રેઈની ડૉક્ટર પર ભયંકર દુષ્કર્મ થયું ને તેની હત્યા થઈ. તે પછી કૈં ફેર પડ્યો ? ના, આચાર્યે દાહોદમાં ૬ વર્ષની બાળકીની હત્યા કરી. એ પછી પણ ગુનો અટક્યો નથી. યાદ રહે કે આ અપરાધ કરનારાઓ પાગલ નથી, ગામડાના નથી, શહેરના છે. મોટે ભાગે તો શિક્ષિતો છે. અભણ તો બિલકુલ નથી.

આઘાત લાગે એવી વાત એ છે કે હવે ઓફિસોમાં કે ઉપલા વર્ગોમાં દુષ્કર્મ કર્યા વગર પણ સ્ત્રીનો ઉપયોગ કરી શકાય છે. સ્ત્રીને એટલી લાચાર કરવામાં આવે કે તે સામેથી સમર્પણ કરે અથવા તો આત્મહત્યા કરી લે ને એવી તો કેટલીય ઘટનાઓની કોઈ નોંધ પણ નથી લેવાતી.

આવું એટલે પણ થાય છે કે હજી કેટલાક પુરૂષો, સ્ત્રીઓને ઊતરતી જ ગણે છે. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ- એવું માનનારા વર્ગમાં એ વખતે એટલી સંખ્યા દુષ્કર્મોની ન હતી, જેટલી આજે છે. એનો અર્થ એ થયો કે સ્ત્રી પગની જૂતી છે એવું માનનારો વર્ગ વિકસતો આવે છે. બધે જ વિકાસ થાય છે તો આયે શું કામ રહી જાય ? એટલું છે કે સમજ અને શિક્ષણ વધતાં સ્ત્રીઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધી છે. દબાયેલી, ચંપાયેલી રહેતી હતી તે સ્ત્રી સાધિકાર દરેક ક્ષેત્રમાં પ્રવેશી છે, એટલું જ નહીં, સફળતાનાં સોપાન સર કરતી આગળ વધી છે. આ સફળતા કેટલાક પુરૂષોથી જીરવાતી નથી. એક વર્ગ ઈચ્છે છે કે સ્ત્રી એડી નીચે જ રહે. શિક્ષિતોમાં સ્ત્રીઓનાં શોષણનો વધતો ઉપક્રમ એ ઈર્ષાને કારણે હોઈ શકે છે.

આવી ઈર્ષા હોય તો પણ કે દુષ્કર્મ દ્વારા સ્ત્રી પર આધિપત્ય ભોગવવાનું મનમાં હોય તો પણ, એમ કોઈ લાંબો સમય વશમાં રહે એ શક્ય જ નથી. સ્ત્રી સામ્રાજ્યને નહીં તેટલી, સ્નેહને વશ થાય છે. દુષ્કર્મથી તે જીતી શકાય કે શોષણથી કાબૂ કરી શકાય એવું જે કોઈ માનતું હોય તે ભીંત ભૂલે છે. કોઈ દેવીની ભક્તિ કરે ને ઘરની સ્ત્રીને એડીએ રાખે એથી બાવાના બેય બગડે છે. એમાં નથી ભક્તિ થતી, નથી તો સ્ત્રી વશમાં રહેતી. આવું માનનારો ને કરનારો બંનેમાં ખોટો છે. બધે જ આવું છે એવું નથી, સ્ત્રીનું માન જાળવનારા પુરૂષો છે જ, એવું કરવાથી એમને નુકસાન થયું હોય એવું પણ જણાતું નથી, તો પોતાના જેવા જ બીજા એક જીવને વખતોવખત ભાંડવાથી શું વળશે ? જો પુરૂષને અધિકાર જીવવાનો હોય તો સ્ત્રીને પણ હોય જ ને ! બંને એકબીજા વગર અધૂરા છે, તો બંને પ્રેમથી રહે એમાં શું નુકસાન છે તે નથી સમજાતું. એ ખરૂં કે સ્ત્રી પણ હવે તક મળે છે તો શોષણ કરે છે, તે પણ પતિની હત્યા સુધી પહોંચી છે, દહેજના ખોટા કેસો ઊભા કરી સાસરિયાંને જેલની હવા ખવડાવે છે. એમાં જે ખોટું છે તે તો છે જ, એનો બચાવ ન હોય. એમ લાગે છે કે આખી દુનિયાને અજંપા વગર ચાલતું નથી, એમ જ સ્ત્રી-પુરૂષને પણ શાંતિથી રહેવાનું ગમતું નથી ને દેખાડામાં જ જિંદગી પૂરી કરવી છે. એ પણ શક્ય છે ને એમાં શું મળી જશે તે તો સૌ જાણે જ છે, એટલે વધારે શું કહેવું ?

**મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩**
**ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com**

# 'અસ્થિર' ભારતીય અર્થવ્યવસ્થા માટે, હિંડનબર્ગ કે જ્યોર્જ સોરોસ નહીં પણ ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓની મિલીભગત જવાબદાર

**હિંડનબર્ગના અહેવાલ મુજબ, અદાણીના શેરોમાં શોર્ટ સેલીંગ (અગ્રિમ વેચાણ), તેમના દ્વારા કરવામાં આવેલા ખુલાસાને કારણે નહીં પરંતુ મિલીભગત અને શેરબજારમાં છલકપટને કારણે થયું હતું. જેણે રોકાણના વાતાવરણને બગાડ્યું છે**

અમેરિકામાં રહેલા શોર્ટ સેલર હિંડનબર્ગના અગાઉના રિસર્ચ રિપોર્ટમાં, જાન્યુઆરી ૨૦૨૩માં અદાણી જૂથની વ્યાપક નાણાકીય હેરાફેરીનો પર્દાફાશ કરાયો હતો. હાલ બહાર પાડેલા બીજો રિપોર્ટ પણ પહેલાના રિપોર્ટ સાથે જ સંબંધિત છે. આ રિપોર્ટ SEBI (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા)ના ચેરપર્સન માધબી પુરી બુચ અને અદાણી જૂથ વચ્ચેની સંભવિત મિલીભગત પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જૂન ૨૦૨૪માં સેબીએ ઈસ્યુ કરેલી કારણ દર્શક નોટિસમાં અદાણી જૂથની ગેરરીતિઓની તપાસ કરાઈ નથી. આ અહેવાલમાં સૂચક દસ્તાવેજી પુરાવા સાથે તેના મુદ્દાને સાબિત કરવા માટે તર્કસંગત કારણો પણ આપવામાં આવ્યા છે. જોકે, માધબી પુરીએ પોતાનો બચાવમાં સૂચવ્યું છે કે,

- વિદેશમાં રોકાણ કરાયેલાં નાણાં વિદેશના કામ કરવાથી થયેલી બચતમાંથી હતા.
- તેણીએ અદાણી કંપનીઓમાં કોઇ રોકાણ કર્યું નથી
- તેના તમામ નાણાકીય વ્યવહારો પારદર્શક છે.

આ તરફ, સેબી બોર્ડ, કેટલાક બ્રોકર્સ, રોકાણકારો, વકીલો અને અદાણી સહિતના કેટલાંક કોર્પોરેટ ચેરપર્સનના બચાવમાં આવી ગયા છે.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સાથે પાર્ટી નેતૃત્વની નિકટતાને લીધે શાસક પક્ષે પણ બચાવની ભૂમિકા તરીકે ઝંપલાવ્યુ છે. જો અદાણી દ્વારા કરવામાં આવેલ ગેરરીતિને મામલે સેબીના ચેરપર્સનની સંડોવણી સામે આવે તો હાલમાં નિષ્ક્રિય રહેલો મામલો ફરીથી ખુલશે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિએ અદાણી જૂથ સામેના અગાઉના આક્ષેપોમાં ક્લીનચીટ આપી હતી, જેના આધારે આક્ષેપોને દબાવી દેવામાં આવ્યા હતા. નાણાકીય જગતમાં કમજોર કડીઓનું પણ મહત્વની હોય છે, તે સમજવા માટે વ્યવસાયો દ્વારા કરવામાં આવતી નાણાકીય હેરાફેરીમાં સામેલ આંટીઘૂંટી અને ગોપનીયતા પ્રશંસાને પાત્ર છે.



**નાણાકીય સ્થાપત્યની અસ્પષ્ટતાને મદદ :-** બુચ અને અદાણી જૂથ વચ્ચે સંભવિત નબળા જોડાણનું સૂચન હિતોના સંઘર્ષનો નિર્દેશ કરે છે, જે અદાણી મામલામાં સેબીના પગલાંની વિશ્વસનીયતાને કમજોર પાડે છે. સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિએ તેના અવલોકનો મોટાભાગે સેબીના અવલોકનોના આધારે કર્યા હતા. તેઓ શંકાના દાયરામાં આવ્યા હોવાથી નિષ્ણાત સમિતિના અહેવાલની વિશ્વસનીયતા પણ ખરડાય છે. માધવી પુરી બૂચે અદાણી જૂથ સાથેના તેણીના જોડાણને સુપ્રીમ કોર્ટ અને લોકો સમક્ષ જાહેર કરીને, આ કેસમાંથી પોતાને અલગ કરી દેવાની જરૂર હતી. જો લિંક ભૂતકાળમાં અને તેણીની વ્યક્તિગત ક્ષમતામાં હોય તો પણ, તેણી સેબીમાં જોડાયા તે પહેલાં, અલગ કરી દેવા માટે કારણ હતું. છેવટે તો, સેબી પણ અપેક્ષા રાખે છે કે તે જે નાણાકીય સંસ્થાઓનું નિરીક્ષણ કરે છે તેના કડક ધોરણોનું પાલન કરે. 'સીઝરની પત્નીએ શંકાથી પર રહેવું જોઈએ' એવા સૂત્રને અનુસરીને, સેબીના વડાએ બેદાગ બનવાનું હતુ. આ જરૂરી છે કારણ કે, ફાઈનાન્સની દુનિયા તેની ગેરરીતીને છુપાવવા માટે આવી જટિલ સિસ્ટમો આકૃત કરે છે. હવાલા, શેલ કંપનીઓ, સ્તરીકરણ અને તાજેતરમાં ક્રિપ્ટો, આ હેતુ માટેના ઉપલબ્ધ માર્ગો છે.

નાણાની દુનિયામાં, ભૂતકાળની નબળી અને અસ્પષ્ટ કડીઓ ગુપ્તતાના પડદા પાછળ છુપાયેલા સંબંધો તરફ નિર્દેશ કરે છે જેનો ઉપયોગ વાસ્તવિક નાણાકીય સ્થિતિ અને કોઈપણ સંભવિત ગેરકાયદેસરતાને છુપાવવા માટે થાય છે.

સત્તાવાર તપાસને નિષ્ફળ બનાવીને તેને અસ્પષ્ટ કરવા માટે આંતરરાષ્ટ્રીય નાણાંકીય આર્કિટેક્ચર બનાવવામાં આવ્યું છે. ટેક્સ આવરણનો ઉપયોગ તેમના ન્યૂનતમ કર અને ગુપ્તતાના વચન બંને માટે થાય છે. તેથી, જો વળતર ઓછું હોય તો પણ, વેપારીઓને ખાતરી આપવામાં આવે છે કે તેઓ ક્યારેય પકડાશે નહીં. વિદેશમા પૈસા રાખનારા ભારતીયોના નામ ૮૭ દેશો સાથેના ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ્સ (DTAA) હેઠળ કે ૩૭ રાષ્ટ્રો સાથે ટેક્સ ઈન્ફોર્મેશન એક્સચેન્જ (TIE) સંધિઓ હેઠળ જાહેર કરવામાં આવ્યા નથી. લિક્ટેંસ્ટેઈન, યુબીએસ જીનીવા, બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, પેરેડાઈઝ અને પનામાથી, આ ટેક્સ આવરણમાંથી ચોરાયેલા ડેટામાંથી આવ્યા છે. બર્મુડા અથવા મોરેશિયસમાં સ્થિર કંપનીઓ અમૂકવાર ગેરકાયદેસર ભંડોળના ટ્રાન્સફર માટેની સાંકળનો એક ભાગ હોય છે. શંકાસ્પદ તો એ છે કે, સેબીના વડાં અને તેમના પતિ ધવલ બુચે, તેમની બચત એવી કંપનીમાં મૂકી હતી કે જેમાં વિનોદ અદાણી મુખ્ય થાપણદાર હતા. આવી કંપનીઓ તેમના મોટા થાપણદારોને નિયંત્રિત કરે છે અને તેનું સંચાલન ધવલ બુચનો મિત્ર કરે છે, જોકે આ સ્વચ્છ વ્યવસાયની ખાતરી નથી. આવી કંપનીમાં કરવામાં આવેલી થાપણ શક્તિશાળી લોકો સાથે સંબંધ બાંધીને ભવિષ્યમાં લાભ મેળવાના હેતુથી હોઈ શકે છે. તે કિસ્સામાં સેબીમાં નિમણૂક(ઓ) પહેલાં કરવામાં આવતી થાપણો નિરર્થક છે. આ કડીએ ભારતમાં ચાવીરૂપ નિમણૂકોમાં મદદ કરી હશે. આ બધાની સંપૂર્ણ તપાસની જરૂર છે.

**ક્રોનિઝમ :-** જાહેર ક્ષેત્રમાં કે ખાનગી ક્ષેત્રમાં ટોચની નિમણૂંકો માત્ર મેરિટ પર જ આધારિત હોતી નથી. નિમાયેલ વ્યક્તિની લવચીકતા અને જાણકારી (જ્ઞાન) કે તે વ્યક્તિ ફક્ત ટોચ પરના લોકોને નિમંત્રિત જ નહીં કરે પરંતુ ક્યારેક મુશ્કેલી ઊભી થાય ત્યારે સમસ્યાઓનું કારણ નહીં બને અને લોકોને પરેશાન નહીં કરે. આ નિર્ણાયક છે.

ખાસ કરીને નાણાકીય ક્ષેત્રમાં આ બાબતના જાહેર ક્ષેત્રના ટોચની નિમણૂંકો સાથે છે, અધ્યક્ષો અને નિર્દેશકો એવા વિશ્વાસુ લોકો હોય છે જેમની કરોડરજ્જુ સીધી હોતી નથી. જે વાસ્તવમાં, સિસ્ટમની સાથે રમત કરી જાણે તેવી કળાને આત્મસાત કરી હોય છે. આજે, પોતાનો સ્વાર્થ છોડીને, કાયદાના શાસનને પ્રાધાન્ય આપવાની પ્રામાણિકતા ધરાવતા લોકો બહુ ઓછા છે. આવી નોંધપાત્ર સ્વાયત્તતા ધરાવે તેવા લોકો નોકરિયાતશાહી અને ન્યાયતંત્રમાં મળવા મુશ્કેલ છે. અદાણી ગ્રૂપ ઓફ કંપનીઓ વર્તમાન શાસનમાં પ્રિય છે. આનાથી તેઓ નફાકારક મિલકતો હસ્તગત કરી શક્યા છે, સરળતાથી બેંક લોન મેળવી શક્યા છે અને નિર્ણાયક રીતે, પ્રથમ હિંડનબર્ગ રિપોર્ટમાં સૂચિબદ્ધ તેમની હેરાફેરીની તપાસ કરાઈ નથી. કેટલીક નાણાકીય સંસ્થાઓ દ્વારા છ મહિના અગાઉ ગંભીર ચેતવણી દાખવવામાં આવી હતી. ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ વચ્ચેની સાંઠગાંઠ અને મિલીભગત, તેમના લોકોને નાણાકીય સંસ્થાઓ અને અમલદારશાહીમાં મુખ્ય હોદ્દા પર રાખવા સક્ષમ બનાવે છે. જેના કારણે તેમને રક્ષણ મળી રહે છે.

**રાજકીય ચાલ :-** વિપક્ષે આ મામલે નિષ્પક્ષ તપાસ અને સંયુક્ત સંસદીય સમિતિની તપાસ બંનેની માંગ કરી છે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ આ માગણીઓનો ઉગ્ર વિરોધ કર્યો છે. વિપક્ષે તો એમ પણ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે નવા ખુલાસા અંગે સુઓ મોટો નોંધ લેવી જોઈએ કારણ કે બુચના ભૂતકાળમાં અદાણી જૂથ સાથે સંબંધો હતા તેથી સેબીનો અહેવાલ વાજબી ન પણ હોય. બુચે પણ સુપ્રીમ કોર્ટમાં આનો ઉલ્લેખ કર્યો નથી અને ન તો તેણે પોતાની જાતને આમાંથી અલગ રાખી છે. ન્યાયાધીશ બનતા પહેલા પક્ષકારોમાંથી એક પણ સાથે સંબંધ ધરાવતા હોય તો તેવા ન્યાયાધીશો કેસની સુનાવણીમાંથી પોતાને દૂર કરી લેતા હોય છે. અદાણી સામેના આક્ષેપો અને નેતૃત્વ સાથેના તેમના સંબંધોથી ધ્યાન હટાવવા માટે, શાસક પક્ષે કહ્યું છે કે, વિદેશી શક્તિઓ અને વિપક્ષો ભારતના વિશ્વ શક્તિ તરીકેના ઉદયને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સંદર્ભમાં તેઓ વારંવાર હંગેરિયન-અમેરિકન અબજોપતિ જ્યોર્જ સોરોસનું નામ લે છે. વાસ્તવિકતા એ છે કે, ભારત વિશ્વ આર્થિક રેંકિંગ અને લશ્કરી શક્તિ બંનેમાં અમેરિકા અને ચીન કરતાં ઘણું પાછળ છે. આપણે ટેક્નોલોજી અને વેપાર માટે તેમના પર ખૂબ નિર્ભર છીએ. વધુમાં, યુએસએ ચીનને નિષ્ફળ બનાવવા માટે ભારત સાથે વ્યૂહાત્મક ભાગીદારી બનાવી રહ્યું છે. તો, યુએસ શા માટે એવું ઈચ્છે કે સોરોસ ભારતને અસ્થિર કરે ? ચીનની વાત કરીયે તો વધુ નુકસાનકારક પાસું તેમની સાથે ૮૫ કરોડ $ની વેપાર ખાધ છે, જે તેમના પરની આપણી નિર્ભરતાને દર્શાવે છે. સ્પષ્ટપણે, જો અસ્થિરતા થાય છે, તો તે આંતરિક હશે અને બાહ્ય નહીં.

**શેરબજારમાં પ્રભાવ :-** જાન્યુઆરી ૨૦૨૩માં થયેલી ચાલાકીઓના ખુલાસાને પગલે ઘટસ્ફોટ થયો જેને કારણે શેરબજારને પ્રબળ અસર થઈ હતી. આગોતરૂં વેચાણ એ એક કાયદેસરની પ્રવૃત્તિ છે જે શેરના ભાવને તેમના સમતાપ મંડળના સ્તરોથી તેમના વાસ્તવિક મૂલ્ય સુધી નીચે લાવવામાં મદદ કરે છે. જોકે આને કારણે બજાર અસ્થિર થાય તે જરૂરી નથી. અદાણી કંપનીઓના ખૂબ ઊંચા પ્રાઈસ-ટુ-અર્નિંગ્સ (P/E) રેશિયોમાં અતિ-મૂલ્યાંકન સ્પષ્ટ હતું. સામાન્ય રીતે મોટાભાગની કંપનીઓ માટે આ ગુણોત્તર ૧૫ થી ૨૫ની રેન્જમાં હોય છે પરંતુ અદાણીની કેટલીક કંપનીઓ માટે આ ગુણોત્તર ૧૦૦ અને ૨૦૦ હતો. આવા ઊંચા ભાવવાળા શેરોને લીધે બજારોમાં ઘટાડાનું જોખમ ઊભું થાય છે. અદાણીના શેરના આ અસાધારણ ઊંચા મૂલ્યની સેબી દ્વારા તપાસ થવી જોઈતી હતી. હિન્ડેનબર્ગ દ્વારા અન્ય અનાકૃતમાં સંબંધિત પક્ષ રોકાણો અને જાહેર હોલ્ડિંગ અને વિદેશમાંથી આવતા ભંડોળના હતા. જાન્યુઆરી ૨૦૨૩માં ફોલો-ઓન પબ્લિક ઑફર (FPO)નું સબસ્ક્રિપ્શન પણ હેરાફેરી તરફ નિર્દેશ કરે છે. જ્યારે હિંડનબર્ગના ખુલાસા પછી, બજારમાં નીચા ભાવે શેર ઉપલબ્ધ હતો ત્યારે રોકાણકારો શા માટે FPOમાં સબ્સ્ક્રાઈબ કરેશે ? એફપીઓના છેલ્લા દિવસે મોટા ઉદ્યોગપતિઓ દ્વારા સમર્થનમાં અદાણી જૂથનો દબદબો જોવા મળ્યો હતો. ૨૦૨૩ની શરૂઆતમાં અદાણીના શેરના ભાવમાં ભારે ઘટાડા પછી રિકવરી એ નાણાકીય પ્રભાવનું બીજું ઉદાહરણ છે કેભંડોળની વ્યવસ્થા થઈ શકે છે. હવે, બીજા અહેવાલની શેરબજારમાં જૂજ અસર થઈ હતી. સંભવતઃ, જાહેર નાણાકીય સંસ્થાઓને પતનને ટેકો આપવા માટે કહેવામાં આવ્યું હતું. એવી દલીલ કરવામાં આવી છે કે શેરબજારમાં ઘટાડાથી રોકાણકારોને નુકસાન થાય છે અને વિદેશી રોકાણકારો દેશની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે. પરંતુ અયોગ્ય રીતે ઊંચુ મૂલ્યાંકન શેરબજારને જુગારનો અડ્ડો બનાવીને, નાના રોકાણકારો માટે જોખમી બનાવે છે. વસ્તીના ૧% કરતા ઓછા લોકો દ્વારા શેર બજાર નિયંત્રિત છે. જ્યારે બજાર વધે છે અને ઘટે છે ત્યારે તેઓ જ મોટા લાભકર્તા અને ગુમાવનારા હોય છે. શેરબજારમાં અયોગ્ય વધારો અર્થતંત્ર અને બેંક થાપણોમાં વાસ્તવિક રોકાણોને અસર કરે છે. જો ઝડપી રીતે ૨૦% વળતર મેળવી શકાય છે, તો શા માટે વાસ્તવિક ફેક્ટરીઓમાં રોકાણ કરવું જોઈએ કે જે નફો મેળવવામાં સમય લે છે ? આ જ કારણોસર, ૭% કમાણી કરતી બેંક થાપણો ફીકી પડી જાય છે. બેંકો થાપણો વધારવા માટે સંઘર્ષ કરતી હોવાથી, તેઓ ખાસ કરીને નાના રોકાણકારોને ધિરાણ ઓછું કરે છે. ૨૦૨૩-૨૪માં વિદેશી પ્રત્યક્ષ રોકાણનો અંદાજ કુલ રોકાણના ૫-૭% જેટલો છે અને તે મેક્રો (ઉપસર્ગ) અર્થતંત્ર માટે નિર્ણાયક નથી. તે આંતરિક રોકાણ છે જેને વધારવાની જરૂર છે પરંતુ તે ક્રોનિઝમ દ્વારા પાછું સેટ કરવામાં આવી રહ્યું છે. આના કારણે બળજબરીથી હસ્તગત થવાની ચિંતા કરતાં રોકાણકારોને ગભરાવી રહ્યું છે. પરિણામે, આવા લોકો રોકાણ કરવાને બદલે દેશ છોડી રહ્યા છે.

**સમાપન :-** હિન્ડેનબર્ગના અહેવાલ મુજબ અદાણીના શેરોમાં શોર્ટ સેલીંગ (અગ્રિમ વેચાણ), તેમના દ્વારા કરવામાં આવેલા ખુલાસાને કારણે નહીં પરંતુ મિલીભગત અને શેરબજારમાં છલકપટને કારણે થયું હતું. જેણે રોકાણના વાતાવરણને બગાડ્યું છે. અવૈધતા તરફ ધ્યાન દોરતા અહેવાલો બજારને સાફ કરવાની અને સ્વસ્થ ડગલા ભરવાની તક આપે છે. આ માટે સ્વચ્છ સ્લેટની જરૂર છે અને તે માટે સેબીના અધ્યક્ષે એક બાજુએ હટી જવું જોઈએ. બીજી અદાલતે નિર્દેશિત કરેલી તપાસમાં પાછલી વખત જેટલી જ મર્યાદા હશે. JPCએ શેરબજારોમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થાપત્ય, મિલીભગત અને કાવતરાંનો પર્દાફાશ કરવાની જરૂર છે. જ્યાં સુધી વિપક્ષ સંસદમાં અને બહાર બંને જગ્યાએ સખત દબાણ ન કરે ત્યાં સુધી સત્તાધારી પક્ષ JPC માટે સંમત થાય તેવી શક્યતા નથી. જ્યારે અગાઉના ત્રણ JPCsની ઓછી અસર હતી. જો હિંડનબર્ગના અહેવાલો અને તેમની ચિંતાના મુદ્દાઓ - બેરોજગારી, ફુગાવો અને અસમાનતા વચ્ચેની કડી જનતા સમજે તો આ વખતની JCP વધુ સફળ થઈ શકે છે.

**- અરૂણ કુમાર**
**(સૌ : ધ વાયર.ઈન)**

# ઉમ્મુલ મોમીનીન હઝરત સોદા બિંતે ઝમઅ (રદીઅલ્લાહુ અનહા)

(ઈસ ૫૬૬-૫૮૦ : ૬૭૪)

ઉમ્મુલ મોમીનીન (મોમીનોની માતા) હઝરત સોદા બિંતે ઝમઅ (બિન કૈસ બિન અબ્દે શમ્સ બિન અબ્દુદ) પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)સાહેબના બીજા પુનિત પત્ની હતા. એમનો વંશ આમિર બિન લુઈના પુત્ર હસલથી સંબંધ ધરાવતું હતું. આમિર, કા'બના ભાઈ હતા કા'બ બિન લુઈ હુઝુર (સ.અ.વ.) સાહેબના પૂર્વજોમાંથી હતા. ઉમ્મુલ મોમીનીન હઝરત સોદા રદી.ના માતા અસ શમુસ બિંતે કૈસ બિન ઉમર અન નજ્જારી હતા.

હઝરત સોદા રદી.ના પ્રથમ લગ્ન હઝરત અસસકરાન બિન અમ્ર રદી. સાથે થયા હતા. એમણે પતિ સાથે જ ઈસ્લામ સ્વીકાર્યો હતો અને એમની સાથે હબશા (ઈથિયોપિયા) તરફ

## પ્રભાવી વ્યક્તિત્વ

**- મુહમ્મદ સઈદ શેખ**

હિજરત કરી હતી. ઈબ્ને સા'દ એ અલ વાકદીથી રિવાયત કરી છે કે હઝરત સકરાન રદી બિન અમ્ર હબશાથી પાછા આવ્યા તો એમની સાથે એમના પત્ની હ.સોદા બિંતે ઝમઅ પણ હતા. હઝરત સકરાન રદી. કેટલાક દિવસો પછી મક્કા મુકર્રમામાં અને ઈબ્ને હઝમના કથન મુજબ હબશામાં મૃત્યુ પામ્યા હતા.

હઝરત સોદા રદી. નબુવ્વતના દસમાં વર્ષે હઝરત ખદીજા રદી.ના અવસાન પછી અને હ.આયશા સિદ્દીકા રદી.ની પહેલા હુઝુર (સ.અ.વ.) સાથે લગ્ન ગ્રંથિથી જોડાયા હતા.

હઝરત ખદીજા રદી.૧૦ રમઝાન ૧૦ નબવીમાં અવસાન પામ્યા. એમના અવસાન પછી હુઝુર (સ.અ.વ.) સાહેબના બાળકોની દેખરેખ રાખનાર કોઈ નહોતું. સંબંધીઓમાંથી હઝરત ઉસ્માન બિન મઝઉન રદી.ના પત્ની હ.ખોલા રદી.બિન હકીમે રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબ સમક્ષ આ વાત મૂકી કે આપ હઝરત સોદા બિન ઝમઅ રદી. સાથે લગ્ન કરી લો. આપ (સ.અ.વ.) સાહેબે મંજૂરી આપી તો એમણે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો. બધું નક્કી થઇ ગયા પછી હુઝુર (સ.અ.વ.)સાહેબ પોતે ત્યાં હાજર થયા તો હ.સોદા રદી.ના પિતાએ નિકાહ પઢાવ્યા. હુઝુર (સ.અ.વ.) સાહેબે એમને ૪૦૦ દિરહમ મહેર આપી હતી. એમને તરત રૂખ્સતી આપવામાં આવી જેથી બાળકોની, આપ (સ.અ.વ.) સાહેબની અને ઘરની દેખરેખ રાખી શકે.

આમ એમણે હુઝુર (સ.અ.વ.)સાહેબના બાળકો અને હ.અલી રદી. (એ વખતે તેઓ પણ નાના હતા, લગભગ ૯-૧૦ વર્ષના)નો ઉછેર કર્યો. એમના લગ્ન હિજરતથી લગભગ ત્રણ વર્ષ પહેલા થયા હતા. આમ તેમને લગભગ સાડા બાર વર્ષ સુધી આપ (સ.અ.વ.) સાહેબ સાથે રહેવાનું સદભાગ્ય સાંપડ્યું. એમના પ્રથમ લગ્ન હ. સકરાન રદી. સાથે થયા હતા. એમનાથી એમને એક પુત્ર હઝરત અબ્દુર રહમાન જન્મ્યા હતા, જેઓ જલુલાના યુદ્ધમાં શહીદ થઇ ગયા હતા. એમની કૂખે હુઝુર (સ.અ.વ.) સાહેબને કોઈ સંતાન નહોતું. પુનીત પત્નીઓમાં હઝરત સોદા રદી. ઊંચા અને ભરાવદાર શરીર ધરાવતા હતા. હુઝુર (સ.અ.વ.) સાહેબે હઝરત સોદા રદી.ના જીવન નિર્વાહ માટે એવી વ્યવસ્થા કરી હતી કે ખૈબરમાંથી ૮૦ વસક ખજૂર અને ૨૦ વસક જવ કે ઘઉં મળતા હતા. પોતાના ભરાવદાર શરીરને લીધે તેઓ ધીમે ચાલતા હતા એથી એમણે હજ વખતે હુઝુર (સ.અ.વ.) સાહેબથી મંજૂરી લીધી હતી કે મુજદલીફા વહેલા પહોંચી જાય જેથી હાજીઓની ભીડથી બચી શકાય.

હજ્જતુલ વિદાઅ પછી હુઝુર (સ.અ.વ.) સાહેબે પોતાની પત્નીઓને આદેશ આપ્યો હતો કે તેઓ અલ્લાહના હુકમથી ઘરમાં રહે (કુર્આન : ૩૩ઃ૩૩).તેથી હુઝુર (સ.અ.વ.)સાહેબે આ દુનિયાથી પડદો કરી લીધો તો હઝરત સોદા રદી. અને હઝરત ઝૈનબ બિંતે જહશ રદી. ઘરમાં જ રહેતા હતા તેઓ કહેતા કે અમે નબી (સ.અ.વ.) સાહેબ સાથે હજ અને ઉમરાહ કરી લીધા છે તેથી તેઓ અલ્લાહના આદેશને માન આપી ઘરમાં જ રહેશે.

તેઓ ખૂબ સખી અને ઉદાર હતા. એક વખતે હઝરત ઉમર રદી.એ એમની પાસે દિરહમ ભરેલી એક થેલી મોકલી. આપે લાવનાર માણસથી પૂછ્યું આમાં શું છે ? એ બોલ્યો દિરહમ. એમણે કહ્યું : ખજૂરની જેમ થેલીમાં દિરહમ મોકલવામાં આવે છે ? એ પછી એમણે દાસીને બોલાવીને આદેશ આપ્યો કે ગરીબ અને જરૂરતમંદ લોકોમાં વહેંચી દેવામાં આવે. (ઈબ્ને સા'દ) તાઈફમાંથી એમને ચામડાની આવક પણ થતી હતી જેને તેઓ સદકાર્યોમાં ખર્ચ કરી દેતા હતા. એમણે પત્ની તરીકેનો પોતાનો વારો હઝરત આયશા રદી.ને આપી દીધો હતો. એમનાથી કેટલીક સહીહ હદીસોની રિવાયત પણ મળી છે.

જ્ઞાન અને શિષ્ટાચારની ઉચ્ચતાનો અંદાજો આ બાબતથી મળે છે કે હઝરત આયશા સિદ્દીકા રદી. કહેતા કે 'હઝરત સોદા રદી. સિવાય કોઈ બીજી સ્ત્રીને જોઇને મને આ વિચાર નથી આવ્યો કે એમના હૃદયમાં મારી આત્મા (કે પ્રાણ) હોત.'

હઝરત સોદા રદી.નું અવસાન મદીના શરીફમાં શવ્વાલ હિસ.૫૪/સપ્ટેમ્બર-ઓક્ટોબર ૬૭૪માં થયું હતું. એમને જન્નતુલ બકીઅમાં દફનાવવામાં આવ્યા.

**Email. :-msaeed181@gmail.com**
**(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)**

**(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)**

# ‘કોમી હુલ્લડોની સ્ક્રિપ્ટ...પણ દલિતો લક્ષ્યાંક’: ભીમા કોરેગાંવ ‘મિથક’ અને મીડિયા અંગે લેખક એજાઝ અશરફ

સત્તાવાર ઈતિહાસથી લઈને લોકપ્રિય સંસ્કૃતિ સુધી ભૂતકાળના પુનઃનિર્માણમાં હિંદુત્વનું રોકાણ છેલ્લા દાયકામાં ખૂબ જ દેખાઈ રહ્યું છે અને ઈતિહાસ પર આધિપત્ય જમાવવાના આ પ્રયાસે ભીમા કોરેગાંવની લડાઈ સાથે જોડાયેલા નવા મુખ્ય બિંદુ ખોલ્યા છે. ૨૦૧૮ સુધી લડાઈ મોટે ભાગે મહારાષ્ટ્રના દલિતો દ્વારા સમાનતા માટેના તેમના સંઘર્ષમાં ઉજવવામાં આવતી વાર્તા હતી. પરંતુ પુણે જિલ્લામાં ઘટનાની ૨૦૦મી વર્ષગાંઠ નિમિત્તે થયેલી હિંસાને કારણે ૧૬ જાહેર બૌદ્ધિકો અને કાર્યકરો સામે કેસ દાખલ થયો જેમાંથી આઠ હજુ પણ જેલમાં બંધ છે અને એકનું કસ્ટડીમાં મૃત્યુ થયું છે. જ્યારે ટ્રાયલ હજુ શરૂ થવાની બાકી છે ત્યારે મુખ્યપ્રવાહના મીડિયાના વિભાગોએ હિંદુત્વના કાવતરાના સિદ્ધાંતોને વિસ્તૃત કરવા માટે - ફરિયાદી પક્ષના કેસમાં ફાંટાથી લઈને આ કેદીઓના મૂળભૂત અધિકારો સુધીના તમામ દબાણયુક્ત પ્રશ્નોને ડૂબાડી દીધા છે. તેમના નવા પુસ્તક ‘ભીમા કોરેગાંવ : ચેલેન્જિંગ કાસ્ટ’માં વરિષ્ઠ પત્રકાર એજાઝ અશરફે તે હિંસા, આ કાર્યકર્તાઓ અને તેમના પરિવારોના સંઘર્ષ, કાવતરાના સિદ્ધાંતોમાં રહેલી છટકબારીઓ અને મહારાષ્ટ્રના વિવાદાસ્પદ જાતિ ઈતિહાસની ઝીણવટભરી વિગતો રજૂ કરી છે. પેશવા શાસનથી સુધારાવાદી પ્રયાસો સુધી. તેમના પોતાના સંશોધન સહિત પુરાવા, તેમણે ૧૭ પ્રકરણોથી વધુ પુસ્તકમાં રજૂ કર્યા છે, જે હિંદુત્વે વંશવેલો ક્રમાંકિત જાતિઓને એક કરી નાખ્યા હોવાના હાસ્યાસ્પદ દાવાને તોડી નાખે છે.

**લેખકના ઘરે ન્યૂઝલોન્ડ્રી સાથેની વાતચીતના અંશો :** અલ્ટ્રાનેશનલવાદીઓ ૧૮૧૮ના ભીમા કોરેગાંવના યુદ્ધની ઉજવણીને બ્રિટિશ શાસનના મહિમા તરીકે જુએ છે. દલિતો તેને બ્રાહ્મણવાદી દમન સામેની જીત તરીકે જુએ છે. યુદ્ધને કયા ચશ્માથી જોવું જોઈએ? મને લાગે છે કે તમારે કોઈપણ ઐતિહાસિક ઘટના તમારા માટે ઉપલબ્ધ છે તેટલા ચશ્મા દ્વારા જોવી જોઈએ. ભૂતકાળને જોવાની કોઈ એક રીત નથી. અલ્ટ્રાનેશનલવાદીઓ અથવા હિન્દુત્વના અનુયાયીઓ કહે છે કે ૧૮૧૮ના ભીમા કોરેગાંવના યુદ્ધની ઉજવણી કરવી તે રાષ્ટ્ર વિરોધી છે કારણ કે તેના પરિણામે ભારતીય શાસક પેશવા બાજી રાવ II પર બ્રિટિશ ભારતીય સેના જે એક વિદેશી શક્તિ હતી તેનો વિજય થયો હતો. તેઓ માની રહ્યા છે કે એક રાષ્ટ્ર તરીકે ભારતનો વિચાર ત્યારે અસ્તિત્વમાં હતો. આ વાત સાચી નથી. પેશવા બાજીરાવ બીજા ભારત માટે લડતા ન હતા. તે પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે લડી રહ્યા હતા.

બીજી બાજુ, અંગ્રેજોએ મહાડોને આઝાદ કરવા માટે આ યુદ્ધ નથી ચલાવ્યું. તેઓ ભારતમાં તેમના સામ્રાજ્યને વિસ્તારવા માટે યુદ્ધ લડ્યા હતા. હા, મહાડોએ બ્રિટિશ ભારતીય સૈન્યના નોંધપાત્ર વિભાગની રચના કરી હતી. હા, તેઓ બહાદુરીથી લડ્યા હતા. તેમાંથી બાવીસ યુદ્ધના મેદાનમાં મૃત્યુ પામ્યા. પરંતુ ભીમા કોરેગાંવની લડાઈને પેશવાના દમનકારી બ્રાહ્મણવાદી શાસનમાંથી મહાડોની મુક્તિ માટેની લડાઈ તરીકે જોવા માટે એ ભૂતકાળની પૌરાણિક કથાઓનું ઉદાહરણ છે.

